MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૦૬-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 અમેરિક પર અધધધ દેવું: ૨૦૦૮ કરતાં ય કારમી મંદીના એંધાણ

5 દારૂ ખરીદી રહેલી મહિલાઓ પર રામગોપાલ વર્માની ટીપ્પણીનો સોના મોહપાત્રા કર્યો વિરોધ

11 સુરત કલેક્ટર કચેરીના ત્રીજા માળે રેકોર્ડ રૂમમાં આગ લગતા અગત્યના દસ્તાવેજો થયા ખાખ

12 અંતિમ મહિલા દર્દી સ્વસ્થ થતા રજા અપાઈ : નર્મદા જિલ્લામાં હવે એક પણ કોરોના દર્દી નથી

કોરોના સંકટ યથાવત્: નવા ૩૯૦૦ કેસ ઉમેરાતા આંકડો ૪૬ હજારને પાર

ચિંતાજનક: કોરોનાથી ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૯૫ના મોત

દેશમાં કુલ મૃત્યુઆંક ૧૫૬૮એ પહોંચ્યો, ૧૨ હજારથી વધુ લોકોએ કોરોનાને મ્હાત આપી: લૉકડાઉન છતાં કેસો વધતાં સરકારની ચિંતામાં વધારો, દારૂના બદલે સેનેટાઈઝર પી જવાથી બે લોકોના મોત, ફસાયેલા શ્રમિકો માટે વધુ ટ્રેનો દોડાવાઈ

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ ફેલાવવાની શરૂઆત થયાં બાદ છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૩૯૦૦ એટલે કે લગભગ ૪ હજાર પોઝીટીવ કેસો નોંધાયા છે અને છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૯૫ લોકોના મોત કોરોનાથી થયાં છે. દર કલાક મુજબ જોઈએ તે છેલ્લાં ૨૪ કલાકમાં પ્રતિ કલાકે ૮થી ૯ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે રાહત સમાન બાબત એ પણ છે કે અત્યારસુધીમાં ૧૨ હજાર કરતાં વધુ લોકો કોરોનેને હરાવીને સાજા પણ થયાં છે. કોરોનાન લોકડાઉનમાં ફસાયેલા શ્રમિકો માટે આજે પણ ખાસ ટ્રેનો દાડાવવામાં આવી હતી. દારૂની દુકાનો ખુલી ગઈ હોવા છતાં ગાઝિયાબાદમાં દારૂના બદલે સેનેટાઈઝર પી જવાથી બે લોકોના મોત થયા છે. દિલ્લી સરકારે આજથી દારૂ પર 'સ્પેશિયલ કોરોના ફી' લગાવી છે. આ ફી MRP પર ૭૦% લાગશે. પરિણામે દિલ્હીમાં શરાબ મોંઘી બની હોવા છતાં દારૂ ખરીદનારાઓની ૩-૩ કિ.મી. લાંબી લાઈનો જોવા મળી હતી.

દેશમાં અત્યાર સુધી ૪૬,૪૩૭ લોકો સંક્રમિત થયા છે અને ૧,૫૬૮ લોકોના મોત થયા છે. સાથે જ સમગ્ર દેશમાં ૧૨,૮૪૭ લોકો સાજા થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૫૪૧ થઈ ગઈ છે. બીજા નંબરે ગુજરાતમાં દર્દીઓનો આંકડો પાંચ હજારને પાર થઈ ગયો છે. રાજધાની દિલ્હી હાલ ૪,૮૯૮ સંક્રમિતો સાથે ત્રીજા નંબરે છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર પાસેથી મળેલી માહિતી પ્રમાણે છે.

લોકડાઉન વચ્ચે ગુજરાતથી બીજા રાજ્યોના ૧૨૦૮ મજૂરોને લઈને નિકળેલી ટ્રેન મુઝફ્ફરપુર પહોંચી ગઈ છે દિલ્હીમાં અર્ધસૈનિક બળમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૫૦ને પાર થઈ તો રાજસ્થાનના નાગૌરથી ઝારખંડના ૯૦૫ મજૂર બરકાકાના સ્ટેશન પહોંચ્યા હતા. ગાઝિયાબાદમાં દારૂના બદલે સેનેટાઈઝર પી જવાથી બે લોકોના મોત થયા છે

દરમ્યાનમાં, આરોગ્ય વિભાગના જણાવ્યાં પ્રમાણે, ભારતમાં કોરોના વાયરસના પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૪૬૪૩૩ થઈ ગઈ છે. જયારે આ મહામારીથી અત્યાર સુધીમાં ૧૫૬૮ લોકોના મોત થયા છે. કુલ ૪૬૪૩૩ કેસોમાં ૩૨૧૩૪ સક્રિય કેસ છે, ૧૫૬૮ જણાંના મોત થયા છે., ૧૨૭૨૭ સાજા થયા છે. અને છેલ્લા ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધારે એવા ૩૯૦૦ નવા કેસ સામે આવ્યા છે તો બીજી તરફ છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૯૫ લોકો કોરોનાથી માર્યા ગયા છે. ગઈકાલે સોમવારે ૮૩ જણાંના મોત થયા હતા. ભારતમાં કોરોનાના મામલા વધીને ૪૬૪૩૩ થઈ ગયા છે. અત્યાર સુધી ૧૫૬૮ લોકોના જીવ ચાલ્યા ગયા છે. રાહતની વાત એ છે કે ૧૨૭૨૭ લોકો ઠીક થઈ ઘરે પહોંચી ગયા છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ

અનુસંધાન પાના નં. ૬

કાશ્મીર ઘાટીના કવરેજ માટે ૩ ભારતીય ફોટોગ્રાફર્સને પુલિત્ઝર પુરસ્કાર મળ્યો

કાશ્મીરમાં કલમ ૩૭૦ હટ્યા બાદના જનજીવન, પ્રદર્શન, પોલીસ અને સૈન્યની તસવીરો બદલ પુરસ્કાર મળ્યો

ન્યુ દિલ્હી

ભારતના ત્રણ ફોટોગ્રાફરને પ્રતિષ્ઠિત પુલિત્ઝર પુરસ્કાર મળ્યો છે. ખાસ વાત એ છે કે આ ત્રણે ફોટોગ્રાફર જમ્મુ કાશ્મીરના નિવાસી છે. ગયા વર્ષે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કર્યા બાદની પરિસ્થિતિને કેમેરામાં કેદ કરવા બદલ યાસીન ડાર, મુખ્તાર ખાન અને ચન્ની આનંદને પુલિત્ઝર ફીચર ફોટોગ્રાફી એવોર્ડ મળ્યો છે. આ ત્રણે લોકો ન્યૂઝ એજન્સી એપી(એસોસિએટેડ પ્રેસ) માટે કામ કરે છે.

યાસિન અને મુખ્તાર બંને શ્રીનગરમાં રહે છે, જયારે આનંદ જમ્મુ જિલ્લામાં રહે છે. ગયા વર્ષે પાંચ ઓગષ્ટના રોજ ભારત સરકારે જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર કરી અને આખા રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં વહેંચી દીધું. ત્યારબાદ ત્યાં મહિનાઓ સુધી કર્ફ્યુ લાગેલો રહ્યો અને ટેલિફોનની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ઉપર પણ પ્રતિબંધ હતો. આ ત્રણે ફોટોગ્રાફરોએ કાશ્મીર

અનુસંધાન પાના નં. ૬

નોબેલ વિજેતા અભિજીત બેનર્જીએ અર્થતંત્રને સુધારવાનો મંત્ર આપ્યો

દેશને આર્થિક પેકેજની જરૂર, જનતાનું દેવું માફ કરવામાં આવે: અભિજીત બેનર્જી

દેશની ૬૦ ટકા વસ્તીના હાથમાં પૈસા પહોંચાડવા પડશે, રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ, આપણે જીડીપીના ૧% પેકેજની વાતો કરીએ છીએ ત્યાં અમેરિકાએ ૧૦% આપ્યું છે

ન્યુ દિલ્હી

જાણીતા અર્થશાસ્ત્રી અને નોબેલ પારિતોષિક વિજેતા અભિજીત બેનર્જીએ કોરોના મહામારીથી ભારતના અર્થતંત્રને લોકડાઉનથી પડી રહેલી મુશ્કેલીઓના ઉપાય તરીકે દેશની મોટી વસ્તીના હાથમાં રોકડા પૈસા આપવાનો ઉપાય દર્શાવ્યો છે. જેથી રોકડ રકમ હાથમાં આવતાં લોકોની ખરીદશક્તિ વધતાં બજારમાં ખરીદી વધશે અને અર્થતંત્રની આકી ચેઈન કે જે કોરોનાથી તૂટી ગઈ છે તે ફરીથી ધમધમશે, લોકોને લોકડાઉનમાં ખાવાનું મળતું નથી, તેના ઉપાય તરીકે તેમણે એવો રસ્તો સૂચવ્યો છે કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ. જેથી તેને અનાજ વગેરે. મળી શકે. તેમણે ખેડૂતોનું દેવું માફ કરવાની સખત જરૂર હોવાનો મત પણ દર્શાવ્યો હતો. તેઓ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા લોકડાઉનમાંથી ભારતને ઉગારવાના પ્રયાસ રૂપે જાણીતી હસ્તિઓની સાથે વાતચીત કરીને તેમના વિચારો સરકાર અને પ્રજા સમક્ષ મૂકી રહ્યાં છે.

કોરોના મહામારીનો માર ઝીલી રહેલા દેશના અર્થતંત્રને પાટા પર લાવવા માટે સરકારને દેશની એક મોટી વસતી પાસે પૈસા પહોંચાડવા પડશે. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અભિજીત બેનર્જીએ મંગળવારના રોજ કહ્યું કે કોરોના સંકટનો માર ઝીલી રહેલા અર્થતંત્રને પાટા પર લાવવા માટે દેશની વસતીના એક મોટા હિસ્સાના હાથમાં એટલે કે લગભગ ૬૦ ટકા વસ્તીના હાથમાં પૈસા પહોંચાડવા પડશે. રાહુલ ગાંધી સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી

અનુસંધાન પાના નં. ૬

સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવા બદલ ૧૬ વર્ષની જેલ અને ૭૪ કોરડાની સજા

તહેરાન

ઈરાનની સરકાર રૂઢિચુસ્ત જીવન શૈલી માટે હંમેશા ચર્ચામાં રહે છે. અહીંયા લોકો પર જાત જાતના નિયંત્રણો છે. આપણે ત્યાં લોકો કલાકો સોશ્યલ મીડિયા પર વીતાવે છે અને જાતના જાતના ફોટો તેમજ પોસ્ટ લખે છે પણ ઈરાનમાં સોશ્યલ મીડિયા પર પ્રભાવ ધરાવતા અહમદ મોઈન શિરાજી તથા તેમની પત્ની શબનમને ઈરાનની એક કોર્ટે ૧૬ વર્ષની જેલની અને ૭૪ કોરડા ફટકારવાની સજા આપી છે.

જોકે આ કપલ ઈરાન છોડીને ૨૦૧૯માં જ તુર્કી જતુ રહ્યુ હતુ. તેમની ગેરહાજરીમાં તેમને આ સજા કરાઈ છે. તેમના બે બાળકો ણ તેમની સાથે જ છે. તેમના પર સરકાર વિરોધી પોસ્ટ મુકવાનો આરોપ છે. દરમિયાન તુર્કીમાં રહેતા શિરાજીએ કહ્યુ હતુ કે, અમારી પૂછપરછ કરનારાઓએ મારી પત્નીને હિજાબ વગરની પોસ્ટ મુકવા સામે જે તે સમયે ચેતવણી પણ આપી હતી. ઈરાનની કોર્ટ કોઈ પણ રીતે અમને ગુનેગાર સાબિત કરાવ માંગતી હતી. જેના કારણે અમારે ઈરાન છોડવુ પડ્યુ હતુ. જોકે શિરાજીએ કહ્યુ હતુ કે, મને મારા વકીલ થકી સજાની ખબર પડી છે પરંતુ ઉપરની કોર્ટમાં અમે ચુકાદા સામે અપીલ કરીશું. શિરાજીના અને તેની પત્નીના સોશ્યલ મીડિયા પર ૧૫ લાખ જેટલા ફોલોઅર્સ છે.

૨.૦૬ પૈસા પર યુનિટ હતો જેનો ભાવ ૧.૯૦ પૈસા કરવામાં આવ્યો

રૂપાણી સરકારે ૩ મહિના માટે ફ્યુઅલ સરચાર્ઝમાં પ્રતિ યુનિટ ૧૬ પૈસાનો કર્યો ઘટાડો

૧.૩૦ કરોડથી વધુ ગ્રાહકો ને રૂપિયા ૩૧૦ કરોડની રાહત

ગાંધીનગર

ગુજરાતના ઉર્જામંત્રી સૌરભ પટેલે આજે જણાવ્યું હતુ કે, રાજયમાં વીજગ્રાહકોના હિતમાં મુખ્યમંત્રી રૂપાણી દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રૂા. ૩૧૦ કરોડનો લાભ વીજવપરાશ કરતા ગ્રાહોકને મળશે. વીજખરીદી ઓછી થતા વીજકંપનીઓએ ગ્રાહકો માટે ફ્યુઅલ સરચાર્જ ઘટાડ્યો છે. આજે રાજયના ઉર્જામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતુ કે, ગુજરાતના વીજગ્રાહકોના હિતમાં સીએમ રૂપાણીએ એક મહત્વનો નિર્ણય લીધો છે. વીજ કંપનીઓએ ગ્રાહકો પાસેથી લેવાતો ફ્યુઅલ સરચાર્જ ઘટાડ્યો છે. ફ્યુઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ ૧૬ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. એપ્રિલ, મે, જૂનના ૩ મહિનાની માટે ફ્યુઅલ સરચાર્ઝમાં ઘટાડો કરવામાં આવ્યો છે જેને કારણે ગ્રાહકોને લાભ થશે. વીજ વપરાશ કર્તા ગ્રાહકો પાસેથી વીજ બિલમાં એનર્જી ચાર્જ ઉપરાંત ફ્યુઅલ સરચાર્જ લેવામાં આવે છે આ ફ્યુઅલ સરચાર્જ ની વસુલાત ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ ફોર્મ્યુલા ના આધારે વસૂલવામાં આવે છે.

પાછલા ત્રિમાસિક ગાળા દરમિયાન એટલેકે જાન્યુઆરી ૨૦૨૦થી માર્ચ ૨૦૨૦ દરમિયાન ફ્યુઅલ સર ચાર્જની વસુલાત પ્રતિ યુનિટ રૂ ૨.૦૬ પૈસા લેખે વસૂલાતો હતો તેની સામે એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦ના ત્રિમાસિક ગાળા દરમિયાન ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટ રૂપિયા ૧.૯૦ના દરે વસૂલવાનો થાય છે આમ ગત ત્રિમાસિક ગાળા કરતાં આ

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



તિરુવનંતપુરમ પ્રસંત નગરમાં અલ્લૂર શિવપાર્વતી નામનો હાથી, તેના શેડ પર ઉનાળાના દિવસમાં સ્નાન કરે છે.

આ વર્ષે ૩૭ ટ્રિલિયન ડોલર રાજકોષીય ખાધ રહેવાનું અનુમાન

અમેરિકે પર અધધધ દેવું: ૨૦૦૮ કરતાં ય કારમી મંદીના એંધાણ

વૉશિંગ્ટન

કોરોના સંક્રમણે વિશ્વના સૌથી મજબૂત અર્થતંત્ર અમેરિકાની હાલત કફોડી કરી દીધી છે. લોકડાઉન અને અન્ય ખર્ચ પછી અમેરિકાની હાલત એવી છે કે હવે એને ૩૦ ટ્રિલિયન ડોલરનું ઋણ કરવું પડશે. એની સાથે અમેરિકી સરકાર પર દેવું વધીને ૨૫૦ ટ્રિલિયન ડોલરથી પણ વધુ થઈ ગયું છે. આ અત્યાર સુધીમાં કોઈ પણ ત્રિમાસિક ગાળામાં સરકાર દ્વારા કરવામાં આવેલાં ઋણથી પાંચ ગણું વધુ છે. વિશ્લેષકોનું માનવું છે કે દેવાંની રકમ જોઈને લાગે છે કે સ્થિતિ હવે ૨૦૦૮ની મંદી કરતાં પણ ખરાબ છે.

વર્ષ ૨૦૧૯માં અમેરિકાએ ૧૨.૮ ખર્વ ડોલરનું દેવું લીધું હતું. કોરોના સંક્રમણને લીધે દેશની આરોગ્ય વ્યવસ્થા સંપૂર્ણ રીતે કથળી ગઈ છે. જેથી હેલ્થ સેક્ટર માટે ૩૦ ટ્રિલિયન ડોલરના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. આ રાહત પેકેજ અમેરિકાના અર્થતંત્રના ૧૪ ટકા છે. કોરોનાને લીધે ટેક્સ લેવાની તારીખને ૧૫ એપ્રિલથી આગળ વધારવી પડી, જેથી સરકારે પાસે દેવાં લેવા સિવાય કોઈ રસ્તો રહ્યો નહીં. જોકે અમેરિકી અર્થતંત્ર કોરોના સંકટ પહેલાં પણ દેવાંમાં ડૂબેલી હતી. આ વર્ષે ૩૭ ટ્રિલિયન ડોલર રાજકોષીય ખાધ રહેવાનું અનુમાન હતું. આ અમેરિકી GDPના ૧૦૦ ટકા હતી.

ટ્રમ્પે લોકોના જીવ જોખમમાં મૂક્યા પહેલાં આર્થિક કામકાજ પુનઃ શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે લોકડાઉન ધીમે-ધીમે ખોલવા સાથે લોકોને સુરક્ષિત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકોની ચિંતા બીમાર પડી જવાની છે, જ્યારે અન્ય લોકો નોકરી અને અર્થોપાર્જન જવાની આશંકાથી ભયભીત છે. તેમણે કહ્યું હતું કે અર્થતંત્રને સુરક્ષિત રીતે ખોલવું છે, પણ જેમ બને એટલું જલદી. અમેરિકાના કેન્દ્રીય બેંકના અધ્યક્ષ જેરોમ પોવેલે કહ્યું હતું કે અર્થતંત્રને સંભાળવા માટે આ સમય ખર્ચ કરવાની જરૂર છે, કેમ કે લોકડાઉને ત્રણ કરોડ લોકોની નોકરીઓ છીનવી લીધી છે. અહેવાલ મુજબ પાછલા સપ્તાહે ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓએ ચીનથી મળનારી લોનને રદ કરવાની વાત કરી હતી. જોકે ટ્રમ્પ આ વિચારથી સંમત નથી. પ્રિન્સટન યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને લોકનીતિના પ્રોફેસર એલન બ્લાઈન્ડરએ જણાવ્યું હતું કે સતત ઓછા વ્યાજદરને કારણે રોકાણકારોનો રસ અમેરિકાને દેવાં આપવામાં છે.

રોજ સરેરાશ ૩૦૦૦ લોકો મોતને ભેટશે

અમેરિકામાં જૂન મહિનાથી રોજ બે લાખ કોરોનાના દર્દીઓ ઉમેરાશે: અભ્યાસ

વૉશિંગ્ટન

કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત અમેરિકામાં લોકડાઉનમાં હવે ઢીલ મુકવાનુ શરુ કરાયુ છે ત્યાં જ ટ્રમ્પ સરકારના એક આંતરિક રિપોર્ટે તમામની ઉંઘ ઉડાડી દીધી છે.

અમેરિકાના અખબારના અહેવાલ પ્રમાણે આ રિપોર્ટમાં કહેવાયુ છે કે, અમેરિકામાં એક જુન સુધીમાં રોજ ૩૦૦૦ લોકો કોરોનાના કારણે મોતને ભેટવા માંડશે. હાલમાં આ સંખ્યા સરેરાશ ૧૭૫૦ની છે. ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના રિપોર્ટમાં કહેવાયુ છે કે, હાલમાં રોજ ૨૫૦૦૦ કેસ નોંધાઈ રહ્યા છે.જે વધીને જુનમાં રોજના ૨ લાખ પર પહોંચી જશે.યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનનુ અનુમાન છે કે, ઓગષ્ટની શરુઆત સુધીમાં મરનારાની સંખ્યા ૧.૩૫ લાખ સુધી પહોંચી જશે.૪ મે સુધીમાં અમેરિકામાં ૬૯૦૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે.

જોકે કોરોનાના કહેર વચ્ચે પણ ૧૧ મેસુધી અમેરિકાના ૩૧ રાજ્યોમાં લોકડાઉનના નિયમોમાં ઢીલ મુકવામાં આવે તેવી શક્યતા છે.આ સંજોગોમાં કોરોનાનો પ્રસાર વધારે થશે તેવો પણ ડર છે.

બે સપ્તાહ પહેલા ટ્રમ્પે પોતે કહ્યુ હતુ કે, અમેરિકામાં કોરોનાના કારણે એક લાખના મોતનો અંદાજો ખોટો પડશે અને તેના કરતા ઓછા મોત થશે.જોકે આ નવા રિપોર્ટ અંગે વ્હાઈટ હાઉસનુ કહેવુ છે કે, આ પ્રોજેક્શનની બરાબર તપાસ કરવામાં આવી નથી.

કોરોના વાયરસની રસી બનાવી લીધાનો ઇઝરાયલના રક્ષામંત્રીનો દાવો

જેરુસલેમ

ઇઝરયલના રક્ષા મંત્રી નફતાલી બેન્નટે જબરદસ્ત મોટો દાવો કર્યો કે દેશના ડિફેન્સ બાયોલોજીકલ ઇન્સ્ટિટ્યુટે કોરોના વાયરસની રસી બનાવી દીધી છે. તેમણે કહ્યું કે ઇન્સ્ટિટ્યુટે કોરોના વાયરસના એન્ટીબોડીને તૈયાર કરવામાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે. રક્ષા મંત્રી બેન્નેટે કહ્યું કે કોરોના વાયરસ વેક્સીનના વિકાસનો તબક્કો હવે પૂરો થઇ ગયો છે અને રિસર્ચર્સ તેની પેટન્ટ અને મોટાપાયે ઉત્પાદન માટે તૈયારી કરી રહ્યા છે.

ઇઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયની અંતર્ગત ચાલતી ખૂબ જ ગોપનીય ઇઝરાયલ ઇન્સ્ટિટ્યૂટ ફોર બાયોલોજીકલ રિસર્ચની મુલાકાત બાદ બેન્નેટે આ જાહેરાત કરી. રક્ષા મંત્રીના મતે આ એન્ટીબોડી મોનોક્લોનલ રીતથી કોરોના વાયરસ પર હુમલો કરે છે અને બીમાર લોકોના શરીરની અંદર જ કોરોના વાયરસનો ખાત્મો કરી દે છે.

નિવેદનમાં કહ્યું છે કે કોરોના વાયરસની રસીના વિકાસનો તબક્કો પૂરો થઇ ગયો છે. ડિફેન્સ ઇન્સ્ટિટ્યૂટ હવે આ રસીની પેટન્ટ કરવાની પ્રક્રિયામાં છે. તેના આગળના તબક્કામાં રિસર્ચર્સ આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે વ્યવસાયિક સ્તર પર ઉત્પાદન માટે સંપર્ક કરશે. બેન્નેટે કહ્યું કે આ શાનદાર સફળતા પર મને ઇન્સ્ટિટ્યૂટના સ્ટાફ પર ગર્વ છે. રક્ષામંત્રીએ પોતાના નિવેદનમાં એ નથી કહ્યું કે શું આ વેક્સીનનું વ્યક્તિઓ પર ટ્રાયલ થયો કે નહીં.

કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે આતંકી હુમલોઃ બે જવાન સહિત છ ઘાયલ

બડગામ

કાશ્મીરમાં સતત ત્રીજા દિવસે સુરક્ષાદળોને આતંકવાદીઓએ નિશાન બનાવ્યા છે. આજે કાશ્મીરના બડગામ જિલ્લામાં સીઆરપીએફની એક ટુકડી પર આતંકીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો.જેમાં સીઆરપીએફના બે જવાન અને ચાર સ્થાનિક લોકો ઘાયલ થયા છે.જેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે.

આ હુમલા બાદ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને હુમલાખોર આતંકીઓની શોધખોળ શરુ કરી દેવાઈ છે.કોરોનાની મહામારી વચ્ચે પાકિસ્તાને સરહદ પરથી આતંકીઓની ઘૂસણખોરીના પ્રયત્નોમાં ભારે વધારો કર્યો છે.જેના પગલે કાશ્મીરમાં સુરક્ષાદળોને હવે કોરોના અને આતંકવાદીઓ એમ બે મોરચે લડવાનુ આવ્યુ છે.ગઈકાલે પણ સીઆરપીએફની ટુકડી પર હુમલો થયો હતો.આ પહેલા હંદવાડામાં સેનાના એક કર્નલ સહિત પાંચ જવાનો શહિદ થયા હતા.

જોકે સીઆરપીએફના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, બંને જવાનોને સાધારણ ઈજા થઈ છે.બાકીના નાગરિકોની હાલત ગંભીર છે.

દિલ્હી સરકારે દારૂ ૭૦ ટકા મોંઘો કર્યો છતાં લાઈનો યથાવત્

ન્યુ દિલ્હી

'હુઇ મહંગી બહુત હી શરાબ કે થોડી થોડી પિયા કરો, પિયો લેકિન રખો હિસાબ કે થોડી થોડી પિયા કરો'. દિલ્હીમાં દારૂ પર દિલ્હી સરકારે 'કોરોના ટેક્સ' લગાડી દીધો છે. દિલ્હીમાં શરાબ ૭૦ ટકા મોંઘો મળશે. સરકારના આદેશ અનુસાર દારૂના વેચાણ પર 'સ્પેશિયલ કોરોના ફી'ના નામથી ટેક્સ લગાડી દીધો છે. હવે સ્ઁ પર ૭૦ ટકા આ નવો ટેક્સ લાગશે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે એ દુર્ભાગ્યપૂર્ણ છે કે દારૂની દુકાનો પર અફરાતફરી જોવા મળી. અમને સોશિયલ ડિસ્ટન્સિંગ અને અન્ય નિયમોના ઉલ્લંઘનની માહિતી મળશે તો એ વિસ્તારને અમારે સીલ કરવો પડશે. દુકાનમાલિકોએ જવાબદારી લેવી પડશે. જો કોઈ દુકાન પર સામાજિક અંતર નિયમનું ઉલ્લંઘન થશે તો એ દુકાન બંધ કરાવી દેવામાં આવશે. હું દિલ્હીવાસીઓને અપીલ કરું છું કે બહાર નીકળતી વખતે માસ્ક લગાવો અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરો અને હાથ ધોતા રહો.

સોમવારે લોકડાઉન-૩ અંતર્ગત અપાયેલી અમુક છૂટછાટોને પગલે દિલ્હીમાં વાઈન શોપ્સ સહિત ૭૦૦થી વધુ દુકાનો ખૂલી હતી. પરંતુ ભારે ભીડ અને લોકડાઉનના નિયમોનું પાલન નહીં કરવાને કારણે માત્ર બે જ કલાકમાં પોલીસે બધી દુકાનો બંધ કરાવી દીધી હતી. લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગ નિયમની ઐસીતેસી કરી હતી અને મોટા ભાગના લોકોએ માસ્ક પણ નહોતા પહેર્યા.

લૉકડાઉન અસરઃ દિલ્હીમાં પેટ્રોલ ૧.૬૭ અને ડિઝલ ૭.૧૦ રૂપિયા મોંઘુ થયુ

ન્યુ દિલ્હી

કોરોનાની અસર અર્થવ્યવસ્થા પર પડેલી અસરને જોતા દિલ્હી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. કેજરીવાલ સરકારે પેટ્રોલ અને ડીઝલ પર વેટ વધારવાનો નિર્ણય લીધો છે. મંગળવારથી દિલ્હીમાં હવે પેટ્રોલ ૧.૬૭ રુપિયે અને ડીઝલ ૭.૧૦ રુપિયા મોંઘુ પડશે. મંગળવારે રાજ્ય સરકારે પેટ્રોલ ડીઝલ બન્નેના ભાવમાં વેટ વધારી દેવાની જાહેરાત કરી હતી. પેટ્રોલમાં ૨૭ ટકાથી વધારી ૩૦ ટકા વેટ કરી નાંખ્યો છે. જ્યારે ડીઝલ પર ૧૬.૭૭ ટકાથી વધારે ૩૦ ટકા કરી નાંખ્યો છે. આ નિર્ણય બાદ દિલ્હીના નાણા મંત્રી મનીષ સિસોદિયાએ ટ્વીટ પર લખ્યુ હતું કે મુશ્કેલીના સમયે અઘરા નિર્ણયો કરવા પડે છે. નાણામંત્રી બનતા હું શીખ્યો કે જીંદગી હંમેશા શાનદાર નથી હોતી. દિલ્હીમાં હવે પેટ્રોલની કિંમત ૭૧.૨૬ પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૬૯.૨૯ પ્રતિ લિટર થઈ ગઈ છે.

મથુરામાં ડીસીએમે ટેમ્પોને ટક્કર મારતા અકસ્માતઃ ૭ લોકોના મોત

મથુરા

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા અપાયેલી છૂટછાટ બાદ લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતિયો તેમના રાજ્યમાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મંગળવારે મધ્યપ્રદેશ પરત ફરતા કેટલાક લોકોને મથુરામાં માર્ગ અકસ્માત થયો હતો. આ માર્ગ અકસ્માતમાં ૭ લોકોનું મોત થયું છે. જ્યારે ૨ ની હાલત નાજુક હોવાનું જણાવાયું છે. હકીકતમાં, મથુરામાં એક ડીસીએમે ટેમ્પોને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ટેમ્પોમાં સવાર લોકો મધ્યપ્રદેશના છતરપુરના હોવાનું જણાવાયું છે. આ બધા લોકો કોરોના લોકડાઉનમાં ફસાયા હતા અને તેઓ તેમના રાજ્યમાં પરત ફરી રહ્યા હતા. મૃત્યુ પામેલા છતરપુરના તમામ રહેવાસીઓ જણાવાઈ રહ્યા છે.આ પહેલા ઓરિસ્સામાં લોકડાઉન દરમિયાન તેલંગાણામાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોને લઈને જતી બસમાં લોકડાઉન દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં બસના ચાલકનું મોત નીપજ્યું હતું જ્યારે ૨ અન્ય લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત મંગળવારે સવારે ઓડિશાના ખુર્દા જિલ્લાના એનએચ ૧૬ પર કુહુંડી નજીક થયો હતો.



બિહારના એક ગામમાં રહેતા લોકો પોતાના ઘરોની છતથી હવે સરળતાથી માઉન્ટ એવરેસ્ટને જોઇ શકે છે. સોમવારના રોજ આ તસવીરો સામે આવી છે. બિહારમાં લોકડાઉનના લીધે વાયુ પ્રદૂષણ (Air Pollution)ના સ્તરમાં ઘટાડો આવ્યો છે અને હવાની ક્વોલિટીમાં સુધારો આવ્યો છે. તેના લીધે બિહારના સિંહવાહિની ગામના લોકો સરળતાથી પોતાના ઘરેથી જ માઉન્ટ એવરેસ્ટને જોઇ શકે છે. ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસીમાં કાર્યરત IFS પ્રવીણ કાસવાને આ તસવીરને પોતાના ટ્વિટર હેન્ડલ પર શેર કરી છે. તસવીરને શેર કરતાં તેમણે લખ્યું કે સિંહવાહિની ગામના લોકો પોતાના ઘરેથી જ માઉન્ટ એવરેસ્ટ દેખાડી રહ્યા છે. પ્રવીણે ટ્વીટ કરતાં લખ્યું કે જ્યારે સિંહવાહિની, બિહારના લોકોએ ફરીથી પોતાના ઘરમાંથી જ માઉન્ટ એવરેસ્ટ જોયો. તેમનું કહેવું છે કે તેઓ દાયકાઓ બાદ તેને જોઇ રહ્યા છે.

કોરોનાનો કહેરઃ ભારતમાં હવે ઈટાલીથી પણ વધારે કેસ સામે આવી રહ્યા છે

ન્યુ દિલ્હી

ભારતમાં ૪૦ દિવસના લોકડાઉન બાદ કોરોના વાયરસની ગતિ ધીમી થઈ છે જો કે જે હજુ પણ ખૂબ જ વધારે છે. ભારતમાં કોરોના વાયરસના કેસનો ડેલી ગ્રોથ રેટ અમેરિકા, ઈટાલી, બ્રિટનથી પણ વધારે છે. કોરોના વાયરસના સંક્રમણથી સૌથી વધારે પ્રભાવિત ૨૦ દેશોના ડેલી ગ્રોથ રેટ મુજબ ભારતમાં વાયરસ ખૂબ જ વધારે ગતિથી ફેલાઈ રહ્યો છે.

૨૨ માર્ચે ભારતમાં એવરેજ ડેલી ગ્રોથ રેટ ૧૯.૯ ટકા હતો. લોકડાઉનના ૨.૦નો છેલ્લો દિવસ એટલે ૩મેના રોજ ડેલી ગ્રોથ રેટ ઘટીને ૬.૧ ટકા થઈ ગયો હતો. જ્યારે ૩ મેના રોજ ઈટાલીમાં ડેલી ગ્રોથ રેટ ૧ ટકા હતો. જ્યારે અમેરિકા ૨.૭% અને બ્રિટન ૩.૦% હતો.

૪મેના રોજ ઈટાલીમાં ૧૨૨૧ના નવા કેસ સામે આવ્યા હતા જ્યારે ભારતમાં ૨૯૦૦ નવા કેસ નોંધાયા હતા. ૩મેના રોજ દેશમાં ૨,૬૪૪ કેસ નોંધાયા હતા જ્યારે ઈટાલીમાં નવા કેસની સંખ્યા ૧૯૦૦ હતી. ૩મે રોજ સમાપ્ત થયેલા અઠવાડિયામાં ભારતમાં પ્રત્યેક દિવસે એવરેજ ૧,૯૨૬ કેસ વધ્યા છે. ઈટાલીમાં આ આંકડો ૧૯૯૭, યુકેમાં ૪૮૪૦, બ્રાઝીલમાં ૫૪૩૬ અને રશિયામા ૭૦૭૬ હતો.

૧૨ દેશમાં ફસાયેલા ૧૪ હજારથી વધારે ભારતીયોને લેવા ૬૪ વિમાન જશે

૭મેથી વિદેશમાં ફસાયેલા ભારતીયોને વતન લાવવાની પ્રક્રિયા શરૂ થશે

ન્યુ દિલ્હી

કોરોનાની મહામારી વચ્ચે વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને વતન પરત લાવવાની તમામ પ્રકારની પ્રક્રિયા ૭મી મેથી શરૂ થશે. આ જાહેરાત ગૃહ મંત્રાલય તરફથી કરવામાં આવી હતી. દૂતાવાસોને ફસાયેલા નાગરિકોની યાદી તૈયાર કરવાની સરકારે સૂચના આપી દીધી છે. પાછા ફરેલા નાગરિકોએ ફરજિયાત ૧૪ દિવસ ક્વોરન્ટાઈન રહેવું પડશે. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આગામી ૭મી મેથી વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવાની પ્રક્રિયા હાથ ધરાશે. જે દેશોમાં ભારતીય નાગરિકો ફસાયા છે, એ દેશોમાં ભારતના દૂતાવાસોને નાગરિકોની યાદી તૈયાર કરવાની સૂચના આપી દેવામાં આવી છે.

વતન પાછા ફરવા માટે વિમાનો ઉપરાંત નૌકાદળના જહાજોની મદદ લેવાશે. પરંતુ આ સર્વિસનું ભાડું પ્રવાસીઓએ ચૂકવવું પડશે. નાગરિકોને લાવતા પહેલાં મેડિકલ તપાસ થશે. જેમને શરદી-ઉધરસ-તાવના લક્ષણો હશે તેમને પાછા આવવાની પરવાનગી નહીં મળે. પાછા આવ્યા પછી દરેક નાગરિકે ફરજિયાત ૧૪ દિવસ સુધી ક્વોરન્ટાઈન રહેવું પડશે.

વાળ કાપવાની ના પાડતા લોકોએ વાળંદની હત્યા કરી નાંખી

બાંકા

લોકડાઉનમાં વાળ કાપવાની દુકાનો ખોલવા પર મુકાયેલા પ્રતિબંધ વચ્ચે બિહારમાં એક હેર ડ્રેસરની હત્યા કરી દેવાઈ છે. બિહારના બાંકા જિલ્લાના એક ગામમાં રહેતા હેર ડ્રેસર દિનેશ ઠાકુરની માર મારીને હત્યા કરીને તેનો મૃતદેહ ખેતરમાં ફેંકી દેવામાં આવ્યો હતો. તેની પત્ની મુસાદેવીએ આરોપ મુક્યો હતો કે, ગામના કેટલાક લોકો સતત મારા પતિ પર દાઢી કરવા માટે અને વાળ કાપવા માદે બાણ કરી રહ્યા હતા.લોકડાઉનના કારણે અને પોલીસ કાર્યવાહી કરશે તેવી બીકથી મારા પતિ ના પાડી રહ્યા હતા.જેના કારણે ગામના કેટલાક માથાભારે લોકોએ તેમની હત્યા કરી નાંખી છે. પોલીસે પત્નીની ફરિયાદના આધારે હાલમાં તપાસ હાથ ધરી છે.આ જ ગામમાં અગાઉ કોરોનાની શંકાના કારણે ૨૩ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતીયોની વધશે મુશ્કેલીઃ સા.અરબ સેલરીમાં આગામી ૬ મહિના માટે ૪૦ ટકાનો કાપ કરશે!

ન્યુ દિલ્હી

આખી દુનિયામાં કોરોના મહામારી પોતાની સાથે એક ભયંકર આર્થિક સંકટ લઈને આવી છે અને સાઉદી અરબ પણ આમાં અપવાદ નથી. સાઉદી અરબ દુનિયાનાં સૌથી અમીર દેશોમાંથી એક છે, પરંતુ અહીં પણ આવનારા દિવસોમાં લોકોની જિંદગી મુશ્કેલ થતી જઈ રહી છે. સાઉદી અરબ હવે પ્રાઇવેટ સેક્ટરની કંપનીઓને સેલરીમાં ૪૦ ટકાનો કાપ મુકવાની પરવાનગી આપવા જઈ રહ્યું છે. અરબનાં પ્રમુખ સમાચાર પત્ર અશરાક અલ અવસાતનાં રિપોર્ટ પ્રમાણે, આર્થિક સંકટને જોતા સાઉદી અરબમાં કામ કરી રહેલા લોકોનાં કોન્ટ્રાક્ટ પણ ખત્મ કરવામાં આવી શકે છે.

સાઉદી અરબમાં ૨૬ લાખ ભારતીયો રહે છે અને આ નિર્ણયની તેમના પર પણ ઘણી ખરાબ અસર પડશે. સમાચાર પત્રએ નિર્ણય પર સોમવારનાં જણાવ્યું કે સાઉદી અરબનાં માનવ અને સામાજિક વિકાસ મંત્રાલયે શ્રમ કાયદામાં બદલાવ માટે હુંકાર ભર્યો છે. આ બદલાવો બાદ એમ્પલોયર પોતાના કર્મચારીઓની સેલરીમાં આગામી ૬ મહિના માટે ૪૦ ટકાનો કાપ કરી શકે છે. નવા નિયમો અંતર્ગત કોરોના વાયરસની મહામારીનાં ૬ મહિના બાદ કંપનીઓને એમ્પલોઈનાં કોન્ટ્રાક્ટ પણ રદ કરવાનો પણ હક હશે. જો કે એમ્પલોયર્સ કોન્ટ્રાક્ટ ખત્મ કરવાનો નિર્ણય ઉતાવળમાં ના ઉઠાવે. આ માટે તેમને સરકારી સબસિડી જેમકે મજૂરોને વેતનભથ્થામાં મદદ અથવા સરકારી કરમાંથી છૂટ મળવાનું ચાલું રહેશે. કોન્ટ્રાક્ટ ખત્મ કરવા માટે ત્રણ શરતો પણ રાખવામાં આવી છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

રેલવેની ટિકિટથી દારૂની દુકાન સુધી સરકારની અવ્યવસ્થા અને અંધાધૂંધી નજરે ચઢી

પીએમ કેઅર ફંડમાં રૂ. ૧૫૧ કરોડનું દાન આપનાર રેલવે મંત્રાલય ગરીબ મજદૂરોની ટિકિટના ભાડાને લઈ બરાબરનું ભેરવાયું છે. આની સાથે સાથે સરકારની અંધાધૂંધી અને અવ્યવસ્થા પણ લોકોની સમક્ષ આવી ગઈ છે. માત્ર રેલવે ટિકિટ નહીં, પરંતુ જે રીતે દેશમાં દારૂની દુકાનની બહાર લાગેલી લાંબી કતારોએ પણ સરકારના સોશિયલ ડિસ્ટંસીગના દાવાની પોલ ખોલી નાખી છે. કોરોનાને કારણે લાગુ પાડવામાં આવેલા લોકડાઉનને લીધે વિવિધ રાજ્યોમાં ફસાઈ ગયેલા પરપ્રાંતીય મજદૂરોને જ્યારે તેમના વતન જવા દેવા માટે રેલવેની વ્યવસ્થા કરી આપવામાં આવી એ સમયે ભાજપ સરકારને ખ્યાલ ન હતો કે જે માસ્ટર સ્ટ્રોકથી તે લોકોની નજરમાં હીરો સાબિત થશે એ જ માસ્ટર સ્ટ્રોક તેમને સોનિયા ગાંધીના નાની અમથી જાહેરાતથી ભારી પડી જશે. રેલવેએ શ્રમિક વિશેષ ટ્રેન દ્વારા મજદૂરોને પોતાના વતન જવા માટેની વ્યવસ્થા કરી આપી જે તે રાજ્ય સરકારોને નિર્દેશ કર્યો કે મજૂર પાસેથી ભાડું વસૂલ કરી અને રેલવેને આપવું, બસ આ મુદ્દો સોનિયાએ પકડી લીધો અને ભાજપને ભોંયભેગું કરી દીધું. મજદૂરો પાસેથી ભાડું ના લેવાની અપીલ સાથે જ સોનિયાએ જાહેરાત કરી કે કોંગ્રેસના રાજ્ય એકમ આ ભાડું ભરશે જો સરકાર માફ નહીં કરે તો. આની સાથે જ ભાજપના કેટલાક નેતાઓના પેટમાં તેલ રેડાયું અને તેમને તેમનો ગરાસ લૂંટાતો હોય તેવું લાગ્યું. આથી મારીમચકોડીને અનેક દસ્તાવેજો સાથે પોતાની સફાઈ આપવા લાગ્યા, પરંતુ ભાજપને સૌથી મોટો ઝટકો ત્યારે લાગ્યો જ્યારે ભાજપના ફાયરબ્રાન્ડ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ભાજપની સામે મોરચો માંડ્યો અને જો ભારતીય રેલવે આ ભાડાં માફ કરવા ન માગતી હોય તો પીએમ કેઅર ફંડમાંથી આ રકમની ચુકવણી કરી. સ્વામીના ટ્વીટ બાદ ભાજપના નેતા-પ્રવક્તાઓ બેકફૂટ પર આવી ગયા અને ટીવી શોમાં લાળા ચાવવા લાગ્યા અને મજૂરો પ્રત્યે પોતે સંવેદનશીલ છે તેવું વાજું વગાડવા લાગ્યા. ભાજપ હોય કે કોંગ્રેસ કોઈને મજૂરોની પડી નથી, તમામ રાજકીય પક્ષો રાજકીય લાભ ખાટવાની હરકતો કરતા હોય એ સ્વાભાવિક છે, પરંતુ જે રીતે લોકાડઉનમાં કેન્દ્ર સરકાર દ્વારા અંધાધૂંધ જાહેરાતો અને પ્રશાસન સાથે તાલમેલનો અભાવ નજરે ચઢ્યો છે તે યોગ્ય નથી. આવા કપરા સમયે તો નહીં જ. આની સાથે જે મજૂરોને પોતાના ગામ જવું છે તેમણે એક ફોર્મ ભરવું પડે છે, આ ફોર્મ સાથે મેડિકલ સર્ટિફિકેટ પણ જોડવું પડે છે. આને લઈને પણ પોલીસ સ્ટેશન અને સ્થાનિક દવાખાનાઓની બહાર મજૂરોને લાઈન લાગી હતી. વળી દુકાનો બંધ હોવાથી આ મજૂરોને ઝેરોક્ષ માટે પણ રીતસર કરગરવું પડ્યું હતું. અનેક મજૂરો આને કારણે પગપાળા કે જે મળે એ વાહન દ્વારા પોતાના વતન તરફ ચાલી નીકળ્યા હતા. સરકારે આ બધી પરવાનગીની પળોજણમાં પડાવા કરતાં જેને જવું હોય તેને મોકલી દેવાની જરૂર હતી કે લોકડાઉનના આ સમયમાં કોણ કારણ વગર બીજા રાજ્યમાં જવાનું હતું અને એકાદ બે ટકા એવા લોકો ચાલ્યા પણ જાત તો શું ફરક પડત? માત્ર રેલવે ટિકિટ જ નહી કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને રેડ ઝોનમાં પણ દારૂની દુકાન શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી અને સ્થાનિક કલેક્ટરને આ અંગે સત્તા આપવામાં આવી, પરંતુ સોમવારે દેશના તમામ રાજ્યોમાં જ્યાં દારૂની દુકાનો ખોલવામાં આવી ત્યાં રીતસરનું ટોળું જમા થઈ ગયું, ૪૦ દિવસથી દારૂ વગર રહેલા લોકોએ ગામ ગજાવ્યું, પોલીસે તમામ દુકાનોની બહાર લગભગ લાઢી ચાર્જ કરવો પડે તેવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ. કોણ પણ કોઓર્ડિનેશન વગર સરકારે કરેલી જાહેરાતને કારણ અનેક લોકોને હાલાકી ભોગવવાનો વખત આવ્યો અને માત્ર હાલાકી જ નહીં, દારૂની દુકાનની બહાર ભેગા થયેલા ટોળાને કારણે કોરોના ફેલાવાનો ભય પણ વધ્યો છે. સરકારની આ અંધાધૂંધીઓ આપણને ભારે ન પડે તો સારું?

મહામારીના સમયમાં વાતોના વડા કેટલા દિવસ ચાલશે.....?!

વિશ્વભરના દેશો કોરોના કહેરથી ત્રાહીમામ થઈ ગયા છે. કોરોનાને નાથવા કોઈ પણ દેશના વિજ્ઞાનીઓ કે સંશોધન કરતા રસી કે દવા શોધી શક્યા નથી.લોકડાઉન પણ કોરોના રોકવામાં સફળ થયું નથી ત્યારે દરેકના મનમાં સવાલ ઉઠવા પામ્યો છે કે કોરોના લાંબો સમય ટકી રહેશે કે શુ...? અને ત્યાં સુધીમાં લાખો માણસોને મૃત્યુના મુખમાં ધકેલી દેશે.... તમામ દેશોના અર્થતંત્રને ખેદાનમેદાન કરી નાખશે. વિવિધ ક્ષેત્રના વિવિધ ઉત્પાદનો કરતા કરોડો ઉદ્યોગો ઠપ થઈ જશે. અને કમરતોડ ફટકો આપશે જેને પુનઃ બેઠા કરવા એકડે એકથી ઘુટવાનું શરૂ કરવું પડી શકે.....! આ કારણે જ વિશ્વના દેશો હચમચી ગયા છે....! વિશ્વના કેટલાક દેશોમાં સત્તાધારીઓ સમયસર જરૂરી પગલા લેવામાં નિષ્ફળ રહેતા તે દેશોમાં કોરોનાગ્રસ્તો અને મૃતાક વધુ પ્રમાણમાં રહ્યો છે. તો કેટલાક દેશોએ વિચાર્યા વગર કેટલાક પગલા લેતા જે તે દેશોની પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગયેલ છે.....! અમેરિકામાં કોરોના વાયરસથી લોકોને બચાવવા જરૂરી પગલાં ન લીધા અને ટ્રમ્પે અર્થતંત્રને પ્રાધાન્ય આપ્યુ પરિણામે ત્યાનો મૃતાક ૭૦ હજાર પર પહોંચવાની તૈયારીમાં છે અને કોરોનાગ્રસ્તોનો આક ૧૨ લાખને આંબવાની તૈયારીમા છે... વિશ્વનો એક પણ દેશ કોરોના મારક દવા કે રસી શોધી શક્યો નથી કે એક હકીકત છે.....! પરિણામે કોરોના દર્દીઓને બચાવવા માટે કોઈ પણ દેશ સક્ષમ નથી બન્યો.... અમેરિકાએ કોરોના રોકવા રસી શોધી હોવાનો દાવો કર્યો અને કેટલાક દર્દીઓ પર તેનો અમલ કર્યો પરંતુ તેના પરિણામ શું આવ્યા તે અંગે કશું જ કહેવામાં આવ્યું નથી. જ્યારે ભારતમાં ગુજરાતના વૈજ્ઞાનિકોએ અંશ સૂત્ર શોધી કાઢ્યા ત્યાર બાદ કોરોના મારક રસી કે દવા શોધવાનું સરળ રહેશે તેવો દાવો થયો પરંતુ આજદિન સુધી કોઈ નક્કર દવાનુ સંશોધન થઈ શક્યુ નથી... ત્યારે ભારતમાં કોરોના દર્દીઓનઘ આક ૪૪ હજાર વધવા તરફ આગળ વધી રહ્યો છે.મૃતાક ૧૪૦૦ ને આંબી ગયો છે. પરંતુ ભારતમાં આજે પણ રેપિડ ટેસ્ટ વસ્તીના પ્રમાણમાં ઘણા જ ઓછા થઈ રહ્યા છે.....! જ્યારે પીપીઈ કિટના અભાવે ડોક્ટરો, નર્સો અને મેડિકલ સ્ટાફ કોરોના સંક્રમિત થઈ જતા આરોગ્ય ક્ષેત્રે તેની અસર પડી છે. કોરોના દર્દીને બચાવવા માટે ગ્લુકોજ બાટલા ચડાવવા અને દવા આપીને સેવા કરી રહ્યા છે.....!

ભારતમાં lockdown જાહેર કરતાં પહેલા આગોતરા જે કંઈ જરૂરી પગલાં ભરવા પડે તે લીધા નહીં....! તો વિદેશથી આવેલા તમામ લોકોનુ મેડિકલ ચેકઅપ કરવામાં પણ થાપ ખાઈ ગયું છે. તો રેપિડ કીટ, પીપીઈ કિટ,માસ્ક અને વેન્ટિલેટર અછતને કારણે કોરોના સંક્રમિત લોકોની સંખ્યા વધી અને મૃતાક પણ વધ્યો. જોકે આમાં લોક જાગૃતિનો અભાવ પણ ખરો જ... કેન્દ્રને રાહુલ ગાંધીએ મહામારી બાબતે ચેતવણી આપી હતી પરંતુ તેઓ વિરોધ પક્ષના એટલે તેમની વાત કેન્દ્ર સરકારે કાને ન ધરી. લોકોમાં કોરોના ચેપી રોગ છે કે જે માત્ર ટચ કરવાથી કે સંપર્કમાં આવવાથી થાય છે, તેની કોઈ દવા નથી તે બાબતો સમજ્યા નથી તો અનેક ભણેલા- ગણેલા અબુધ લોકો અમને કંઈ જ ન થાય તેવું માનનારા રખડુંઓ ભટકવા નીકળી પડતા તે કારણે તેમજ સમુહમાં ધાર્મિક પ્રસંગો ઉજવ્યા કે તેની ક્રિયા વિધી કરી જેનું પરિણામ અનેક લોકો ભોગવી રહ્યા છે.....! બીજી તરફ દેશભરના કેરળ, રાજસ્થાન સિવાયના અન્ય રાજ્યોમાં કે તે સંબંધિત તંત્રમાં સંકલનનો અભાવ છે પરિણામે પ્રજા તો મુશ્કેલીમાં મુકાઈ છે પરંતુ હવે ડોક્ટરો,નર્સો, મેડિકલ સ્ટાફ, પોલીસો, પત્રકારો અને નાગરિક પુરવઠા મહેસૂલી કર્મચારીઓ પણ કોરોના સંક્રમિત થતાં જે તે સરકારોને વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આયોજન કરવામાં તકલીફ ઉભી થઈ છે.....! જો કે દેશભરમાં સૌથી જાગૃત સરકાર રાજસ્થાન અને તેલંગણા રાજ્યની કહીએ તો તે અતિશયોક્તિ નથી..... કારણ કે આ બંને રાજ્યોએ કોરોના ટેસ્ટીંગ વધુ પ્રમાણમાં થાય અને તે પણ યોજના ઘોરણ ૩ હજાર કોરોના ટેસ્ટ કરે છે તેવી કોબાસ ૮૮૦૦ મશીન ખરીદ કરી દીધા છે.તેના કારણે ટેસ્ટીંગ વધી જશે અને કોરોના સંક્રમિતોની સાચી સંખ્યા પણ જાણવા મળશે....!

ગુજરાતમાં કોરોનાએ કહેર વરસાવ્યો છે. રાજ્યમાં કુલ મૃતાક ૩૧૯ નોંધાયો છે, જ્યારે કોરોના સંક્રમિતોનો આંક ૬ હજાર કેસો નોંધાવા તરફ આગળ જઈ રહ્યો છે. તેમાં સૌથી વધુ કેસો અમદાવાદમાં ૪૦૭૮ નોંધાયા છે, તો મૃતાક ૨૩૭ પહોંચી ગયો છે. હોસ્પિટલોમાં સરકારે બેડ સહિતની સુવિધાઓ કરી છે પરંતુ ગ્લુકોજ બોટલ પૂર્ણ થતાં તેને બંધ કરનારા દેખાતા નથી....અહીની સિવિલમા એક મહિલાની તબિયત વધુ લથડતા બાથરૂમના દરવાજામાં જ મોત થયું અને ૪ કલાકે તેનો મૃતદેહ ઉઠાવવામાં આવ્યો... તો હોસ્પિટલના કંટ્રોલમાં ફોન કરતા ઉપાડતા નથી કે ડોક્ટર હમણાં આવશે એવું કહે છે પરંતુ ડોક્ટર આવતા જ નથી જો આવી જાય તો... ત્રણ ચાર કલાક પછી કે બીજા દિવસે આવે છે.કોરોના આગળ વધતો રોકવા સરકારે તથા મનપા તંત્રએ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોને સેનેટાઈઝર કરવા જોઈએ તે કરવામા આવ્યા નથી... તો મેડિકલ વાન સદંતર ફરતી બંધ કરી દેવામાં આવતા ગરીબ, મજૂર,રોજમદારો,લોઅર મધ્યમ વર્ગના દર્દીઓ દવા માટે ફાફે ચડી ગયા છે... તેમાં પણ ખાનગી દવાખાનાઓ તો ખુલતા જ નથી.... અગત્યની બાબત એ છે કે સાબરમતી વિસ્તારમાં એક યુવકની માતાની તબિયત લથડી ગઇ હતી ડોક્ટરે કોરોના ટેસ્ટ કરાવવા કહ્યું એટલે યુવકે ૧૦૮ હેલ્પલાઈન પર ફોન કર્યો પરંતુ સમયસર સારવાર ન મળતા તેની માતાનું મૃત્યુ થયું... કારણ ૧૦૮ ના ચાલકે સ્થાન શોધવામાં સમય બગાડ્યો સ્થાન મળ્યુ ત્યારે એમ્બ્યુલન્સ ન હતી. જેથી અડાલજ ઝોન એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો તેના ચાલકે તો કોરોના રિપોર્ટ કઢાવવાની વાત જાણી સ્પષ્ટ ના પાડી દીધી.... પછી કોલ સેન્ટર કર્મચારીએ કહ્યું કે સામેથી ફોન કરીશ... પરંતુ.... નિયત સાફ ન હતી એટલે ફોન ન આવ્યો...યુવકે વારંવાર ફોન કર્યા પરંતુ એમ્બ્યુલન્સ ન આવી તે ન જ આવી અને તેની માતાનુ મૃત્યુ થયું. ત્યારે સરકાર કહે છે અમે સજાગ છીયે,કોરોના મામલે ગંભીર છીએ,ગમ્મે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર છીએ, તો શું સંવેદનશીલ રૂપાણી સરકારના વચનો હવાઈ છે....? કે પછી માત્ર વાતોના વડા છે....? આ બધામાં વરવા સમાચાર એક છે કે સરકાર ગરીબ, શ્રમજીવી, રોજમદારો કે જેઓ પર.પ્રાતિઓ છે તેઓને માટે તંત્રે માનવતા ભૂલી ગયું છે... નથી ખાવાનું આપતા કે નથી પીવાનું પાણી આપતા, તો તેમના માટે સાબરમતી રેલ્વે સ્ટેશન પાસે કુદરતી હાજતની કોઈ સુવિધા કરી નથી,પરિવાર સાથે તડકામાં ઉભા રહેવું પડે છે. ત્યારે સરકારી કાર્યક્રમો કે ચૂંટણીમાં મંડપ કે પંડાળ ઉભા કરવામા આવે છે તેવી વ્યવસ્થા સાબરમતી સ્ટેશન પાસે પર પ્રાતિઓ માટે કેમ નથી કરવામા આવતી તેવો સવાલ લોકો કરી રહ્યા છે....! વંદે માતરમ્

લોકડાઉનમાં છૂટછાટ બાદ ઈટાલીમાં ૪૪ લાખ લોકો કામ પર પરત ફર્યા

વેનીસ

યુરોપમાં કોરોના વાયરસના ગઢ રહેલા ઈટાલીમાંથી સારા સમાચાર આવ્યા છે. ઈટાલીમાં કોરોના વાયરસ લોકડાઉનમાં છૂટછાટ આપ્યા બાદ હવે ૪૪ લાકો કામ પર પરત ફર્યા છે. ઈટાલીની યોજના હવે યાત્રીઓ માટે એરપોર્ટ ખોલવાની છે. ઈટાલીમાં મૃત્યુઆંકમાં ઘટાડો થયા બાદ લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી છે.

યુરોપના મોટા ભાગના દેશોમાં હવે લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી રહી છે. કોરોના વાયરસ મહમારીને કારણે ઈટાલીમાં અત્યાર સુધી ૨૯ હજાર લોકોના મોત થય છે અને હવે દેશ ધીમે-ધીમે અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાના પ્રાયસ કરી રહ્યું છે. સ્પેનમાં હવે સલૂન જેવા નાના વ્યવસાયને ખોલવાની છૂટ આપવામાં આવી છે. કોરોના વાયરસ કહેરથી પ્રભાવિત રહેલા સ્પેનમાં હવે મૃત્યુઆંક ઘટાડો થયો છે. સ્પેનમાં અત્યાર સુધી ૨૫ હજારથી વધારે લોકોએ આ જીવલેણ બીમારીને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. જર્મનીમાં ટેસ્ટિંગને કારણે કોરોના વાયરસ લગભગ નિયંત્રણમાં આવી ગયું છે. જર્મનની હવે કેટલાક સ્કૂલ પણ ખુલી ગયા છે.

લેબનાનમાં બાર અને રેસ્ટોરન્ટ ખુલી ગયા છે અને પોલેન્ટે લોકોને હોટલ, મ્યૂઝિયમ અને દુકાનો પર જવાની છૂટ આપવાની યોજના બનાવી છે. આ ઉપરાંત બેલ્જિયમ, ગ્રીસ, આઈસલેન્ડ, મોનાકો, નાઈજીરિયા, ઓસ્ટ્રિયા અને પોર્ટુગલે સોમવારથી પોતાના દેશમાં પ્રતિબંધોમાંથી કેટલીક છૂટ આપવાની યોજના બનાવી છે.

દિલ્હી અને ત્રિપુરામાં સૌથી વધારે

બીએસએફના વધુ ૧૩ જવાનો કોરોના પોઝિટિવઃ કુલ આંકડો ૬૭એ પહોંચ્યો

ન્યુ દિલ્હી

બોર્ડર સિક્યોરિટી ફોર્સ એટલે કે બીએસએફમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ વધીને ૬૭ થઈ ગયા છે. જેમાં મોટા ભાગના કેસ દિલ્હીના છે જ્યાં જામિયા વિસ્તારમાં લો એન્ડ ઓર્ડર ડ્યુટી પર તહેનાત બટાલિયનના જવાન સૌથી વધારે સંક્રમિત થયા છે. આ ઉપરાંત ત્રિપુરામાં પણ બીએસએફના સંક્રમિત જવાનોની સંખ્યા વધારે છે.

બોર્ડર સિક્યોરિટી ફોર્સે મંગળવારે જણાવ્યું કે, ત્રિપુરામાં એક કેમ્પમાં કોરોનાના ૧૩ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ૧૦ જવાન અને એક જવાનના પરિવારના ત્રણ લોકો (પત્ની અને બે બાળકો) સામેલ છે. ત્યાંજ ત્રિપુરામાં કોરોનાથી સંક્રમિત બીએસએફ જવાનોનની સંખ્યા વધીને ૨૪ થઈ ગઈ છે. બીએસએફના સૌથી વધારે જવાન દિલ્હીમાં સંક્રમિત થયા છે. અહિંયા અત્યાર સુધી બીએસએફના ૪૧ જવાન/અધિકારી સંક્રમિત થયા છે. આ ઉપરાંત એક અન્ય જવાન પણ સંક્રમિત થયો છે જે કેન્દ્રની ઈન્ટર-મિનિસ્ટ્રિયલ ટીમની સાથે ડ્રાઈવર તરીકે કોલકાતા ગયો હતો. દિલ્હીમાં સંક્રમિત થયેલા બીએસએફના જવાનોમાંથી ૩૨ જામિયા અને ચાંદની મહેલ વિસ્તારમાં લો એન્ડ ઓર્ડર ડ્યુટી પર તહેનાત બે યુનિટના છે. બીએસએફે જણાવ્યું છે કે, રજા પર ગયેલા એક જવાન પણ કોરોના વાયરસથી સંક્રમિત થયો છે.

કમિટિનો કાર્યકાળ એક વર્ષ એટલે કે ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી રહેશે

કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરી લોક લેખા સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા

ન્યુ દિલ્હી

કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરી સંસદની લોક લેખા સમિતિ(પીએસી)ના અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા છે. સંસદની આ સમિતિના અધ્યક્ષનું પદ પરંપરા તરીકે વિપક્ષ પાસે રહે છે. આ કમિટિમાં લોકસભા અને રાજ્યસભાના ૧૯ અન્ય સભ્ય પણ પસંદ કરાયા છે. જેમાં લોકસભામાંથી ૧૫ અને રાજ્યસભામાં ૫ સભ્ય સામેલ છે. સમિતિનો કાર્યકાળ પહેલી મે ૨૦૨૦થી શરૂ થઈ ચુક્યું છે જે ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી રહેશે. આનું કામ સરકારી ખર્ચના ખાતાની તપાસ કરવાનું છે. તપાસનો આધાર નિયંત્રક અને મહાલેખ પરીક્ષક(કેગ)નો રિપોર્ટ હોય છે.લોક લેખા સમિતિમાં ભલામણ થાય છે જે ટેકનીકલ રીતે સરકાર માટે બાધ્યકારી નથી હોતી. પરંતુ તેને ગંભીરતાથી લેવામાં આવે છે અને સરકાર સંસદમાં કાર્યવાહી નોટ્સ પણ મૂકે છે. આ સમિતિનો કાર્યકાળ એક વર્ષનો હોય છે. વિપક્ષી દળોના મંતવ્યથી લોકસભા આ સમિતિના અધ્યક્ષની નિમણૂક કરે છે સમિતિમાં મહત્તમ ૨૨ સભ્ય હોઈ શકે છે.

શહીદ કર્નલ આશુતોષને રાજકીય સમ્માન સાથે અપાઇ અંતિમ વિદાઇ

જયપુર

આતંકવાદીઓ સામે લડતી વખતે વીરગતિ પ્રાપ્ત કરનાર શહીદ કર્નલ આશુતોષ શર્માને આજે જયપુર સ્થિત તેમના પૂર્વજોના નિવાસ સ્થાને રાજ્ય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ સમય દરમિયાન દરેકની આંખોમાં પાણી હતુ. કર્નલ આશુતોષ શર્મા હંદવાડામાં આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા હતા, આ દરમિયાન તેઓ તેમના ૪ સાથીઓ સાથે શહીદ થઈ ગયા હતા, શહીદ કર્નલ આશુતોષ અગાઉ આવા અનેક ઓપરેશનનું નેતૃત્વ કરી ચુક્યાં હતાં. તેમને વીરતા માટે ૨ શૌર્ય એવોર્ડ પણ મળ્યા હતા.

જેઇઇ મેનની પરીક્ષા ૧૯ જુલાઈથી ૨૩ જુલાઇ વચ્ચે યોજાશે

કોરોના સંકટ વચ્ચે ૨૬ જુલાઈએ યોજાશે નીટની પરીક્ષા

ન્યુ દિલ્હી

કોરોના સંકટને કારણે હવે NEETની પરીક્ષા ૨૬ જુલાઈએ યોજાશે. આ સાથે JEE Mainsની પરીક્ષા ૧૯ જુલાઈથી ૨૩ જુલાઈ વચ્ચે યોજાશે અને JEE Advance ની પરીક્ષા હવે ઓગસ્ટમાં લેવાશે. આ જાહેરાત માનવ સંસાધન વિકાસ મંત્રી રમશે પોખરિયાલ નિશંકે મંગળવારે કરી છે.

જે ઉમેદવારો તેની તારીખોની રાહ જોઈ રહ્યાં હતા. તેની દુવિધાને જોતા કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી ડો. રમેશ પોખરિયાલ નિશંક લાઈવ ચેટ દ્વારા ઉમેદવારોના સવાલોના જવાબ આપી રહ્યાં હતા.

મહત્વનું છે કે, ડો. રમેશ પોખરિયાલ નિશંક વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરી રહ્યાં છે. તેના માટે તેઓ ટ્વીટર પર લાઈવ છે, દેશભરના વિદ્યાર્થીઓ તેમને સવાલ પૂછી શકે છે.

લાખો વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જીનિયરિંગના યૂજી કોર્સમાં એડમિશન લેવા માટે નીટ અને જેઈએ મેન જેવી પરીક્ષામાં સામેલ થાય છે. આ વર્ષે પણ લાખો વિદ્યાર્થીઓ પરીક્ષાની રાહ જોઈ રહ્યાં છે.

આ વખતે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખતા રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA)એ નીટ યૂજી ૨૦૨૦ (NEET UG ૨૦૨૦) અને જેઈઈ મેન ૨ પ્રથમવાર કેટલિક ઢીલ આપવામાં આવી હતી.

જમ્મૂ-કાશ્મીરમાંથી હિઝબુલના આતંકીની ધરપકડ

ડોડા

જમ્મુમાંથી સુરક્ષાદળોએ ડોડા જિલ્લામાં એક્ટિવ હિઝબૂલ આતંકીની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આતંકી પાસેથી એક રિવૉલ્વર મળી છે. માહિતી પ્રમાણે, મંગળવારે સવારે ડોડામાં સેનાએ વિસ્તારના ટટનાના શેખપરામાં એક આતંકી છુપાયેલો હોવાન માહિતી મળી. ત્યારબાદ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. સેના, અર્ધસૈનિક દળો અને જમ્મુ પોલીસે દ્વારા ચલાવવામાં આવેલી સર્ચ ઓપરેશન દરમિયાન જ્યારે વિસ્તારમાં છુપાયેલા આતંકીએખુદને ચારેય બાજુથી ઘેરાયેલો જોયો તો તેને ભાગવાની કોશિશ કરી, બાદમાં સેનાએ તેને પકડી લીધો હતો.

ભારતીય મૂળની અમેરિકન વકીલની સંઘીય અદાલતના જજ તરીકે નિયુક્તિ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિયુક્તિ માટે ભારતીય-અમેરિકન વકીલને નોમિનેટ કર્યા. ન્યુયોર્કના પૂર્વ જિલ્લાના યુ.એસ. જિલ્લા અદાલતના ન્યાયાધીશ તરીકે સરિતા કોમોતોરેડ્ડીની નિયુક્તિ કરી છે. વ્હાઈટ હાઉસે અહેવાલ આપ્યો છે કે ટ્રમ્પે સોમવારે યુએસ સેનેટને પોતાનું નામાંકન મોકલ્યું હતું. આ પહેલા, તે જ જિલ્લા અદાલતના ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ જજ બ્રેટ કાવાના હેઠળની કારકુની તરીકે કામ કરતી હતી. કોમોતોરેડ્ડી હાલમાં યુ.એસ. ઓફિસ જસ્ટિસ ઓફ ન્યૂયોર્ક ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ માટે જનરલ ક્રિમિનલ મેટર્સના ડેપ્યુટી હેડ છે. આ પહેલા તે જૂન ૨૦૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ સુધી આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ અને મની લોન્ડરિંગ બાબતોના કાર્યકારી નાયબ વડા અને ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી કમ્પ્યુટર હેકિંગ અને બૌદ્ધિક સંપત્તિ સંયોજક રહી ચૂકી છે. પ્રતિષ્ઠિત હાર્વર્ડ લો સ્કૂલમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી, કોમોતોરેડ્ડીએ કોલમ્બિયા સર્કિટ ડિસ્ટ્રિક્ટની અપીલ કોર્ટના તત્કાલીન ન્યાયાધીશ બ્રેટ કાવાનાના કાયદા કારકુન તરીકે સેવા આપી હતી. તે બીપી ડીપવોટર હોરાઇઝન ઓઇલ સ્પીલ અને ઓફશોર ડ્રિલિંગ અંગેના રાષ્ટ્રીય આયોગની વકીલ રહી ચૂકી છે.

ગુલશન કુમારની ૧૬ ગોળી મારી કરાઈ હતી હત્યા



મુંબઈ

મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાએ ગુલશન કુમાર હત્યાકાંડની પોતાની બૂક ' લેટ મી સે ઈટ નાવ'માં લખ્યું છે કે ગુલશન કુમારની હત્યાની યોજના અંગે ક્રાઈમ બ્રાંચ પહેલાથી જ વાકેફ હતી. રાકેશ મારિયાએ તેમના પુસ્તકમાં લખ્યું છે કે, ૨૨ એપ્રિલ ૧૯૯૭ના રોજ તેમને એક ન્યુઝ કોલ આવ્યો. તે સમાચારથી તેમને કહેવામાં આવ્યું કે, ગુલશન કુમારને મારવાની યોજના ઘડી છે. પૂછવામાં આવ્યું કે તેની પાછળ કોણ છે, ખબરીએ કહ્યું- અબુ સલેમ. ખાબરીએ કહ્યું હતું કે, શિવ મંદિર જતી વખતે તેમની હત્યા કરવાની યોજના બનાવવામાં આવી છે. આજે ગુલશન કુમારની જન્મજયંતિ છે. તેનો જન્મ એક પંજાબી પરિવારમાં થયો હતો. તેના પિતા જયુસ શોપમાં કામ કરતાં હતા.

પરંતુ ગુલશન કુમાર એટલું મોટું વ્યક્તિત્વ બની ગયું કે અન્ડરવર્લ્ડ તેની જિંદગી પાછળ પડી ગયો. કેસેટ કિંગ તરીકે ઓળખાતી ટી-સિરીઝ કંપનીના માલિક ગુલશન કુમારની વાર્તા કોઈ ફિલ્મની સ્ક્રીપ્ટથી ઓછી નથી. ગુલશન કુમારને સંગીત અથવા બિઝનેસ સાથે કોઈ જ લેવા દેવા નહોતા. એક સમય હતો જયારે તે દિલ્હીના દરિયાગંજમાં તેના પિતા સાથે જ્યુસ શોપ ચલાવતા હતા. તેના નસીબમાં જબરદસ્ત વળાંક આવ્યો. તે જ્યુસ મેકરમાંથી કેસેટ રાજા બની ગયા. તેમણે ૮૦ના દાયકામાં ટી સીરીઝની સ્થાપના કરી અને ૯૦ના દાયકા સુધીમાં તેઓ કેસેટ કિંગ તરીકે પ્રખ્યાત થઈ ગયા.

ટી સીરીઝ કરોડોની કંપની બની ગઈ હતી. ગુલશન કુમાર વૈષ્ણો દેવીના ભક્ત હતા. તેમને વૈષ્ણો દેવીમાં ખુબ વિશ્વાસ હતો. વૈષ્ણો દેવીમાં ભક્તોની સુવિધા માટે તેમણે ઘણું કામ કર્યું. આ ઉપરાંત તે દરરોજ પશ્ચિમ મુંબઈના અંધેરી વિસ્તારમાં જીતનગરના જીતેશ્વર મહાદેવ મંદિરે જતાં હતા. ૧૨ ઓગસ્ટ ૧૯૯૭ના રોજ ગુલશન કુમાર સવારે આઠ વાગ્યે પૂજા અર્ચના કરવા મંદિર પહોંચ્યા. મૃત્યુ પહેલા ગુલશન કુમારે સવારે સાત વાગ્યે એક પ્રોડ્યુસરને બોલાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગાયક અને ત્યારબાદ કોઈ મિત્રની મુલાકાત લીધા પછી તે મંદિરમાં જશે. આ પછી તે તેઓને મળવા આવશે. ગુલશન કુમારના આ કોલના ૩ કલાક પછી સમાચાર આવ્યા કે જીતેશ્વર મહાદેવ મંદિરની બહાર તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. તેની હત્યાના સમાચાર ફેલાતાંની સાથે જ બોલિવૂડમાં સનસનાટી મચી ગઈ.

રેકોર્ડ બ્રેક TRP બાદ રામાણય, મહાભારતનું સ્ટાર પ્લસ અને કલર્સ પર થશે પુનઃપ્રસારણ

નવી દિલ્હી

દેશમાં ૩૦ વર્ષ બાદ લૉકડાઉનના કારણે પ્રસારીત થયેલી રામાયણ અને મહાભારતએ ૩૦ વર્ષે પર ટીઆરપીમાં ભુક્કા બોલાવ્યા હતા. સતત ૩ અઠવાડિયા સુધી રામાણય નંબર ૧ અને મહાભારત નંબર ૨ શૉ રહ્યો. આ સફળતાના કારણે દૂરદર્શનના અચ્છેદિન આવી ગયા હતા. જોકે, આ સફળતાથી ચોંકી ગયેલી દેશની બે ખાનગી ચેનલોએ આ બંને શોનું પૂનઃ પ્રસારણ કરવાનું આયોજન કર્યુ છે. આજથી સ્ટાર પ્લસ પર રામાયણ અને કલર્સ પર મહાભારતનું પ્રસારણ થશે. રામાનંદ સાગરની 'રામાયણ' આજથી એટલે કે ચાર મેથી સાંજે સાડા સાત વાગે સ્ટાર પ્લસ પર શરૂ થશે. ચેનલ તરફથી ટ્વીટ કરવામાં આવી હતી. અયોધ્યાવાસી, પુરુષોમાં સર્વોત્તમ, સૌથી પ્રિય મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની વાત 'રામાયણ', ચાર મેથી સોમવારથી રવિવાર રોજ રાત્રે સાડા સાત વાગે સ્ટાર પ્લસ પર. બી આર ચોપરાનો શો 'મહાભારત' પણ દૂરદર્શન બાદ હવે કલર્સ ચેનલ પર આજથી એટલે કે ચાર મેથી રોજ સાંજે સાત વાગે ટેલીકાસ્ટ કરવામાં આવશે. બંને સીરિયલના કારણે દેશના ૪૦ દિવસના લૉકડાઉનને દેશવાસીઓએ સંયમ પૂર્વક વીતાવ્યું તેવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. લોકોમાં પોઝિટિવિ અને ધીરજનો સંચાર થયો છે. ભારતીય દર્શકોએ પોતાના ઘરોમાં બેસીને સહપરિવાર આ સીરિયલો જોઈ હતી. આ સીરિયલોના વિસરાઈ ગયેલા સિતારાઓ પણ ફરી આ પૂનઃ પ્રસારણના કારણે ચમકમાં આવી ગયા હતા.

એક્ટ્રેસ મોનિકા બેદી ક્રિકેટર અઝહરુદ્દીનને ડેટ કાર્યની ચારેકોર ચર્ચા



નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના ક્રિકેટર્સ અને બોલિવૂડની એક્ટર્સ વચ્ચે કનેક્શન ખૂબ જ લોકપ્રિય રહ્યું છે. જેમાં શર્મિલા ટેગોર અને નવાબ મંસૂર અલી ખાન પટૌદીથી લઈ વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની લવ સ્ટોરી સામેલ છે. ફિલ્મ એક્ટ્રેસ અને ક્રિકેટર્સ વચ્ચે એફયર્સ મોટાભાગે લગ્ન સુધી પહોંચ્યા. પરંતુ ઘણા એવા પણ રહ્યા જેમનો પ્રેમ મુકમ્મલ ન થઈ શક્યો. પરંતુ હવે વધુ એક ક્રિકેટર અને એક્ટ્રેસના અફેરની ચર્ચા ચારેકોર થઈ રહી છે.

મીડિયા સૂત્રો મુજબ એક્ટ્રેસ મોનિકા બેદી હાલ ક્રિકેટર મોહમ્મદ અઝહરુદ્દીનને ડેટ કરી રહી છે અને બંને એકબીજા સાથે વધુ સમય પસાર કરી રહ્યા છે. અઝહરુદ્દીન અને મોનિકા બેદીના એફરની વાતો ત્યારે વધુ ચર્ચામાં આવી જ્યારે મોનિકા બેદી અઝહરુદ્દીનના દીકરાના લગ્નમાં ખાસ મહેમાન તરીકે સામેલ થઈ હતી. આપને જણાવી દઈએ કે આ પહેલા મોનિકા બેદીનું નામ અંડરવર્લ્ડ ડોન અબૂ સલેમ સાથે ઘણું ચર્ચામાં રહ્યું હતું. જ્યારે બીજી તરફ અઝહરુદ્દીન પણ આ પહેલા બે લગ્ન કરી ચૂક્યા છે અને બંને તલાક સુધી પહોંચ્યા હતા. પહેલી પત્ની સાથે તલાક બાદ અઝહરુદ્દીને બોલિવૂડ એક્ટ્રેસ સંગીતા બિજલાની સાથે વર્ષ ૧૯૯૬માં લગ્ન કર્યા હતા. પરંતુ પછી મતભેદ થતા બંનેએ ૨૦૧૦માં છૂટાછેડા લીધા હતા.

દારૂ ખરીદી રહેલી મહિલાઓ પર રામગોપાલ વર્માની ટીપ્પણીનો સોના મોહપાત્રા કર્યો વિરોધ



દિલ્હી

કોરોના વાયરસને કારણે દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે. તેના કારણે દેશવાસિઓએ મોટુ નુકસાન ઉઠાવવું પડી રહ્યું છે. દેશની અર્થવ્યવસ્થા પર પણ લૉકડાઉનની સીધી અસર જોવા મળી રહી છે. તેના ધ્યાનમાં રાખી કોરોના વાયરસથી ઓછા સંક્રમિત વિસ્તારમાં થોડી છૂટ મળવાની શરૂ થઈ ગઈ છે. આલ્કોહોલ શોપ પણ ખુલી રહી છે. ઘણી જગ્યાએ મહિલાઓ પણ લાઈનમાં ઉભી છે. તેના પર રામ ગોપાલ વર્માએ વિવાદિત નિવેદન આપ્યું છે, જે સોના મોહપાત્રાને પસંદ આવ્યું નથી. પોતાના નિવેદનોથી વિવાદોમાં રહેનારા ફિલ્મ ડાયરેક્ટર રામ ગોપાલવર્માએ હાલમાં ટ્વીટર પર એક ફોટો શેર કર્યો જેમાં વાઈન શોપની બહાર લાઈનમાં યુવતીઓ ઊભેલી જોવા મળી રહી છે. તેના પર રામ ગોપાલ વર્માએ લખ્યું-

જુઓ દારૂની દુકાનની બહાર લાઈનમાં કોણ ઊભુ છે? આ તે છે જે દારૂ પીનારાનો ખુબ વિરોધ કરે છે. તેમના આ નિવેદન પર બબાલ શરૂ થઈ ગઈ છે અને લોકો રામૂનો વિરોધ કરી રહ્યાં છે. બોલીવુડ સિંગર અને હંમેશા મહિલાઓ માટે પોતાનો અવાજ ઉઠાવનાર સોના મોહપાત્રાએ રામૂના આ નિવેદન પર આકરો વિરોધ નોંધાવ્યો છે. સોનાએ લખ્યું- પ્રિય મિસ્ટર રામ ગોપાલ વર્મા, હવે સમય આવી ગયો છે કે તમે તે લોકોની લાઈનમાં જઈને ઊભા રહો જેને અસલી જ્ઞાનની સૌથી વધુ જરૂર છે. તેથી તમને ખ્યાલ આવે કે જે ટ્વીટ તમે કર્યું છે

તે મહિલાઓ સાથે ભેદભાવ જેવી વસ્તુને પ્રોત્સાહન આપી રહ્યું છે અને પુરૂષ સમાજના નૈતિક માપદંડો સાથે પણ તાલમેલ રાખી રહ્યું નથી. તમને જણાવી દઉં કે મહિલાઓને પણ પુરૂષોની જેમ દારૂ ખરીદવાની અને પીવાની છૂટ છે અને તમને ખ્યાલ હોવો જોઈએ કે કોઈની પાસે દારૂ પીને ઉગ્ર અને વિરોધી થવાનો હક નથી. મહત્વનું છે કે સોના મોહપાત્રા મહિલાઓના સમર્થનમાં અવાજ ઉઠાવે છે. પાછલા વર્ષે તેમણે મીટૂ મૂવમેન્ટનું પણ સમર્થન કર્યું હતું અને આરોપના ઘેરામાં આવી રહેલા સ્ટાર્સ પર પ્રહારો કર્યા હતા.

રામાયણના વર્લ્ડ રેકોર્ડ પર ઉપરાષ્ટ્રપતિએ પાઠવી શુભેચ્છા, કહ્યું,

ઑલ્ડ ઈઝ ગોલ્ડ. હરિ અનંત, હરિ કથા અનંતા



મુંબઈ

રામાનંદ સાગરની રામાયણે લોકડાઉનમાં દર્શકોનું ખૂબ મનોરંજન કર્યુ છે. ૮૦ના દાયકાની જાણિતી સીરીયલ 'રામાયણ'ને લઈને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂએ ટ્વિટ કરી છે. ઉપરાષ્ટ્રપતિએ નવી પેઢીને દેશની સંસ્કૃતિ અને લોક પરંપરાનો પરિચય કરાવવા માટે દૂરદર્શનનો આભાર માન્યો છે. આ સાથે જ 'રામાયણ' સીરીયલના વર્લ્ડ રેકૉર્ડ બનાવવા પર ખુશી વ્યક્ત કરી છે. વેંકૈયા નાયડૂએ લખ્યુ છે કે, ભારતીય મહાકાવ્યો પર આધારિત ૮૦ના દાયકાની લોકપ્રિય સીરીયલનું દૂરદર્શન દ્વારા ફરીથી પ્રસારણ કરવું તે પ્રશંસનીય પહેલ છે.

નવી પેઢીને આપણી સમૃદ્ધ સંસ્કૃતિ અને લોક પરંપરાનો પરિચય કરાવવા માટેના દૂરદર્શનના આ પ્રયત્ન માટે આભાર વ્યક્ત કર્યો છે. તેમણે લખ્યું છે, ઑલ્ડ ઈઝ ગોલ્ડ. હરિ અનંત, હરિ કથા અનંતા. આ જાણીને આનંદ થયો છે કે દૂરદર્શન દ્વારા ફરીથી પ્રસારિત કરવામાં આવેલી સીરીયલ રામાયણને લોકપ્રિયતામાં વર્લ્ડ રેકૉર્ડ પ્રાપ્ત કર્યો છે, અને આ વિશ્વમાં સૌથી વધારે જોવામાં આવતી સીરીયલ બની ગઈ છે. રામાનંદ સાગરની રામાયણનો અંતિમ એપિસોડ ૨જી મેના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદથી ટ્વિટર પર આખો દિવસ રામાયણ ટ્રેન્ડ થતું રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રામાયણ સીરીયલે તાજેતરમાં જ ટીઆરપી મેળવવામાં વર્લ્ડ રેકૉર્ડ બનાવ્યો છે. રામાયણ સીરીયલ ૧૬ એપ્રિલે ૭.૭ કરોડ લોકોએ જોઈ હતી, જે વિશ્વભરમાં અત્યાર સુધીમાં સૌથી વધારે જોવામાં આવેલી સીરીયલ બની ચૂકી છે.

વર્ષ ૧૯૭૮-૭૯ની સીરીઝમાં ધુલાઈથી ભારતીય બોલર્સ માફી માંગવા લાગ્યા હતાઃ મિયાંદાદ



લાહોર

ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધી દાઉદ ઈબ્રાહિમના વેવાઈ અને પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન જાવેદ મિયાંદાદે ફરી એક વાર ચોંકાવનારું નિવેદન આપ્યું છે. જાવેદ મિયાંદાદે દાવો કર્યો છે કે તેમણે વર્ષ ૧૯૭૮-૭૯ની સીરીઝમાં ભારતીય બોલર્સની ખૂબ ધોલાઈ કરી હતી અને ભારતીય બોલર્સ મિયાંદાદથી માફી માંગવા લાગ્યા હતા.

મીડિયા રિપોર્ટ મુજબ મિયાંદાદે પોતાની યુ-ટ્યુબ ચેનલ પર આ વાત કહી. મિયાંદાદે કહ્યું કે તે સમય આખી દુનિયાના બેટ્સમેન ભારતીય બોલર્સ ઈરાપલ્લી પ્રસન્ના, બિશન સિંહ બેદી, વેંકટરાઘવન અને ચંદ્રશેખરની ચોકડીથી ડરતા હતા. પરંતુ તેમની પાકિસ્તાનમાં ખૂબ ધોલાઈ થઈ હતી. મિયાંદાદે કહ્યું કે, 'ઈન્ડિયા સાથે સીરીઝ હતી. બેદી સાહેબ કેપ્ટન હતા. ફૈસલાબાદમાં મેચ ચાલી રહી હતી. પ્રસન્ના, વેંકટરાઘવન, ચંદ્રશેખર અને ખુદ બેદી ટીમની તાકાત હતા. આ ચારેય આખી દુનિયાના બેટ્સમેનોને પરેશાન કર્યા હતા. પરંતુ પાકિસ્તાનને તેમની બોલિંગની જે રીતે ધોલાઈ કરી તે વાત હાલ પણ યાદ છે. મિયાંદાદે કહ્યું કે, 'મે અને જહીર ભાઈ(જહીર અબ્બાસ) એ ભારતીય બોલર્સની બોલિંગ પર ખૂબ રન બનાવ્યા. મિયાદાંદે કહ્યું કે, 'ચંદ્રશેખર એવા બોલર હતા જેમને ફૂટફૂટ પર રમવા મુશ્કેલ હતા. પરંતુ તેઓ અમારાથી માફી માંગતા હતા અને એક-એક વિકેટ માટે તે ૨૦૦-૨૦૦ રન લુટાવી રહ્યા હતા.' આપણે જણાવી દઈએ કે મિયાંદાદ જે મેચની વાત કરી રહ્યા હતા એ મેચમાં મિયાંદાદે ૧૫૪ રન જ્યારે જહીર અબ્બાસે ૧૭૬ રન બનાવ્યા હતા. મિયાંદાદે જહીર અબ્બાસને એશિયન બ્રેડમેન પણ ગણાવ્યા હતા.

કોરોના માટે ફંડ ભેગુ કરવા હાફ મેરાથૉન દોડશે ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ



નવી દિલ્હી

ઈંગ્લેન્ડના વર્લ્ડકપ વિજેતા ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ કોરોના મહામારીમાં લોકોને મદદ કરવા માટે એક સારુ કામ કરવા જઈ રહ્યો છે. બેન સ્ટોક્સ હૉસ્પીટલો અને એક ચેરિટી માટે ફંડ એકઠુ કરવા માટે ફાફ મેરાથૉન (૨૧.૦૯૭૫ દ્ધદ્ધ) દોડશે.

બેન સ્ટોક્સે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો સંદેશમાં કહ્યું, તે ખુદને ક્રિકેટ ગાર્ડન મેરાથૉન ટીમ એ ત્રણ વ્યક્તિઓથી પ્રભાવિત છે, જેમને પોતાના ઘરના પાછળના ભાગમાં ફૂલ મેરાથૉન દોડીને બ્રિટનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા અને ચાન્સ ટૂ શાઈન ફાઉન્ડેશન માટે રૂપિયા એકઠા કર્યા હતા. તેને કહ્યું હું હંમેશાથી હાફ મેરાથૉન દોડવા માંગતો હતો, પણ ક્યારેય મોકો નથી મળ્યો. હવે લૉકડાઉનમાં બહાર નીકળીને ફંડ એકઠુ કરવુ એક સારો અવસર છે. બેન સ્ટોક્સે સ્વીકાર કર્યો કે તે આઠ કિલોમીટરથી વધુ નહીં દોડે, તેને કહ્યું મને આશા છે કે આનાથી લોકોને ક્રિકેટ ગાર્ડન મેરાથૉનને દાન આપવાની પ્રેરણા મળશે.

કાસ્ટિંગ કાઉચ પર આયુષ્યમાન ખુરાનાનો મોટો ખુલાસો,

મને મારું હથિયાર બતાવવા પર મળી રહ્યો હતો લીડ રોલ



મુંબઈ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચ કેટલીય જગ્યાઓ પર થઈ રહ્યું છે, અને સ્ટ્રગલિંગ એક્ટરોને આનો સામનો કરવો પડતો હોય છે. આમા માત્ર મહિલાઓ જ નહીં પણ પુરુષો પણ સામેલ છે. તાજેતરમાં જ પિંકવિલા સાથે વાતચીત કરતાં એક્ટર આયુષ્યમાન ખુરાનાએ એક મોટો ખુલાસો કર્યો હતો. તેમને પોતાના શરૂઆતના સમયમાં જે વસ્તુઓઓના સામનો કર્યો તેની વાત કહી હતી. તેને જણાવ્યુ કે એક કાસ્ટિંગ ડાયરેક્ટરને લીડ રોલના અવેજમાં મારી પાસે કંઈક એવી માંગ રાખી કે જેનાથી હું અસહજ થયો હતો. તેમને જણાવ્યુ કે, મને એક કાસ્ટિંગ ડાયરેક્ટરે કહ્યું હતું કે હું તમને લીડ રોલ આપીશ, પણ જો તું મને તારુ હથિયાર બતાવીશ તો, મે શાલીનતાથી આ વાતની ના પાડી દીધી હતી. આ ઉપરાંત ઓડિશન અને વિરોધ વિશેની વાત પણ કહી હતી. તેને પોતાના સ્ટ્રગલિંગ ડેને પણ યાદ કર્યા હતા. એક્ટરે કહ્યું કે હુ આ બધુ જોઈ જોઈને મજબૂત થઈ ગયો છું. મારી કેરિયર ઘણાબધા રિજેક્શનો બાદ બની છે. દર શુક્રવારે તમારી કિસ્મત બદલાઈ જાય છે.

પેરીની ગણના સૌથી સુંદર સ્પોર્ટ્સ સ્ટારમાં છે

ક્રિકેટર એલિસ પેરી મુરલી વિજય સાથે ડિનર ડેટ પર જશે

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટર મુરલી વિજયે ગત મહિને ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે લાઈવ ચેટ દરમિયાન ડિનર ડેટ માટે બે લોકોની પસંદગી કરી હતી. તેમાંથી એક હતો ટીમ ઈન્ડિયાનો ઓપરનર શિખર ધવન અને બીજી હતી ઑસ્ટ્રેલિયાની સુંદર મહિલા ક્રિકેટર એલિસ પેરી. શિખર ધવનની તો ખબર નથી પરંતુ પેરીએ મુરલી વિજયની ઑફર સ્વીકારી લીધી છે. જો કે માટે તેણે એક શરત મૂકી છે. હકીકતમાં ચેટ દરમિયાન વિજયને જ્યારે પૂછવામાં આવ્યું હતું કે, તે કયા બે ખેલાડીઓ સાથે ડિનર પર જવા ઈચ્છશે તો મુરલી વિજયે ઑસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ખેલાડી એલિસ પેરી અને ભારતીય ટીમના ઑપનર શિખર ધવનનું નામ આપ્યું હતું. તેણે કહ્યું હતું કે, હું એલિસ પેરી સાથે ડિનર પર જવા ઈચ્છીશ કેમ કે તે ઘણી જ સુંદર છે. જોકે, પેરીને ખ્યાલ ન હતો કે વિજયે આવી કોઈ વાત કરી છે, પરંતુ હવે પેરીને જ્યારે લાઈવ ચેટ શોમાં આ અંગે પૂછવામાં આવ્યું તો તેણે તરત જ હા કહી દીધું હતું. જો કે તે માટે તેણે એક શરત પણ રાખી હતી. જ્યારે પેરીને વિજય સાથે ડિનરનું પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું કે, ચોક્કસથી જઈશ પણ મને આશા છે કે બિલનો ખર્ચો મુરલી વિજય કરશે. આ સાથે પેરીએ વિજયની પ્રશંસા પણ કરી હતી.

ખેડા જિલ્લાના મહેમદાવાદ શહેરમાં લોકડાઉનના ત્રીજા તબક્કાનું ચુસ્તપણે પાલન કરતી જનતા



ખેડા

નોવેલ કોરોના વાયરસ covid -19 ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર રાજ્ય માં 'ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન ૨૦૨૦'લાગુ કરવામાં આવેલ છે.ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ covid -19 ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરેલ છે.ભારત સરકાર દ્વારા તા.૧ મેં ના હુકમથી વધુ બે અઠવાડિયા એટલેકે તા.૧૭ મેં સુધી લોક ડાઉન લંબાવવામાં આવ્યુ છે.

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકા અને શહેર માં કોરોના વાયરસ નો પગ પેસારો ના થાય તે માટે મહેમદાવાદ શહેર મામલતદાર વી.કે.પટેલ અને શહેર પી.આઈ. ડી.એન. નકુમ સહીત નો પોલીસ સ્ટાફ સતત ઉજાગર રહી રાત દિવસ એક કરી સતર્કતા કેળવીને કામગીરી કરી રહેલ છે. તેથીજ મહેમદાવાદ ની જાહેર જનતા કોરોના થી સલામત છે.

મહેમદાવાદ શહેર માં આવેલ વહોરા સોસાયટી નું હંમેશા ઉમદા(સેવાભાવી)કાર્ય માં નામ અગ્રેસર રહેલ છે. જેમાં આસિયાના પાર્ક, નેશનલ પાર્ક અને હિના સોસાયટી ના સહયોગથી દરેક નેક કામ કરવામાં આવે છે. કોરોના ની મહામારીના સમય માં ગરીબ અને મધ્યમ વર્ગના ધંધા રોજગાર બંધ હોવાથી પોતાના પરિવાર નું ભરણ પોસણ કરવું મુશ્કેલ હોય તો આવી કપરી પરિસ્થિતિ માં કોઈ પણ જાતના ભેદભાવ વગર અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ સમય ની સાથે રહી ભૂખ્યા ને ભોજન મળી રહે તે મુજબનું આયોજન કે. જી. એન. ગ્રુપ દ્વારા વિના મૂલ્યે ભોજન સેવા ચાલુ કરી ઘરે ઘરે ભોજન પહોંચાડવાનું સેવાનું કામ કરેલ જેનો ખુબ આવકાર મળેલ પરંતુ સરકાર તરફથી આ સેવાની મનાઈ કરવાનો આદેશ મળતાજ હાલ આ સેવા સદન્તર બંધ કરવામાં આવેલ છે. આ ત્રણેય સોસાયટીના આગેવાનો દ્વારા સરકાર ના કાયદાની અમલવારી થાય અને ચુસ્ત પાલન થાય તે હેતુ થી સોસાયટી ના મુખ્ય દ્વાર ઉપર સૂચનાઓ લખી લોકડાઉન અને કર્ફ્યુ નો ભંગ ન થાય અને ચોક્કસ પણે અમલવારી થાય તેની તકેદારી રૂપે જાગૃતતા રાખવા તેમજ બહારનો કોઈ અજાણ વ્યક્તિ સોસાયટી માં પ્રવેશ ના કરે તેનું પણ ચોક્કસ ધ્યાન રાખવામાં આવે છે. તેમજ બહાર ના કોઈ જિલ્લામાં થી પ્રવેશ કરે તો તુરંત પોલીસ સ્ટેશન માં જાણ કરવામાં આવે છે. સોસાયટીમાં દરેક મહિલાઓ ને સવારે માર્કેટ માં જતી વખતે માસ્ક ફરજીયાત પહેરવાનું અને બજારમાં સોસીયલ ડિસ્ટન્સ રાખવામાં આવે તેવી સૂચનાઓ થી માહિતગાર કરવામાં આવે છે.કોરોના ને હરાવવામાં આવી જાગૃત સોસાયટી નો નહિવત ફાળો છે તેવું કહી શકાય.

વિકાસ યોજનાઓ પર થનારા ખર્ચમાં ૬૭ ટકાનો કાપ મુકશે

કોરોના સંકટ: મહારાષ્ટ્ર સરકાર એક વર્ષ સુધી વિકાસના કામ નહીં કરે

મુંબઈ

દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે અસરગ્રસ્ત છે. રાજ્યની અર્થવ્યવસ્થામાં ભારે નુકશાન થયું છે. ત્યારે રાજ્ય સરકારે સોમવારે ૪ મે ૨૦૨૦ના રોજ કર્યું કે આવતા વર્ષના માર્ચ મહિના સુધી કોઈ વિકાસના કોઈ કામો નહીં થઈ શકે. સરકારે હાલમાં તમામ નવા પ્રોજેક્ટ ફ્રીજ કરી નાંખ્યા છે. મહારાષ્ટ્ર એવું રાજ્ય છે જેનું બજેટ ઉત્તર પ્રદેશ પછી સૌથી મોટું છે. એક અધિકારીના જણાવ્યાનુંસાર રાજ્ય સરકાર નાણા વર્ષ ૨૦૨૦-૨૧ની વિકાસ યોજનાઓ પર થનારા ખર્ચમાં ૬૭ ટકાનો કાપ મુકશે. વર્ષ ૧૯૬૦માં રાજ્યના નિર્માણ બાદથી આ અત્યાર સુધીનો સૌથી મોટો કાપ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના દ્વારા રજુ કરવામાં આવેલા આંકડા મુજબ ૧૨૯૭૪ કેસ આવ્યા છે. જે દેશના ત્રીજા ભાગના છે. કુલ ૫૪૮ લોકના મોત થયા છે. જે ભારતના કુલ મોતના ૪૦ ટકા છે. ૨ મહિના પહેલા જ મહારાષ્ટ્ર સરકારે નાણાવર્ષ ૨૦૨૦-૨૧ માટે ૪.૩૪ લાખ કરોડ રુપિયાનું બજેટ રજુ કર્યુ હતુ. જે ૨૦૧૯-૨૦ ની સરખામણીએ ૪.૧ ટકા વધારે હતું. રાજ્ય સરકારે કોરોનાને પહોંચી વળવા માટે પાયાની જરુરીયાતો અને જરુરી ચીજ વસ્તુઓની ખરીદી પર પ્રતિબંધ મુક્યો છે. તેમણે નવી ખરીદી અને નવા વિકાસના કાર્યોને પાછા ખેંચવાનો આદેશ આપ્યો છે.

છે.ગુજરાતમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યામાં પણ ઉત્તરોતર વધારો જોવા મળી રહ્યો છે. આંધ્રપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ નવા કોવિડ-૧૯ પૉઝિટીવ કેસ સામે આવ્યા જેમાં રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૧૭૧૭ થઈ ગઈ છે. મૃતકોનો આંકડો ૩૪ છે.

કેરલમાં કોરોનાના ૫૦૦ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે. લદાખમાં ૪૧ કેસ સામે આવ્યા છે.મધ્ય પ્રદેશમાં કોરોનાના ૨૯૪૨ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૬૫ લોકોના મોત નિપજ્યા છે.રાજસ્થાનમાં કોરોનાના ૩૦૬૧ કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૭૭ લોકોના મોત નિપજ્યા છે.તેલંગણામાં કોરોનાથી ૧૦૮૫ લોકો સંક્રમિત થયા છે. જ્યારે ૨૯ લોકોના મોત નિપજ્યા છે.ઉત્તર પ્રદેશમાં સંક્રમિતનો આંકડો ૨૭૬૬ પર પહોંચ્યો છે. જ્યારે મૃત્યુઆંક ૫૦ પર પહોચ્યો છે.પશ્ચિમ બંગાળમાં કોરોનાના ૧૨૫૯ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૩૩ લોકોના મોત નિપજ્યા છે

કોરોના લડાઈમાં એનસીસીનો પણ ઉપયોગ થઇ રહ્યાંછે, અને તેથી જ તેને ધ્યાનમાં રાખીને કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહે જણાવ્યું કે, કોવિડ-૧૯ની આ સંકટની ઘડીમાં આપણા એનસીસી કેડેટ્સ અને ડાયરેક્ટોરેટ્સની જે ભૂમિકા રહી છે તે પ્રશંસનિય છે. આ ઘડીમાં આપણા એનસીસી કેડેટ્સે જે બહુમૂલ્ય યોગદાન આપ્યુ છે તેના પર અમને સંપૂર્ણપણે ગર્વ છે.

કાશ્મીરી ઘાટી પહેલા પાનાથી ચાલુ

ઘાટીમાં કલમ ૩૭૦ હટ્યા બાદના જનજીવન, પ્રદર્શન, પોલીસ અને સૈન્યની તસવીરોને દુનિયા સુધી પહોંચાડી હતી. જે બદલ તેમને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ચન્ની આનંદ છેલ્લા ૨૦ વર્ષથી એપી સાથે જોડાયેલા છે. પુલિત્ઝર પુરસ્કાર મળતા આનંદે જણાવ્યું કે, હું આશ્ચર્યચકિત છુ. મને હજુ પણ વિશ્વાસ નથી થતો. ખરેખર તો આ પુરસ્કારની ઘોષણા ગયા મહિને થવાની હતી, પરંતુ કોરોના વાયરસના કારણે તે સ્થગિત કરવામાં આવી હતી. જે હવે કરવામાં આવી છે.

પુલિત્ઝર પુરસ્કારની શરુઆત ૧૯૧૭માં કરવામાં આવી હતી. પુલિત્ઝર પુરસ્કાર અમેરિકાનો પ્રમુખ પુરસ્કાર છે. જે ન્યૂઝ પેપર, પત્રકારત્વ, સાહિત્ય અને સંગીત જેવા ક્ષેત્રમાં નોંધપાત્ર કામ કરનારા લોકોને આપવામાં આવે છે. આ આ વર્ષે ધ ન્યૂ યોર્કર, ધ વોશિંગટન ટાઇમ્સ, ધ લોસ એંજલસ ટાઇમ્સ, અસોસિએટેડ પ્રેસ જેવા પ્રતિષ્ઠિત ન્યૂઝ પેપર અને સમાચાર એજન્સીઓને તેમના અલગ અલગ સમાચાર માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

દેશને આર્થિક પહેલા પાનાથી ચાલુ

ચર્ચા દરમ્યાન બેનર્જીએ એ વાત પર પણ જોર આપ્યું કે ભારત સરકારને અમેરિકા અને કેટલાંક બીજા દેશોની જેમ મોટું પ્રોત્સાહન પેકેજ આપવું પડશે જેથી કરીને લોકોના હાથમાં પૈસા આવે અને બજારમાં માંગ વધી શકે.

શું 'ન્યાય'ની યોજનાના તર્જ પર લોકોને પૈસા આપી શકાય, એવા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે 'ચોક્કસ' આપી શકાય તેમ છે.

સાથો સાથ તેમણે એમ પણ કહ્યું કે જો આપણે નીચલા વર્ગના ૬૦ ટકા વસતીના હાથમાં થોડાંક પૈસા આપીએ છીએ તો તેમાં કશું ખોટું હશે નહીં. આ એક પ્રકારનું પ્રોત્સાહન હશે. જો કે પાછલી લોકસભા ચૂંટણીના સમયે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૨૫મી માર્ચના રોજ 'ન્યાય'નું વચન આપ્યું હતું. તેના અંતર્ગત દેશના અંદાજે પાંચ કરોડ ગરીબ પરિવારોને વાર્ષિક ૭૨૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. બેનર્જીએ એમ પણ કહ્યું કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ જેથી કરીને તેમને અનાજ મળી શકે. બેનર્જીએ એમ પણ કહ્યું કે જરૂરિયાતમંદ સુધી પૈસા પહોંચાડવા માટે રાજ્ય સરકારો અને બિન સરકારી સંગઠનોની મદદ લઈ શકાય છે. તેમણે અમેરિકા અને બ્રાઝીલમાં રાષ્ટ્રપતિઓનો હવાલો આપતા કહ્યું કે એ ખોટી ધારણા છે કે આવા સંકટના સમયમાં 'મજબૂત વ્યક્તિ' સ્થિતને ઉકેલી શકે છે.

આ અગાઉ, આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનની સાથે આ રીતે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં રાજને કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું રોકવા માટે લોકડાઉનનો સાવધાનીપૂર્વક ખાત્મો કરવાની પેરવી કરતાં કહ્યું હતું કે ગરીબોની મદદ માટે સીધા તેના ખાતામાં પૈસા મોકલવામાં આવે અને તેના પર અંદાજે ૬૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થશે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વાઈરસના સંકટ અને તેની આર્થિક અસર અંગેના વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મંગળવારે નોબલ પુરસ્કારથી સન્માનિત અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી સાથે વાતચીત કરી હતી. અર્થવ્યવસ્થા અને સ્વાસ્થ્યના નિષ્ણાંતો સાથેની ચર્ચા સિરિઝના ભાગરૂપે કોંગ્રેસના નેતાએ મંગળવારે સવારે ૯ કલાકે નોબેલ વિજેતા અભિજિત બેનર્જી સાથે કોરોના વાઈરસથી થયેલા આર્થિક નુકસાન અને આ રોગચાળાને કારણે દેશમાં લોકડાઉન અંગે વાત કરી હતી. તેમને ટ્વીટરના માધ્યમથી આ વિશે માહિતી આપી હતી.

રૂપાણી સરકારે પહેલા પાનાથી ચાલુ

ત્રિમાસિક ગાળામાં ફ્યુઅલ સરચાર્જ પ્રતિ યુનિટમાં ૧૬ પૈસાનો ઘટાડો થયો છે આ ઘટાડાના કારણે વીજ ગ્રાહકોને રૂપિયા ૩૧૦ કરોડની રાહત મળશે. ઘટાડો કરવાનું મૂળ કારણ ખરીદીમાં ઘટાડો થયો છે. ૩૧૦ કરોડ રૂા. લાભ રાજ્યની પ્રજાને મળશે. ૨.૦૬ પૈસા પર યુનિટ હતો જેનો ભાવ ૧.૯૦ પૈસા કરવામાં આવ્યો છે.

આ ફ્યુઅલ સરચાર્જ ઘટવાનું મુખ્ય કારણ એ છે કે આ ત્રિમાસિક ગાળા દરમિયાન રાજ્ય સરકારે સસ્તા દરે ગેસ ગ્રાહકોના હિતમાં ખરીદ્યો છે અને ગેસ આધારિત વીજ ઉત્પાદન કર્યું છે જેને લીધે વીજ ઉત્પાદન ખર્ચ ઓછું થયું છે જેનો સીધો લાભ વીજ ગ્રાહકોને આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે એટલે કે અંદાજે ૧.૩૦ કરોડ થી વધુ ગ્રાહકોને આ લાભ સીધે સીધો મળતાં તેમના વીજ બીલમાં રાહત થશે અને બિલ ઓછું આવશે.

ક્રિટીકલ કન્ડીશન પછી કોરોનાને પરાસ્ત કરનારા રાણાભાઈએ માન્યો આરોગ્ય વિભાગનો આભાર



ક્રિટીકલ કન્ડીશન બાદ રાણાભાઈ કુમરખાણીયા કોરોનાને પરાસ્ત કરીને ૧૯ દિવસ પછી કુમરખાણ પરત ફરતા પુષ્પ વર્ષાથી સ્વાગત કરાયુ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

"રાણાભાઈ જયરામભાઈ કુમરખાણીયાએ મારા કાકા છે. અમે અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના કુમરખાણ ગામમાં રહીયે છીએ. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને તેમની લોહીની ટકાવારી ઓછી હોવાના કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણમાં તપાસ કરાવી હતી. જ્યાથી ડોક્ટરે અમદાવાદ સિવીલ હોસ્પિટલ ખાતે જવાની સલાહ આપી હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૨ બોટલ લોહી ચડાવવામાં આવ્યુ હતુ અને કોરોનાનો રીપોર્ટ કરાવતા પોઝીટીવ આવ્યો હતો. જેથી તેઓને સિવીલ હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા અને સતત ૧૯ દિવસ તેમની સારવાર કરવામાં આવી હતી. સિવીલ હોસ્પીટલના ડોક્ટર, પેરામેડીકલ સહિતના સ્ટાફે તેમની ખુબ જ કાળજીથી સારસંભાળ લીધી હતી. ત્યારપછી તેમના સતત ૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા હતા જેથી તેમને સિવીલ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ તેમને લેવા માટે સિવીલ હોસ્પીટલ આવી હતી અને જ્યારે ઘરે પહોચ્યા ત્યારે જીલ્લા આરોગ્ય સમિતીના ચેરમેન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર, સ્ટાફ, સરપંચ, આગેવાનો દ્વારા પુષ્પોથી સ્વાગત કર્યુ હતુ. અમને મદદરૂપ બનનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર, સિવીલ હોસ્પીટલના ડોક્ટર, સ્ટાફનો આભાર માનુ છુ" આ શબ્દો છે ક્રિટીકલ કન્ડીશન બાદ કોરોનાને પરાસ્ત કરનારા રાણાભાઈના ભત્રીજા કિશન કુમરખાણીયાના. અમદાવાદ જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.રાકેશ ભાવસાર, નીલકંઠ વાસુકિયા દ્વારા મંગળવારે રાણાભાઈની ગૃહ મુલાકાત લેવામાં આવી ત્યારે તેઓના ભત્રીજા કિશન કુમરખાણીયા સહિતના પરીવારજનો દ્વારા આરોગ્ય વિભાગનો આભાર માનવામાં આવ્યો હતો. ટીમ દ્વારા દર્દીને પોષણયુક્ત આહાર તેમજ આગામી ૧૪ દિવસ ઘરમાં રહી આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, કુમરખાણના રાણાભાઈ કુમરખાણીયાની તા-૦૯/૦૪/૨૦૨૦ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણ ખાતે અશક્તિ નબળાઈ બાબતે બતાવવા આવતા મેડિકલ ઓફિસર દ્વારા તપાસી દર્દીને સેવિયર એનેમિયા માલુમ પડેલ. મેડિકલ ઓફિસર દ્વારા સુરેદ્રનગર/અમદાવાદ સિવિલ હોસ્પીટલમા જઈ લોહિ ચડાવવા માટેની સલાહ આપેલ હતી. તેઓને તારીખ – ૧૪/૦૪/૨૦૨૦ના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યે ઉલ્ટીમાં બ્લડ આવતા વિરમગામ ખાતે આવેલ ડો. દિલીપભાઈ પટેલની ભાગ્યોદય હોસ્પીટલમા લઈ ગયેલ હતા. જ્યા હાજર તબીબ ડૉ.જીગરભાઈ રામી દ્વારા પ્રાથમિક સારવાર તેમજ તેઓના જરૂરી લોહિના રીપોર્ટ નિધિ લેબોરેટરીમા કરાવેલ હતા. લોહિના રીપોર્ટમા હિમોબ્લોબીન ૨.૩% આવતા તેઓને ક્રિટીકલ કન્ડીશનમાં અમદાવાદ સિવિલ હોસ્પીટલ ખાતે તેઓની એમ્બ્યુલન્સમાં રીફર કરવામા આવેલ હતા. રાત્રીના ૨ વાગ્યે અસારવા સિવિલ હોસ્પીટલ,અમદાવાદ ખાતે આવેલ ઈમરજન્સી વિભાગમા દાખલ કરી ઈમરજન્સી સારવાર બાદ કોરોના ટેસ્ટ અર્થે COVID-19 હોસ્પીટલ ખાતે મોકલવામા આવેલ હતા. તા-૧૬/૦૪/૨૦૨૦ના રોજ COVID-19 પોઝીટીવ આવેલ હતો. સઘન સારવાર બાદ તારીખ- ૦૪/૦૫/૨૦૨૦ના રોજ સતત બીજો રીપોર્ટ નેગેટીવ આવતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાની સરકાર દ્વારા છૂટ

સરકારની પરપ્રાંતિયોને અપીલ- ધીરજ રાખો, ટ્રેનોની સંખ્યા વધારાશે

ગુજરાતમાંથી પરપ્રાંતિયો માટે કુલ ૩૫ ટ્રેનો

ગાંધીનગર

રાજ્યમાં હાલ લોકડાઉન વચ્ચે પરપ્રાંતિયો અને શ્રમિકોનો મુદ્દો ચગ્યો છે. આવામાં પરપ્રાંતિયો અને શ્રમિકોને સુવિધા અંગે સીએમઓના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, અમદાવાદથી બહાર જવા માટે ત્રણ અને યુપી જવા માટે ચાર ટ્રેનો એમ મળીને કુલ ૭ ટ્રેનનો અમદાવાદથી ગઈ છે. સુરતથી કુલ ૧૦ ટ્રેન આજે રવાના થવાની છે. ઓરિસ્સા જવા માટે સુરતથી કુલ ૮ ગઈ છે. આમ, કુલ ૨૩ ટ્રેનના માધ્યમથી ૨૮ હજાર જેટલા પરપ્રાંતિયોને ગુજરાતથી મોકલવામાં આવ્યા છે. આજે બીજી ૧૨ ટ્રેન રવાના થશે. વિરમગામથી યુપીની પણ ટ્રેન આજે રવાના થશે. અમદાવાદથી પણ બે ટ્રેનો રવાના થશે. ગુજરાતમાંથી પરપ્રાંતિયો માટે કુલ ૩૫ ટ્રેનો જશે. ગુજરાતમાંથી સવા ત્રણ લાખ પરપ્રાંતિયો ટ્રેન અને બસમાં જવા નીકળ્યા છે. મુખ્યમંત્રીએ પરપ્રાંતિયોને અપીલ કરી જે પણ શ્રમિક જવા માગે છે તેને મોકલવામાં આવશે, પણ તેઓ ધીરજ રાખે. હજુ પણ ટ્રેન ની સંખ્યા વધારવામાં આવશે.

રત્ન કલાકારોને સૌરાષ્ટ્ર જવા અંગે તેમણે જણાવ્યું કે, ગઈકાલે સુરતમાં રત્નકલાકારો જે મોટાભાગે સૌરાષ્ટ્રના છે તેમને પણ પોતાના વતનમાં જવા દેવાની લાગણી હતી. જેમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કિશોરભાઈ કાલાણીના અધ્યક્ષસ્થાને એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી બોટાદ, અમરેલી, ભાવનગર અને રસ્તામાં આવતા બીજા વિસ્તારોનું સંકલન કરીને રત્નકલાકારોને પોતાના વતનમાં મોકલશે. પરંતુ એક કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાંથી બીજા કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં જવાની પરવાનગી નહિ આપવામાં આવે. જવા માટે સુરતના રત્ન કલાકારોએ કલેક્ટર કચેરીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આજે સાંજ સુધીમાં રજિસ્ટ્રેશન ચાલુ કરી દેવામાં આવશે. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાની સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે. એ માટેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન પોર્ટલ સાંજ સુધીમાં તૈયાર થશે. આ માટે બસમાં કે ખાનગી વાહનમાં કે પોતાની રીતે જવા દેવામાં આવશે. આ માટે આવતીકાલથી રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. સુરતથી જે લોકો જવા માગતા હશે તે તમામનું સ્કેનિંગ કરીને મંજૂરી આપવામાં આવશે. તેમના આરોગ્યની ચકાસણી કર્યા બાદ જ મંજૂરી આપવામાં આવશે. જે લોકોમાં લક્ષણો હશે તે લોકોને બાજુમાં સારવાર માટે લઈને જવા દેવામાં આવશે, જેઓ લક્ષણ નહીં હોય તેમને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવશે. ૧૪ દિવસ માટે હોમ ક્વોરેન્ટાઈન કરાશે. પરંતુ એકવાર ગયા પછી તેઓએ ૪૫ દિવસ સુધી એક જ જગ્યાએ રહેવાનું રહેશે.

ચિંતાજનક કોરોના પહેલા પાનાથી ચાલુ

સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૪,૫૪૧ કેસ સામે આવ્યા છે. સંક્રમિતના પગલે ૫૮૩ લોકોના મૃત્યુ થયા છે.અંદમાન નિકોબારમાં ૩૩ કેસ સામે આવ્યા છે. જ્યારે હજુ સુધી કોઈ મૃત્યુ નોંધાયુ નથી. અરૂણાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં એક જ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત સામે આવ્યો છે. આ ઉપરાંત રાજ્યામાં કોઈ મોત થયુ નથી.આ ઉપરાંત જો આસમમાં ૪૩ કેસ સામે આવ્યા છે. જ્યારે એક વ્યક્તિનું મોત નિપજ્યુ છે.

બિહારમાં કોરોનાના ૫૨૮ કેસ સામે આવ્યા છે. જ્યારે ૪ લોકોના મોત નિપજ્યા છે.ચંદીગઢમાં ૧૦૨ કેસ સામે આવ્યા છે. જ્યારે એકનું મોત નિપજ્યા છે.છતીસગઢમા ૫૮ કેસ સામે આવ્યા છે. જ્યારે મૃત્યુ નોંધાયુ નથી.ગોવામાં કોરોનાના ૭ કેસ સામે આવ્યા હતા. જે તમામને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેના પગલે ગોવા હાલમાં કોરોનામુક્ત રાજ્ય

લોકડાઉનમાં એકતાની ભાવનાને સાર્થક કરતું ચિત્ર

ગાંધીનગર લોકડાઉનમાં ૪૦ દિવસથી મુસ્લિમો અન્નક્ષેત્ર ચલાવી લોકોને કરાવે છે ભોજન

ગાંધીનગર

દેશમાં લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે. જેમ દિવસ વીતી રહ્યા છે, તેમ તેમ શ્રમજીવીઓ માટે કઠીન પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. એક તરફ ધંધા રોજગાર બંધ છે બીજી તરફ પાપી પેટનો સવાલ છે. ગરીબ અને છૂટક મજૂરી કરતા લોકોની સ્થિતિ તો 'જાયે તો જાયે કહા' જેવી ગઈ છે. ત્યારે પેથાપુરમાં રહેતા શ્રમજીવીઓ માટે પરમાર પરીવાર અન્નદાતા બનીને બહાર આવ્યો છે. સાબરમતી નદીના કિનારે શકીના મસ્જિદ ખાતે પેથાપુર રહેતા ગરીબો માટે છેલ્લા ૪૦ દિવસથી ભોજન બનાવવામાં આવી રહ્યું છે.

ગામના આગેવાન ગાંધીનગર મહાપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારના પરિવાર દ્વારા દરરોજ ૬૦૦ કરતાં વધુ લોકો માટે બે ટાઈમ ભોજન બનાવવામાં આવી રહ્યુ છે. જે માત્ર મુસ્લિમ પરિવારોની જ નહીં પરંતુ હિંદુ લોકોના પણ પેટનો ખાડો પૂરી રહ્યા છે. દરરોજ અલગ-અલગ મિષ્ટાન સાથે દાળ ભાત સહિતની વાનગીઓ જોઈએ તેટલી માત્રામાં આપવામાં આવી રહી છે. સોસિયલ ડીસ્ટન્સ માટે ટુ વ્હીલરના ટાયર મૂકવામાં આવ્યા છે જેની જગ્યા પણ ફિક્સ કરવામાં આવી છે જયારે સરકારના તમામ નિયમો સાથે સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.યુસુફભાઈ પરમાર ૪૦ દિવસથી ચલાવવામાં આવી રહેલા અન્નક્ષેત્રને લઈને કહ્યુ હતું, કે હાલમાં દરેક માનવી મુશ્કેલી અનુભવી રહ્યા છે. પૈસાદાર પણ પરેશાન થઈ ગયો છે તેવા સમયે સમજી ગયો અને ગરીબ લોકોની પડખે ઉભો રહેવાનો મોકો મળ્યો છે. જેને અમે ગામના આગેવાનો સાથે રાખીને અમારી ફરજ સમજી બજાવી રહ્યા છીએ. કોરોના વાઈરસનો કહેર સમગ્ર દુનિયા પર જોવા મળી રહ્યો છે.ત્યારે આ લોકડાઉન ક્યારે ખુલશે ગરીબોને ક્યારે રોજગારી મેળવતા થશે, તેનું કોઈ જ નક્કી નથી.જ્યાં સુધી શ્રમજીવી રોજગારી મેળવતા નહીં થાય ત્યાં સુધી સેવાની સરવાણી ચાલુ રહેશે.

એકસરખા નામના કારણે તંત્રમાં ફેલાઈ ગેરસમજ

ભચાઉમાં યુવકના કોરોના રિપોર્ટને લઈ કચ્છતંત્રની મોટી ભૂલ આવી સામે

કચ્છ

કચ્છના ભચાઉના પોઝિટિવ કેસ બાબતે તંત્ર દ્વારા કાચું કપાયું. જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ખુલાસો કરાયો કે, અગાઉ જે દર્દીનો કોરોના નો રિપોર્ટ પોઝિટિવ આપ્યો હતો, તે હકીકતમાં નેગેટિવ આવ્યો છે. ક્વોરન્ટાઈન સહિતના પગલા લેવાયા બાદ તંત્ર દ્વારા ખુલાસો કરાતા અનેક સવાલો ઉભા થયા છે. જાણકારોના મત પ્રમાણે આંતરિક સંકલનના અભાવના કારણે તંત્રે છબરડો માર્યો છે. પહેલા પણ કચ્છના તંત્ર દ્વારા પોઝિટિવ પુરુષને મહિલા દર્શાવાયાની ભૂલ કરાઈ હતી. જેના બાદ તંત્રનો આ બીજો મોટો ગંભીર છબરડો સામે આવ્યો છે.

ગાંધીધામની હોસ્પિટલમાં દાખલ લિવરના દર્દથી પીડાતાં ભચાઉના ૩૬ વર્ષના એક યુવક હરેશ પરમારનો અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું તંત્ર દ્વારા જાહેર કરાયું હતું. રિપોર્ટમાં તંત્રએ મોટો છબરડો વાળ્યો છે. તંત્રએ મોડી રાત્રે જાહેર કરેલી માહિતી મુજબ, એકસરખા નામવાળા બે દર્દીના પોઝિટિવ અને નેગેટિવ રિપોર્ટના કારણે ગેરસમજ થતાં ભચાઉનો યુવક પોઝિટિવ હોવાનું જાહેર થયું હતું.

આ યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું માની આરોગ્ય વિભાગની ટીમો ભચાઉમાં યુવકના ઘરે દોડી ગઈ હતી. તો, ગાંધીધામમાં જે ડૉક્ટરની હોસ્પિટલમાં યુવકે સારવાર મેળવી હતી, તે તબીબની હોસ્પિટલે પણ દોડી જઈ તેના સંપર્કમાં આવેલાં લોકોની વિગતો મેળવવાનું શરૂ કર્યું હતું. જોકે, મધરાત્રે યુવકનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હોવાનું જાહેર થયું છે. એકસરખા નામના કારણે આ ગેરસમજ ફેલાઈ હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.પ્રેમ કુમાર કન્નરે જણાવ્યું છે.

રૂપિયા ૧૦ના સાબુદાણાના ૫૦ રૂપિયા વસુલતા સ્ટોર સામે આક્રોશ

રાજકોટમાં જનરલ સ્ટોર સામે આકરાં પગલાં લેવા જિલ્લા કલેક્ટરને ફરિયાદ

રાજકોટ

કોરોના વાયરસને કારણે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જો કે કરિયાણા, મેડિકલ સહિતની જીવન જરૂરી વસ્તુઓને ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે પરંતુ આ છૂટનો લાભ ઉઠાવી ગ્રાહકો પાસેથી તગડી કિંમત વસૂલવા અનેક નફાખોર વેપારીઓ થનગની રહ્યા છે અને મુળ ભાવ કરતાં બમણા-ત્રણ ગણા ભાવ લઈ રહ્યા છે. આવો જ કડવો અનુભવ ૧૫૦ ફૂટ રિંગરોડ પર રહેતાં મહિલાને થયો હતો. તેમણે રૂા.૧૦ના સાબુદાણાના ૫૦ ચૂકવ્યા હતા તો અન્ય એક મહિલાએ આ જ સાબુદાણાના પેકેટના ૬૦ રૂપિયા ચૂકવ્યા હતા.

સ્ટોર દ્વારા તેમને બીલ પણ આપવામાં આવ્યું હતું જેમાં પણ મુળ કિંમત કરતાં વસૂલાયેલી કિંમત જ લખાયેલી હતી. રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ પર દેવઆશિષ બિલ્ડિંગમાં ત્રીજા માળે રહેતાં ટીનાબા જાડેજાએ જણાવ્યું કે તઓ ૧૫૦ ફૂટ રિંગરોડ પાસે ટાઈમ્સ સ્કવેર બિલ્ડિંગમાં આવેલા એચ-માર્ટ જનરલ સ્ટોરમાં ગત તા.૨ના ગયા હતા. અહીંથી તેમણે ૫૦૦ ગ્રામ સાબુદાણા સહિતની વસ્તુની ખરીદી હતી. આ સાબુદાણા પેટે સ્ટોર દ્વારા તેમની પાસેથી ૫૦ રૂપિયા લીધા હતા અને ૧૦ રૂપિયા સેવિંગ્સના નામે પરત કર્યા હતા. ખાસ વાત એ છે કે સાબુદાણાના પેકેટ પણ તેની કિંમત રૂા.૧૦ જ લખેલી હતી!

આ પછી અન્ય એક બહેન ત્યાં ખરીદી કરવા આવ્યા હતા અને તેમણે સાબુદાણાના બે પેકેટ લીધા હતા. તેમની પાસેથી સ્ટોર દ્વારા રૂા.૬૦ લેવામાં આવ્યા હતા અને ૨૦ રૂપિયાની બચતના નામે રૂા.૨૦ પરત કરાયા હતા. આ મામલે ટીનાબાએ પૂર્વ સાંસદ રમાબેન માવાણીને ફરિયાદ કરતાં તેમણે કલેક્ટર રેમ્યા મોહનનું ધ્યાન દોર્યું હતું.

બનાસકાંઠામાં વધુ ૧૦ કોરોનાના કેસો સામે આવતા તંત્રમાં ખળભળાટ

પાલનપુર

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ કેસો સામે આવ્યા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૫૩એ પહોંચી છે. આ અંગેની વિગતો એવી છે કે, ડીસામાં ઢેબર રોડ વિસ્તારમાં આજે કોરોનાના પોઝિટિવ કેસ આવ્યા છે. આ ઉપરાંત પાલનપુરના ગઠામણ, વાસણી, ગઢ અને ઈસ્લામપુરામાં બે બે કેસ પોઝિટિવ એટલે કે આઠ કેસ મળી કુલ ૧૦ નવા કેસો બનાસકાંઠામાં સામે આવ્યા છે. ડીસામાં ૨ દિવસમાં કોરોનાના ૫ પોઝિટિવ કેસ આવ્યા છે. નોંધનીય છે કે, ગઈ કાલે એક જ દિવસમાં પાંચ કોરોનાના કેસો સામે આવ્યા હતા. થરાદના પોલીસ કોન્સ્ટેબલને પણ કોરોના થયો છે. કોરોનાના કેસોમાં વધારો થતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

દારૂના ગુનામાં પકડાયેલ આરોપી કોરોનાગ્રસ્ત થતા PI સહિત ૧૯ કર્મી ક્વોરેન્ટાઈન

અત્યાર સુધી સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કુલ ૯ કેસ નોંધાયા

પ્રાંતિજ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો હતો જેને લઈને તંત્ર એલર્ટ થઈ ગયું છે. પ્રાંતિજ પોલીસે જે આરોપીને ઝડપી પાડ્યો છે તે જ આરોપી કોરોના પોઝિટિવ હોવાનું સામ આવ્યું છે. જેને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દોડધામ મચી ગઈ હતી. જિલ્લામાં પોઝિટિવ કેસની સંખ્યા ૯ પર પહોંચી છે.

પ્રાંતિજ પોલીસે દારૂના ગુનામાં બે આરોપીઓને ઝડપ્યા હતાં. તે બન્નેનું એક દિવસના રીમાન્ડ બાદ મેડીકલ તપાસ કરાવવામાં આવી હતી જેમાં એક આરોપીને કોરોના પોઝિટિવ હોવાનું સામ આવ્યું હતું જેને લઈને તંત્ર દોડતું થઈ ગયું હતું. જ્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પણ દોડદામ મચી ગઈ હતી.

નોંધનીય છે કે, પોલીસે ઝડપેલા આરોપીને કોરોના પોઝિટિવ આવતાં પોલીસ સ્ટેશનના પીઆઈ, પીએસઆઈ સહિત ૧૯ પોલીસ કર્મીઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યાં છે. અત્યાર સુધી સાબરકાંઠા જિલ્લામાં કુલ કોરોના પોઝિટિવના ૯ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાને નાથવા માટે હવે તંત્ર માઈક્રો પ્લાનીંગ કરી રહ્યું છે..!!

અમદાવાદમાં રેડ ઝોન બાદ હવે માઈક્રો ઝોન જાહેર કરાયા

અમદાવાદ

કોરોનાના કહેરને પોહચી વળવા માટે તંત્ર દ્વારા માઈક્રો પ્લાનીંગ કરવામા આવી રહ્યુ છે. પોલીસ વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાની નાની માહિતી એકઠી કરી શહેરને માઈક્રો લેવલે ટુકડા કરવામા આવ્યા છે. શહેરના કોટ વિસ્તારો કે જેને શરૂઆતમાં બફર ઝોન જાહેર કરાયા હતા. જો કે તેમા કેસોની સંખ્યા વધતાં કર્ફ્યુ લગાડવામાં આવ્યો હતો, ત્યારે હવે શહેરના ઘણાખરા એવા કોટ વિસ્તારો છે જેને માઈક્રો ઝોન જાહેર કરવામાં આવ્યા છે. શહેરના રેડ ઝોનના વિસ્તારને માઈક્રો ઝોન કરાયા.

રેડ ઝોનની અંદર થતો વાહન વ્યવહાર અટકાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. માઈક્રો ઝોનમા અવરજવર માટે માત્ર એક જ રસ્તો રાખવામાં આવ્યો છે. શહેરના રેડ ઝોનમા આવેલા વિસ્તારો શાહપુર, કારંજ, માધવપુરા, ખાડિયા તથા કાલુપુર આ સહીત રખિયાલ અને દાણીલીમડા વિસ્તારોમા માઈક્રો ઝોન કરી દેવામાં આવી છે. ટ્રાફિક પોલીસે ૩૦ પોલીસ પોઈન્ટ શરૂ કર્યા હતા. ૩૦૦ પોલીસ કર્મીઓ ત્યાં સતત દિવસ રાત ફરજ પર રહેશે.

માઈક્રો ઝોન વિસ્તારમાં આવશ્યક સેવાઓ સિવાયના કોઈ પણ વાહનો પર પ્રતિબંધ લાદવામાં આવશે. કોરોના વાયરસની વેક્સીનનું સંશોધન હાલ સમગ્ર વિશ્વ કરી રહ્યું છે પરંતુ હજી કોઈ દેશને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ નથી જેને પગલે હાલના લોકડાઉન એજ એક માત્ર ઉકેલ છે. કોરોના વાયરસની મહામારીથી બચવા માટે અને આ લોકડાઉનનું અમલીકરણ કરાવવા માટે થઈને હવે તંત્ર પુરજોશમાં હરકતમાં આવી ગયું છે.

રાજકોટથી ૧૨૦૦ પરપ્રાંતીય શ્રમિકોની પ્રથમ સ્પેશિયલ ટ્રેન યુપી માટે કરાઈ રવાના

રાજકોટ

છેલ્લા બે દિવસથી રાજકોટમાં પરપ્રાંતીય શ્રમિકો પોતાના વતન જવાની માંગ સાથે હોબાળો કરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસ આ શ્રમિકોને સમજાવી રહી છે. સાથે જ તંત્ર તરફથી તેમને પોતાના વતન મોકલવાની વ્યવસ્થાની ખાતરી પણ આપવામાં આવી છે. શ્રમિકોના જણાવ્યા મુજબ તેમની પાસે પૈસા પૂરા થઈ ગયા છે અને જમવાનું પણ મળતું નથી. પોલીસે સેવાભાવી સંસ્થાઓની મદદથી શ્રમિકો સુધી જમવાનું પહોંચાડી રહી છે. આજે પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી પરપ્રાંતીય શ્રમિકોની પ્રથમ ટ્રેન રાજકોટથી રવાના થઈ છે.

પ્રથમ ટ્રેનમાં ૧૨૦૦ શ્રમિકોને વતન મોકલવામાં આવ્યા છે.

રેલવે સ્ટેશન પર મોડી રાતથી જ શ્રમિકોનું મેડિકલ ચેકઅપ શરૂ કરી દેવામાં આવ્યું હતું અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે તમામને રેલવે સ્ટેશનમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. રાજકોટ જિલ્લા કલેકટર રેમ્યા મોહને પ્રથમ ટ્રેનને લીલીઝંડી આપી રવાના કરી હતી. શ્રમિકોને ટ્રેનમાં સાથે પાણી અને ફૂડ પેકેટની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. રાજકોટના કાનુડા મિત્ર મંડળે મજૂરોને વતન મોકલવાનો ખર્ચ ભોગવ્યો હતો.

એટલું જ નહીં, શ્રમિકોને ટ્રેનમાં સાથે ફૂડપેકેટ પણ આપ્યા હતા. કાનુડા મિત્રમંડળે શ્રમિકોને ટ્રેનની ટિકિટ તેમજ ફૂડપેકેટ અને પાણીનો ૮.૭૦ લાખ રૂપિયાનો ખર્ચ ઉઠાવ્યો છે. શહેરના ગોંડલ ચોકડી, મવડી ચોક, ગોંડલ હાઈવે સહિતના વિસ્તારોમાં શ્રમિકોએ હોબાળો મચાવ્યો હતો તે બાદમાં કલેકટર તંત્ર દોડતું થયું હતું અને શ્રમિકો માટે ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરપ્રાંતીયોને નાસ્તો અને પાણી આપવામાં આવ્યું હતું.

કોરોનાના વળતા હુમલા બાદ ગાંધીનગરનો ૨૫% વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન જાહેર

ગોએક્કા, આશ્કા અને એસએમવીએસ હોસ્પિટલો કોવિડમાં તબદીલ, ખર્ચ સરકાર ઉપાડશે

ગાંધીનગર

અગાઉ કોરોના મુક્ત જાહેર થયેલુ ગાંધીનગર ફરી એક વખત કોરોનાના સંક્રમણમાં સપડાયુ છે. શહેરનો ૨૫ ટકા વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોન તરીકે જાહેર થયો છે. પાટનગરના કેન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારમાં ૨૫૦૦થી વધુ મકાનોનો સમાવેશ થાય છે. જિલ્લાના ૩૦ ટકા કરતા વધુ ગ્રામ્ય વિસ્તાર કન્ટેન્મેન્ટ જોન જાહેર કરાયા છે. ગાંધીનગરમાં કોરોનાના કુલ ૭૭ કેસ નોંધાયા છે અને ૩ દર્દીના મોત પણ થઈ ચુક્યા છે. જિલ્લા વહીવટી તંત્રએ કોરોના ડામવા માટે સ્થાનિક સ્તરે નવી ત્રણ કોવિડ હોસ્પિટલ શરૂ કરી છે અને જિલ્લામાં માસ ટેસ્ટીંગ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં દિન પ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે હાલમાં સિવિલ હોસ્પિટલમાં આ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

તો બીજી બાજુ અન્ય રોગ માટેના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવતાં હોવાથી પરસ્પર સંક્રમણની સંભાવના ટાળવા જિલ્લા વહિવટી તંત્ર અને કોર્પોરેશન દ્વારા શહેર નજીક આવેલી ત્રણ હોસ્પિટલોને કોવિડમાં તબદીલ કરવામાં આવી છે. જયાં આગળ કોરોના પોઝિટિવ દર્દી સારવાર કરાવશે તો તેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધી રહેલાં કોરોના પોઝિટિવ દર્દીઓને કાબુમાં લઈ શકાય તે માટે રાજ્યના અધિક મુખ્ય સચિવ ડો.રાજીવકુમાર ગુપ્તાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહિવટી તંત્ર અને કોર્પોરેશન દ્વારા વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા છે. હાલમાં જે કેસ બહાર આવી રહ્યાં છે તેમની સારવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. કોરોના તેમજ અન્ય રોગ માટેના દર્દીઓ પણ ખુબ મોટી સંખ્યામાં સિવિલમાં સારવાર અર્થે આવતાં હોય છે. પરસ્પર સંક્રમણની સંભાવનાને ટાળવા માટે ખાનગી હોસ્પિટલોને પણ કોવિડ – ૧૯ હોસ્પિટલ તરીકે તબદીલ કરવામાં આવી છે. ગોએક્કા, આશ્કા અને એસએમવીએસ હોસ્પિટલમાં લક્ષણો વિનાના તેમજ અતિ ગંભીર ન હોય તેવા કોરોના પોઝિટિવ કેસોની સારવાર આ ખાનગી હોસ્પિટલોમાં કરવામાં આવશે.

તા.૫ મેથી આ સુવિધા તબક્કાવાર શરૂ કરવામાં આવશે. આ ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરાવનાર દર્દીઓનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ઉપરાંત કોરોના સંક્રમિત દર્દીઓ જે પોતાના સ્વખર્ચે સારવાર કરાવવા ઈચ્છતા હોય તેમના માટે એપોલો હોસ્પિટલમાં અલાયદી વ્યવસ્થા કરવાની મંજુરી આપવામાં આવી છે. તો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ દર્દીને હોસ્પિટલમાં દાખલ અને તેના પરિવારના સભ્યોને ક્વોરેન્ટાઈન કરાતાં હોવાથી હાલત કફોડી બનતી હોય છે અને હોસ્પિટલ ઉપર પણ ભારણ વધતુ હોય છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખી હવે પોઝિટિવ દર્દીઓ હોમ ક્વોરેન્ટાઈન નીતિ નિયમોને આધીન રહી શકશે.

ગાંધીનગરના કલોલમાં એક પ્રેમ પ્રકરણમાં એક યુવકનું અસહ્ય માર થી કરુણ મોત

ગાંધીનગર

કલોલ તાલુકાના ઓળા ગામનો ૨૫ વર્ષીય યુવક માણસા પાસેના ધોળાકુવામા મોસાળું કરવા આવ્યો હતો. તેને ગામની યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયા હતા. તેની જાણ યુવતીના પરિવારજનોને થતાં તેઓ ગુમ થઈ ગયા હતા. પરિવારજનોએ તેમની શોધખોળ કરી પકડી લાવ્યા હતા. યુવકને પરબતપુરા ગામ પાસે લાવી લાકડીઓ વડે માર મારી યુવતીના પરિવારજનો ભાગી છૂટયા હતા. જેના કારણે યુવકનું સારવાર મળે તે પહેલા કરૂણ મોત નિપજયું હતું. મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના ઓળામા રહેતો ૨૫ વર્ષીય પરિણીત યુવક પરેશ રમેશજી ઠાકોર ૨૦ દિવસ અગાઉ માણસા તાલુકાના ધોળાકુવા મોસાળમા આવ્યો હતો અને તે દરમિયાન ગામમાં જ રહેતી એક યુવતી સાથે આંખ મળી ગઈ હતી.

આ વાતની યુવતીના પરિવારજનોને ખબર પડી ગઈ હતી. તેમાં સોમવારે સવારે આ યુવક પોતાના ઘરે ખેતરમાં જવાનું કહીને નીકળ્યો હતો. ત્યારબાદ યુવતીના પિતા અને તેના કુટુંબીજનો પરેશને શોધવા માટે ઘરે આવ્યા હતા. પણ તે ઘરે હાજર ના હોય તેના નાનીને ધમકી આપી કહ્યુ કે, તે અમારી દીકરીને ભગાડી ગયો છે તેને ગમે ત્યાંથી હાજર કરો તેવું કહી જતા રહ્યા હતા.બપોરના સમયે યુવકના ઘરે કોઈએ સમાચાર આપ્યા હતા કે, પરેશને પરબતપુરા પાસે ભીમપુરા રોડ ઉપર માર મારવામાં આવ્યો છે એવું સાંભળી યુવકના નાના-નાની ત્યાં પહોંચ્યા હતા. તે સમયે યુવતીના પિતા સહિત પરિજનો ત્યાં પહોંચ્યા હતા અને તેમણે કહ્યું કે, તમારો ભાણો અમારી દીકરીને ભગાડીને લઈ જતો રહ્યો છે. અમે તેને પકડી લાવી સમજાવ્યો હતો પણ ન સમજતા તેને માર માર્યો છે તો હવે તેને તમે દવાખાને લઈ જાઓ અથવા તેના ગામ મૂકી આવો એવું કંઈ જતા રહ્યા હતા. આ મારમાં યુવકના પગના ભાગે ગંભીર ઈજાઓને કારણે લોહી નીકળતું હતું, તેમજ મૂઢમાર મારતા કણસી રહ્યો હતો. જેને તાત્કાલિક રિક્ષામાં બેસાડી સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. તે સમયે રસ્તામાં ઈજાગ્રસ્ત યુવકે યુવતીના આ પાંચ પરિવારજનોએ પ્રેમ સંબંધ બાબતે લાકડીઓ વડે મારો હોવાનું જણાવ્યું હતું.

રાજકોટ સમરસ હોસ્ટેલમાં ગર્વમેન્ટ ક્વોરન્ટાઈન હેઠળ સંખ્યા ઘટી

૮ સંક્રમિતો જ ઓબ્ઝર્વેશન હેઠળ, કુલ ૨૪ દર્દીઓ થયા સાજા

રાજકોટ

કાતિલ કોરોના વાયરસ જીવલેણ છે જ આમછતા રાજકોટમાં અત્યાર સુધી આવેલા પોઝિટિવ કેસમાં વધુ ૮ દરદીઓએ આ કાતિલ વાયરસ સામે જંગ જીત્યો છે. સોમવારે એકસાથે ૮ દરદીને સિવિલ હોસ્પિટલમાંથી રજા આપવામા આવી છે. બીજીબાજુ સમરસ હોસ્ટેલમાં ગર્વમેન્ટ ક્વોરન્ટાઈન હેઠળ પણ સંખ્યા ઘટી છે. હવે માત્ર ૮ સંક્રમિતો જ ઓબ્ઝર્વેશન હેઠળ છે. રાજકોટમાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ તા.૧૮ માર્ચે મળ્યો હતો. સાઉદિ અરેબિયાથી આવેલા જંગલેશ્વરની લેવા પટેલ સોસાયટીમાં રહેતા નદીમ કાસમભાઈ સેવિંગિયા કોરોનાગ્રસ્ત નીકળ્યા હતા.

મહાનગરપાલિકાની હદના છે. જ્યારે ૧ કેસ મુંજકા ગામનો છે. દરમિયાન વધુ ૮ દરદીને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામા આવ્યા બાદ તબિયત સુધરી જતા રજા પણ આપી દેવામા આવી છે. અત્યાર સુધીમાં કુલ ૨૪ દરદીને રજા અપાઈ છે. એક રીતે કહીએ તો આ ૨૪ દરદીએ કાતિલ કોરોના સામે જંગ જીતી લીધો છે. બાકીના હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો કે તમામની તબિયત હાલના સંજોગોમાં તો સ્થિર છે.દરમિયાન પોઝિટિવ કેસના સંપર્કમાં આવ્યા હોય તેવા સંક્રમિતોને ગર્વમેન્ટ કોરન્ટાઈન હેઠળ લઈ જવામા આવે છે. અગાઉ એક તબક્કો એવો હતો કે, ૧૦૦થી વધુ સંક્રમિતો ગર્વમેન્ટ ક્વોરન્ટાઈન હેઠળ રહેતા હતા. એ સંખ્યા ધીમે ધીમે ઘટવા લાગી છે. હાલ માત્ર ૮ વ્યક્તિ જ સમરસ હોસ્ટેલ ખાતે ગર્વમેન્ટ ક્વોરન્ટાઈન હેઠળ છે.

કોઈની પાછળ શક્તિ વેડફવાને બદલે લક્ષ્ય પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો જોઈએ

એ વહેલી સવારનો સમય હતો અને નગરના તમામ મંદિરોમાં આરતી થઈ રહી હતી. નાના બાળકો શાળામાં જવાની તૈયારીઓ કરી રહ્યા હતા ત્યારે સૌની સાથે પરીવારની લાડલી મુગ્ધા પણ તૈયાર થઈ રહી હતી. મગ્ધાને આજે શાળામાં જવાની ઈચ્છા ન હોવાથી માતાને કહ્યુ કે, મમ્મી મારે રોજ શાળામાં કેમ જવાનું? અઠવાડીયામાં ત્રણ રજા તો હોવી જોઈએ ને? માતાએ કહ્યુ કે, બેટા શાળા આપણા નિયમોથી ન ચાલે, રવિવારની રજા અને વર્ષમાં બે વેકેશન તો હોય છે. અત્યારે વધારાની રજા નહી મળે. તું મન લગાવીને અભ્યાસ કરને બીજી બધી ચિંતા કરવાની છોડ અને શાળામાં જા. માતા અને દિકરી વચ્ચે લાબો સંવાદ ચાલે છે અને આખરે માતાની શીખામણ મુગ્ધા માની ગઈ. પછી તો મુગ્ધા મન લગાવીને ભણી અને ધોરણ બાર સુધી તમામ પરીક્ષાઓમાં પ્રથમ આવી. કોલેજમાં અભ્યાસ કરવાની મુગ્ધાની બહુ ઈચ્છા ન હતી પરંતુ પિતાના કહેવાથી મુગ્ધા કોલેજમાં પ્રવેશ મેળવ્યો. મુગ્ધા કોલેજના વિદ્યાર્થીઓ કરતા ઘણુ આગળ વિચારતી અને અભ્યાસ ઉપરાંત લોકોને પોઝીટીવ જીવન જીવતા શીખવતી. વીસ વર્ષની યુવતી જ્યારે મોટી ઉંમરના લોકોને પણ જીંદગી કેવી રીતે જીવવી જોઈએ તે અંગે સમજ આપતી ત્યારે સૌ કોઈ મંત્ર મુગ્ધ બની જતા અને મુગ્ધાને સાંભળ્યા જ કરતા. મુગ્ધા પણ કોઈને મોર્ગદર્શન આપવામાં થાકતી નહી અને તેને જે યોગ્ય લાગે તે સલાહ આપ્યા કરતી. કોલેજના જીવનમાં મુગ્ધાના સંપર્કમાં અનેક યુવક યુવતીઓ આવ્યા. જેમાંથી કેટલાક યુવક યુવતીઓ મુગ્ધાના મિત્ર બન્યાને કોલેજ પછી પણ આ મિત્રતા અકબંધ રહી.

કોલેજનો અભ્યાસ પુર્ણ થયા પછી મુગ્ધાએ થોડા મહિનાઓ સુધી ઘરે જ રહીને પરીવાર સાથે સમય પસાર કર્યો. પરંતુ સાવ નવરા બેસી રહેવાનું મુગ્ધાને ન ગમ્યુ અને મુગ્ધાએ પરીવારની મંજુરીથી મોટીવેશનલ ક્લાસ શરૂ કર્યા. થોડા દિવસમાં જ મુગ્ધાના ક્લાસીસમાં અનેક લોકો આવવા લાગ્યા અને મુગ્ધાની પ્રેરણાથી પોઝીટીવ વિચારવાળા બનીને ખુશીથી જીંદગી જીવવા લાગ્યા. હવે મુગ્ધા મોટીવેશનલ ક્લાસમાં જ લોકોનું કાઉન્સિલીગ કરવા લાગી અને ખાસ કરીને પ્રેમમાં નિષ્ફળ ગયેલા યુવક યુવતીઓને મુગ્ધા શાંત ચિત્તથી સાંભળવા લાગી. મુગ્ધા પ્રેમમાં નિષ્ફળ ગયેલા યુવક યુવતિઓને સમજાવાતી કે કોલેજની ઉંમરમાં થયેલા દરેક પ્રેમમાં ખરેખર પ્રેમ હોતો નથી, ઘણી વખત એ ફક્ત આકર્ષણ જ હોય છે. પ્રેમમાં મળેલી નિષ્ફળતાએ જીવનના દરેક તબક્કે નિષ્ફળતા અપાવશે એવુ નથી. મુગ્ધાના કાઉન્સિલીગ પછી ઘણા યુવક યુવતિઓ પોઝીટીવ થીંકીંગ સાથે જીંદગી જીવવા લાગ્યા અને લગ્ન કરીને સુખી પણ થયા. મુગ્ધા પાસે કાઉન્સિલીગમાં આવતો આવો જ એક યુવક એટલે દર્શન. પ્રેમમાં એક વખત નિષ્ફળ ગયા પછી દર્શન ખુબ દુઃખી રહેતો અને દરેક યુવતીને બેવફા સમજવા લાગ્યો. દર્શન કોઈ પણ યુવતિ પર વિશ્વાસ નથી કરતો અને દરેકને ધિક્કારવા લાગ્યો. દર્શને મુગ્ધાને પણ કહી દિધુ કે, તમે પણ આ બધી યુવતી જેવા જ મને તો સ્વાર્થી લાગ્યા. પહેલી વખત મુગ્ધાને કોઈએ સ્વાર્થી કહી અને કાઉન્સિલીગ માટે આવેલો દર્શન વધારે બોલવા લાગ્યો.

"તારામાં ખુબ જ શક્તિઓ રહેલી હોય તેમ લાગી રહ્યુ છે અને અત્યારે તારી શક્તિઓ અનિયંત્રીત હોય તેમ લાગી રહ્યુ છે." આટલુ મુગ્ધા બોલી ત્યા તો વચ્ચેથી વાત કાપીને દર્શન બોલ્યો "મારી શક્તિઓને હજુ સુધી તો કોઈ ઓળખી શક્યુ નથી અને કોઈ યુવતીમાં એવી શક્તિ નથી કે મને ઓળખી પણ શકે"



"હા એ વાત તારી સાચી છે કે તને ઓળખવો અને સમજવો બહુ અઘરો છે. પરંતુ મને લાગી રહ્યુ છે કે તું


પ્રતિકાત્મક તસવીર

છુ. તમને સાચી સલાહ આપવનું મારૂ કામ છે. જો આપને મારી સલાહ પસંદ ન હોય તો હું આપને કોઈ સલાહ નહી આપુ. મહેરબાની કરીને મારી ક્લાસમાં હવે તમે ન આવતા" તેમ મુગ્ધાએ કહ્યુ.

"તમે તો નારાજ થઈ ગયા હોય તેમ લાગી રહ્યુ છે. આપના ચહેરા પર ગુસ્સે શોભતો નથી. થોડા શાંત થાવને મારી સમસ્યાનું સમાધાન મને જણાવો" તેમ દર્શને વિનંતી કરતા કહ્યુ.

મુગ્ધાએ મોટીવેશનલ ક્લાસમાં આવવાની સ્પષ્ટ ના પાડી દેતા હવે દર્શન વિનંતી કરવા લાગ્યો. દર્શનને પોતાની ભુલ સમજાઈ ગઈ હોવાથી તેણે મુગ્ધા સાથે કરેલા વ્યવહાર અંગે માફી પણ માગી. મુગ્ધાએ મોટુ મન રાખીને દર્શનને માફ કરી દીધો. હવે કોઈ પણ નિર્ણય કરતા પહેલા દર્શન એક વખત તો મુગ્ધાની સલાહ અવશ્ય લેવા લાગ્યો. એક વખતના પ્રેમમાં મળેલી નિષ્ફળતા બાદ મુગ્ધાના સતત કાઉન્સિલીગના કારણે દર્શનનો યુવતિઓ પ્રત્યેનો દ્રષ્ટીકોણ બદલાઈ ગયો અને યુવતિઓ પ્રત્યેનો દર્શનનો દ્વેશ સમામ થઈ ગયો. દર્શન હવે યુવતિઓ સામે પણ પ્રેમાળ નજરથી જોવા લાગ્યો. મુગ્ધા સાથે સતત રહેવા તથા સંવાદના કારણે દર્શનના મનમાં પ્રેમના અંકુર ફુટવા લાગ્યા. દર્શનના વ્યવહારમાં આવેલા પરિવર્તનને મુગ્ધા સમજી ગઈ અને દર્શનને ફરીથી પ્રેમમાં ન પડવાની સલાહ આપી. દર્શનને મુગ્ધાને સમજાવતા કહ્યુ કે, હું ક્યા કહુ છું કે તમે પણ મને પ્રેમ કરજો પરંતુ મને પ્રેમ કરતો ન અટકાવશો. તમે જ મારી જીંદગી સુધારી છે અને તમે જ મારા પ્રેરણાસ્ત્રોત છો. હવે હું તમારા સિવાય કોઈને પ્રેમ નથી કરી શકતો. જો તમે પણ મને પ્રેમ કરવાની ના પાડશો તો હું ફરીથી પહેલાના જેવો જ બની જઈશ અને તેના માટે હું નહિ પરંતુ તમે જ જવાબદાર રહેશો. શું તમે ઈચ્છો છો કે મારી જીંદગીમાં ફરીથી આપત્તિઓ આવે? મારી જીંદગીનો નિર્ણય હવે આપના હાથમાં છે. મને મારવો કે તારવો એ તમારે નક્કી કરવાનું છે.

"મને તારામાં એક શ્રેષ્ઠ મિત્ર દેખાય છે, તારી મૈત્રી પણ મને પસંદ છે પરંતુ એનો અર્થ એવો નથી કે હું તને પ્રેમ કરૂ છુ. તું સમજદાર છુ એટલે કહુ છુ કે મને પ્રેમ ન કરીશ. જો તું પ્રેમનું આવુ નાટક કરીશ તો આપણી વચ્ચે મિત્રાતા પણ નહી રહે. કોઈની પાછળ શક્તિ વેડફવાને બદલે લક્ષ્ય પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો જોઈએ. તારે મારી પાછળ પણ તારો સમય ન વેડફવો જોઈએ અને જીવનમાં ઉચ્ચત્તમ લક્ષ્ય નક્કી કરીને તેની પ્રાપ્તી માટે પ્રયત્ન કર તો હું વધારે ખુશ થઈશ" તેમ મુગ્ધાએ કહ્યુ.

"હું આપણી મૈત્રી તુટવા નહી દવ અને ફરીથી ક્યારેય પ્રેમની વાત નહી કરૂ. આજે હું દ્રઢ સંકલ્પ કરૂ છુ કે આગામી ત્રણ વર્ષમાં હું લગ્ન કરીને પરીવાર સાથે વૈભવી જીવન જીવતો હોઈશ અને હું મારા પરીવારને પ્રાધાન્ય આપીશ" તેમ દર્શને કહ્યુ.

આ દિવસ પછી દર્શનને તમામ યુવતિઓ સાથેના સબંધો ઓછા કરી નાખ્યા અને લગ્ન કરી લીધા. લગ્ન કર્યા પછી દર્શન સખત મહેનત કરીને થોડા મહિનાઓમાં જ આર્થિક રીતે સમૃધ્ધ થઈ ગયો. ત્રણ વર્ષ પછી જ્યારે દર્શન મુગ્ધાને મળ્યો ત્યારે કહ્યુ કે, આજે હું જે પણ છુ તે આપના કારણે છું. મને મિત્રની સાચી સલાહ કામ આવીને મારૂ જીવન બદલાઈ ગયુ. મુગ્ધાએ કહ્યુ કે, મે તારી શક્તિઓ ઓળખીને ફક્ત દિશા આપી હતી, બાકી શક્તિઓ તો તરામાં અપાર હતી જ. દર્શને કહ્યુ કે, મુગ્ધા જેવી એક મિત્ર જો દરેકના જીવનમાં હોય તો ક્યારેય કોઈ દુઃખી નહી થાય. (પ્રતિકાત્મક તસવીરઃ- દર્શના હિતેશ પટેલ, અમદાવાદ)

કોરોનાને પગલે પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરે લીધો નિર્ણય

અમદાવાદનો કોટ વિસ્તાર માઈક્રો ઝોનમાં કરાયો તબદીલ

અમદાવાદ

કોરોના વાયરસના કહેરને પોંહચી વળવા માટે થઈને હવે પોલીસ વિભાગ અને મહાનગરપાલિકા એક થઈને હવે મોટા પાયે કામગીરી કરવાની શરૂ કરી દીધી છે. શહેરના કોટ વિસ્તારો કે જેને શરૂઆતમાં બફર ઝોન જાહેર કરાયા હતા ત્યારબાદ તે વિસ્તારોમાં કેસોની સંખ્યા વધતાં કર્ફ્યુ લગાડવામાં આવ્યો હતો, ત્યારે હવે શહેરના ઘણાખરા એવા કોટ વિસ્તારો છે જેને માઈક્રો ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

માઈક્રો ઝોન બનાવવાની કામગીરીને શહેર પોલીસ કમિશનર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા. આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે હવે કન્ટેન્ટમેન્ટ વિસ્તારો એટલેકે અમદાવાદના જે કોટ વિસ્તારો છે જ્યાં હાલ પણ પોઝેટીવ કેસોની સંખ્યા વધુ જોવા મળી રહી છે તેવા વિસ્તારો શાહપુર, કારંજ, માધવપુરા, ખાડિયા તથા કાલુપુર આ સહીત રખિયાલ અને દાણીલીમડા વિસ્તારો કે જેને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારોમાં માઈક્રો ઝોન સ્કીમ લાગુ કરી દેવામાં આવી છે. વૈશ્વિક મહામારી કોરોના વાયરસને લઈને લોકડાઉનનું પાલન હજી પણ થતું નહીં હોવાથી શહેરના ઘણાખરા કોટ વિસ્તારોને માઈક્રો ઝોન કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસની વેક્સીનનું સંશોધન હાલ સમગ્ર વિશ્વ કરી રહ્યું છે પરંતુ હજી કોઈ દેશને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ નથી જેને પગલે હાલના લોકડાઉન એજ એક માત્ર ઉકેલ છે કોરોના વાયરસની મહામારીથી બચવા માટે અને આ લોકડાઉનનું અમલીકરણ કરાવવા માટે થઈને હવે તંત્ર પુરજોશમાં હરકતમાં આવી ગયું છે.

બોટાદમાં ૬ અને ગોંડલ અને ભાવનગરમાં કોરોનાના ૧-૧ કેસ મળી આવતા તંત્રમાં વધી ચિંતા

બોટાદ

બોટાદ જિલ્લામાં કોરોનાના એકસાથે ૬ કેસ પોઝિટિવ કેસ આવતા ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પોઝિટિવ કેસો વોર્ડ નં. ૯ વોરાવાડ વિસ્તારના છે. અગાઉના ૫૭ વર્ષના પોઝિટિવ દર્દીના પરિવારના ચાર સભ્યો અને ૪૫ વર્ષના પોઝિટિવ દર્દીના પરિવારના ૨ સભ્યોનો સમાવેશ થાય છે. ૩૫ વર્ષનો યુવાન, ૪૮ વર્ષની મહિલા, ૪ અને ૭ વર્ષની બાળકી તેમજ ૬૭ વર્ષના વૃદ્ધ અને ૪૧ વર્ષની મહિલાનો સમાવેશ થાય છ. હાલ તમામને સાળંગપૂર કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બોટાદ જિલ્લામાં કુલ ૩૯ કેસો થયા છે. ૬ દર્દી સાજા થઈ જતા રજા આપવામાં આવી છે. હાલ ૩૨ લોકો સારવાર હેઠળ છે.

ગોંડલમાં એસઆરપી વિસ્તારમાં ૫૬ વર્ષીય એસઆરપી જવાનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. આ વ્યક્તિ શનિવારે અમદાવાદથી ફરજ બજાવીને ગોંડલ આવ્યો હતો. પરંતુ કોરોનાના લક્ષણો દેખાતા તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો અને પોઝિટવ રિપોર્ટ આવતા આરોગ્ય વિભાગ પણ દોડતું થયું છે.

ભાવનગરમાં વધુ એક કેસ નોંધાતા સંખ્યા ૭૬ થઈ છે. ભાવનગરના અમીપરા પખાલીવાડમાં રહેતા મહેતાબબેન મહેબુબભાઈ પરમાર (ઉ.વ.૧૫)ને રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહેતાબબેન પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવતા તેને સમરથ હોસ્ટેલમાં ક્વોરન્ટીન કરાયા હતા. આથી તેના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે ભાવનગર મનપાના કમિશનર એમ.એ. ગાંધીએ માહિતી આપી છે. બોટાદમાં આજે વધુ ૬ કેસ નોંધાયા છે.

દીવ લોકડાઉનમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવી દારૂ લેવા લોકોની લાંબી લાઈનો

દીવ

દીવ વહીવટી તંત્ર દ્વારા સરકારની ગાઇડલાઈન મુજબ વાઇન શોપને ખોલવાની મંજૂરી ગઈકાલથી આપી દેવામાં આવી છે. આજે પમેના રોજ સવારે દારૂ લેવા માટે લોકો વાઇન શોપ પર ઉમટી પડ્યા હતા. લોકોની લાંબી લાઈન જોવા મળી હતી. લોકોએ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી દારૂ લેવા ઉભા રહી ગયા હતા. દીવ ગ્રીન ઝોનમાં આવતું હોવાથી વહીવટી તંત્ર દ્વારા રેસ્ટોરન્ટ, બાર અને પાનના ગલ્લા ખોલવા પર પ્રતિબંધ લગાવ્યો છે. જ્યારે અન્ય તમામ દુકાનોને ખોલવાની મંજૂરી આપી દેવામાં આવી છે. સરકારની ગાઇડલાઇન મુજબ દીવમાં સવારના આઠથી સાંજના ૪ વાગ્યા સુધી દુકાનો ખુલી રાખઈ શકાશે. લોકડાઉનને કારણે ઘરમાં કંટાળેલા લોકો દારૂ લેવા વાઇન શોપ પર લાંબી લાઇન લગાવી રહ્યા છે. પોલીસની હાજરીમાં જ વાઇન શોપ પર લોકો દારૂ ખરીદી રહ્યા છે અને સરકારની ગાઇડલાઇનનું પાલન કરી રહ્યા છે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં ફસાયેલા લોકોને મોટો ફાયદો

લોકડાઉનને કારણે જિલ્લાઓમાં ફસાયેલા લોકો હવે વતન જઈ શકશે

ગાંધીનગર

ગુજરાતમાં લોકડાઉન દરમિયાન કામ-ધંધાથી અમદાવાદ-સુરત સહિતના મોટા જિલ્લાઓમાં આવેલા અને લોકડાઉનને કારણે આ જિલ્લાઓમાં ફસાયેલા લોકો માટે ગુજરાત સરકારે મોટી જાહેરાત કરી છે. લોકડાઉન દરમિયાન આ જિલ્લાઓમાં ફસાયેલા લોકો હવે પોતોના વતન પરત જઈ શકશે.

ગુજરાત સરકારે રાજ્યમાં આંતરિક પ્રવાસની છૂટ આપી દીધી છે. આવતી કાલથી વતન પરત જવા ઇચ્છતા લોકો જે તે જિલ્લાના કલેક્ટરને ઓનલાઈન અરજી કરી શકશે. તેમજ પરમ દિવસથી લક્ઝરી મારફત વતન જવા માટે મંજૂરી આપવામાં આવશે. શરૂઆતમાં માત્ર લક્ઝરી બસને પરિવહન માટે મંજૂરી આપવામાં આવી છે. તેમજ પરમિશન વગર કોઈ પણ વ્યક્તિ ખાનગી વાહનોમાં પ્રવાસ કરી શકશે નહીં. આ અંગે ગુજરાત સરકારના મંત્રી ગણપત વસાવાએ માહિતી આપી હતી.

ગુજરાત સરકારના આ નિર્ણયને કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં ફસાયેલા લોકોને મોટો ફાયદો થશે. સુરતમાં ૧૨ લાખ રત્નકલાકારો હવે વતન પરત ફરી શકશે. વધુ વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે. વતન જવા માંગતા લોકોએ અન્ય બીજી શરતોનું પાલન કરવાનું રહેશે. જે અંગેની માર્ગદર્શિકા હવે જાહેર કરવામાં આવશે.

અમદાવાદના હાટકેશ્વર વિસ્તારમાંથી ૨૧ શાકભાજીવાળા કોરોનાગ્રસ્ત થતા હડકંપ

અમદાવાદ

હોટ સ્પોટ અમદાવાદના સંક્રમિત કન્ટેઈનમેન્ટ વિસ્તારો પછી હવે આસપાસના બફર ઝોનમાં અત્યંત ઝડપથી કોરોનાનો ચેપ પ્રસરી રહ્યો છે. મંગળવારે સવારે ખોખરાના હાટકેશ્વર વિસ્તારના હરિપુરામાં એક સાથે ઝુંપડપટ્ટીમાં રહેતાં શાકભાજીની લારી ચલાવતા ૨૧ વ્યક્તિઓના રિપોર્ટ પોઝિટિવ આવતાં હડપંચ મચી ગયો છે. આ તમામના પરિજનોને તુરત જ કોરન્ટિન કરી એક બસ મારફતે અન્યત્ર ખસેડી આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત સમગ્ર ચાલી અને એની આસપાસના વિસ્તારોને તુરત જ સીલ કરી સેનિટાઈઝ કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકાની ટીમો ખડકી દેવામાં આવી છે.

ફાયરબ્રિગેડની ટીમ દ્વારા સેનિટાઈઝેશન તેમજ હેલ્થ ટીમ દ્વારા સમગ્ર ચાલીના લોકોનું સ્ક્રિનિંગ શરૂ કરી દેવાયું છે. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને હવે આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અહીં નોંધવુ જરૂરી છે કે, શાકભાજી, દૂધના કેન્દ્રો, મેડિકલ સ્ટોર તથા કરિયાણાની દુકાનો જેવા સ્થળો ઉપર કામ કરતાં લોકો રોજ સેંકડો લોકોના સંપર્કમાં આવતા હોવાથી તેઓને સુપર સ્પ્રેડર્સની કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. આ સુપર સ્પ્રેડર્સથી સંક્રમણની નવી ચેઈન રચાતી હોવાથી હવે કોર્પોરેશને તમામ આવા સુપર સ્પ્રેડર્સ, ખાસ કરીને શાકભાજીના ફેરિયાઓને દર સપ્તાહે સ્ક્રિનિંગ કરી હેલ્થ સ્ક્રિનિંગ કાર્ડ ઈસ્યુ કરવાનો નિર્ણય કર્યો છે.

મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ જનતાને અપીલ કરી છે કે, કોરોના વાયરસની ચેઈનને તોડવા માટે અત્યંત સાવચેતીપૂર્વક એક સાથે બે ચાર દિવસનું શાકભાજી આવા કાર્ડ ધારકો પાસેથી જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. એટલું જ નહીં જ્યારે ખરીદી કરવા જાવ ત્યારે માસ્ક કે મોં ઢાકેલું હોય એવા જ ફેરિયા પાસેથી સંપૂર્ણ સોશીયલ ડિસ્ટન્સિંગના પાલન થયેલું હોય તો જ ખરીદવું. ઘરમાં લઈ જતાં પહેલાં એને બરાબર પાણીથી સાફ કરવું, શક્ય હોય તો ગરમ પાણીમાં બોળી રાખ્યા પછી જ ઉપયોગમાં લેવું.

જૂનાગઢ જિલ્લામાં પણ કોરોનાની એન્ટ્રી, ડોક્ટર અને પટ્ટાવાળો પોઝિટીવ

જૂનાગઢ

ગુજરાતમાં એક પછી એક જિલ્લામાં કોરોના પગ પેસારો કરી રહ્યો છે. હવે જૂનાગઢ જિલ્લામાં પણ કોરોના વાયરસે એન્ટ્રી લઈ લીધી છે. અત્યાર સુધી કોરોનાથી મુક્ત રહેલા અને ગ્રીન ઝોનમાં સમાવિષ્ટ થયેલા જૂનાગઢમાં કોરોનાના બે કેસ સામે આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ભેંસાણ ઝઝૅંઝ સેન્ટરના ડોક્ટર અને પટ્ટાવાળાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

આ માહિતી જૂનાગઢ જિલ્લા કલેક્ટરે ટ્વીટ દ્વારા આપી છે અને સત્તાવાર પુષ્ટિ કરી છે. હવે જૂનાગઢ જિલ્લામાં પણ કોરોનાની એન્ટ્રી થઈ ચૂકી છે. ભેંસાણમાં કોરોનાના ૨ કેસ નોંધાયા. ઝઝૅંઝ સેન્ટરના ડોક્ટર અને પટ્ટાવાળાને કોરોના પોઝિટીવ આવ્યો છે જેના કારણે હાલ પુરતું આ CHC સેન્ટર બંધ કરવામાં આવ્યું છે.

આ પહેલા ચેપ મુક્ત દેવભૂમિ દ્વારકા જેવા જિલ્લામાં પણ કોવિડ-૧૯ના ત્રણ પોઝિટિવ કેસ મળ્યા છે. એ પછી બીજા જ દિવસે સરકારની મંજૂરી અર્થાત પ્રવાસ પરમિટ સાથે રેડ ઝોનના અમદાવાદથી છેક ૪૦૦ કિમી દૂર ગ્રીન ઝોન જામનગરમાં કોરોના વાઈરસ પહોંચ્યાનો ઘટસ્ફોટ થયો હતો. એટલું જ નહીં, ઓરેન્જમાંથી ગ્રીન ઝોનમાં મુકાયાના ગણતરીના જ કલાકોમાં જામનગરમાં ત્રણ પોઝિટિવ કેસ આવતા ચિંતા પેઠી હતી.

રાજકોટમાં લોકડાઉનના ભંગ બદલ ૪૪ દિવસમાં પોલીસે ફટકાર્યો ૫૨.૨૩ લાખનો દંડ

રાજકોટ

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીને કારણે સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે ૧૭ મે સુધી લોકડાઉનનો ત્રીજો તબક્કો જાહેર કરાયો છે. રાજકોટમાં કોરોના વાયરસના વધુ પોઝિટિવ કેસો મળતા લોકડાઉનનો કડક અમલ કરાવવા પોલીસ કાર્યવાહી કરી રહી છે. અગાઉ લોકડાઉન-૧ તથા લોકડાઉન-૨ માં પોલીસ દ્વારા જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી હતી અને અલગ-અલગ ગુના નોંધવામાં આવ્યા હતા. પોલીસે અત્યાર સુધીમાં જાહેરનામાનો ભંગ કરનાર ૫૯૭૪ લોકો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. તેમજ અત્યાર સુધીમાં ૧૭૦૧૬ વાહન ડિટેઈન કરવામાં આવ્યા છે. રાજકોટવાસીઓએ ૪૪ દિવસના લોકડાઉન દરમિયાન રૂ.૫૨.૨૩ લાખનો દંડ ભર્યો છે. તેમજ પોલીસે ફરજમાં રૂકાવટ કરનાર ત્રણ શખ્સો સામે પાસાના હેઠળ કાર્યવાહી કરી છે. પોલીસ ખાનગી વાહનો મારફતે પેટ્રોલીંગ કરી જાહેરનામા ભંગના ગુનો કરનારને શોધી કાઢી તેમજ વાહનો ડીટેઈનની કામગીરી કરી રહી છે.

લોકડાઉન દરમ્યાન ચેકપોસ્ટ, ફીકસ પોઈન્ટ તથા પેટ્રોલીંગમાં રહેલ અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા બહાર નીકળતા લોકોને રોકી બહાર નીકળવાના કારણો બાબતે પૂછપરછ કરી અને જો તે કોઈ કામ વગર બહાર નીકળેલ હોય તો તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ સોસાયટી વિસ્તારમાં એકઠા થઈ લોકો બેસતા હોય તેમજ શેરી-ગલીઓમા એકઠા જઈ કોઈ રમતો રમતા હોય જે બાબતે તમામ પોલીસ સ્ટેશનો તથા મદદનીશ પોલીસ કમિશ્નરને કુલ ૧૫ ડ્રોન કેમેરા ફાળવેલા છે તે ડ્રોન કેમેરા મારફત વોચ રાખી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

તેમજ ફરજમાં રૂકાવટ કરનાર ત્રણ શખ્સો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ૪૪ દિવસના લોકડાઉનના સમય દરમિયાન પોલીસે રૂ. ૩૦.૩૦ લાખનો હાજર દંડ તેમજ ઈ-ચલણ મારફતે રૂ. ૨૧.૯૩ લાખનો દંડ વસુલ કર્યો હતો. ૨૨ માર્ચથી જાહેર થયેલા લોકડાઉન બાદ પોલીસે કડક કાર્યવાહી કરી છે. હાલ લોકડાઉનનો ત્રીજો તબક્કો શરૂ છે ત્યારે આગામી દિવસોમાં પણ હજુ પોલીસની જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે. શહેરમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયેલા બુટલેગર, હીસ્ટ્રીસીટર, એમ. સી. આર., ટપોરી ઈસમોને સુરક્ષા કવચ એપ્લિકેશન મારફતે નિયમિતપણે ચેક કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ક્રાઈમબ્રાન્ચ દ્વારા કોરોના પોઝિટિવ વ્યકિતના સંપર્કમાં આવેલા વ્યકિતઓની ટેકનિકલ રીતે ઓળખ કરી તેવા વ્યકિતઓને ક્વોરન્ટાઈન કરવાની કામગીરી વહીવટી તંત્ર સાથે મળી કરવામા આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં ફફડાટ

પ્રાંતિજના પોગલું, પલ્લચાર અને વદરાડમાં એક એક કેસ સામે આવ્યા

પ્રાંતિજ

રાજયમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે રાજયનાં સાબરકાંઠા જિલ્લામાં પણ વધુ કેસ નોંધાવાથી આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. સાબરકાંઠામાં કોરોનાના વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. સમગ્ર જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૯ થઈ છે. પ્રાંતિજના પોગલું પલ્લચાર અને વદરાડ ગામે કોરોનાનો એક-એક પોઝિટિવ કેસ નોંધાયો છે..અને ૨૪ કલાકમાં સાબરકાંઠામાં કુલ છ પોઝિટિવ કેસ થયા છે..ગઈકાલે મોઢુકા અને આગીયોલ ગામે કોરોનાનો એક-એક પોઝિટિવ કેસ નોંધાયો હતો.

રાજ્યમાં કોરોનાને નાથવામાં સંવેદનશીલ રૂપાણી સરકાર રહી નિષ્ફળ..?

જુનાગઢ સહીત ગુજરાતના ૩૨ જિલ્લાઓમાં કોરોનનો ગૃહપ્રવેશ

કોરોનાને અત્યાર સુધી ટક્કર આપી શક્યો માત્ર અમરેલી જીલ્લો

જૂનાગઢ

ગુજરાતના ૩૧ જિલ્લામાં કોરોનાના કેસ ફેલાઈ ગયા હતા. ત્યારે હવે રાજયના ૩૨મા જિલ્લામાં કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. અત્યાર સુધી સાવ કોરા રહેલા જુનાગઢ જિલ્લામાં લોકડાઉનના ૪૨મા દિવસે કોરોનાની એન્ટ્રી થઈ છે. જુનાગઢ જિલ્લામાં કોરોનાના બે કેસ સામે આવ્યા છે. સૌ પ્રથમ બે કેસ ભેસાણમાંથી મળ્યા છે. ભેસાણ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટર વેકરીયા અને ધ્યુનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રથમ બે કેસને કારણે જુનાગઢનું આરોગ્ય તંત્ર દોડતુ થયું છે. બે કેસને પગલે ભેસાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સિલ કરાયું છે. તો સાથે તબીબ અને ધ્યુનના સાથી કર્મચારીઓના નમૂનાઓ લેવાનું શરૂ કરાયું છે. આમ, જુનાગઢમાં કોરોનાએ દસ્તક આપી દીધી છે. હવે માત્ર અમરેલી જિલ્લો જ કોરોનાથી બચી રહ્યો છે.

ગુજરાતના ત્રણ જિલ્લા અમરેલી, જુનાગઢ અને દ્વારકા જિલ્લા કોરોનાથી બચી શક્યા હતા. બે દિવસ પહેલા દ્વારકા જિલ્લામાં પણ કોરોનાના કેસ નોંધાતા ગુજરાતના કુલ ૩૧ જિલ્લામાં કોરોના પહોંચ્યો હતો. પરંતુ હવે જુનાગઢ જિલ્લો પણ કોરોનાના લિસ્ટમાંથી બાકાત રહ્યો નથી. બે કેસ નોંધાતા જુનાગઢનું તંત્ર દોડતું થયું છે. સાથે જ આરોગ્ય કેન્દ્રમાં જ સૌથી પહેલા કોરોના પહોંચ્યો હોવાથી તંત્ર માટે તે સૌથી મોટી સમસ્યા કહી શકાય. અહી અનેક દર્દીઓ રોજ મુલાકાત લેતા હોય છે.

ઉલ્લેખનીય છે કે, હવે માત્ર અમરેલી જિલ્લો જ એવો બચ્યો છે, જયાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. અમરેલી જિલ્લાને લોકડાઉન પાર્ટ -૩માં ગ્રીન ઝોન તરીકે સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

પરપ્રાંતિયોના ભાડા મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને-સામને

કોંગ્રેસના નેતાઓએ આ મામલે સરકારને જુઠ્ઠી અને અસંવેદનશીલ ગણાવી

ગાંધીનગર

ગુજરાતમાંથી પરપ્રાંતિયોને વતન મોકલવા માટે ભાડું વસૂલવાનો વિવાદ વકર્યો છે. જેમાં ગુજરાત સરકારના મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે પ્રેસ નિવેદનમાં જાહેર કર્યું હતું કે, પરપ્રાંતિયો પાસેથી રેલવે અને બસનું ભાડું વસૂલવામાં આવશે. તેમના નિવેદન સામે કોંગ્રેસના બે નેતા અર્જુન મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલે સરકારને અસંવેદનશીલ અને જુઠ્ઠી પુરવાર કરતું ટ્વિટ કર્યું છે. પરપ્રાંતિયોનું ટ્રેન અને બસનું ભાડું કોંગ્રેસ ચૂકવશે એવી ગઈકાલે સોનિયા ગાંધીની જાહેરાત બાદ રાજકારણ ગરમાયું છે.

અર્જુન મોઢવાડિયાએ ટ્વિટ કરીને અશ્વિનીકુમારે ભાડુ વસૂલવાના કરેલી વાતને આધારે બનાવીને કહ્યું છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે સ્પષ્ટ કર્યુ કે પરપ્રાંતીયોએ ટ્રેન ટિકિટના પૈસા આપવા જ પડશે. ટ્રેન માત્ર રાજ્ય સરકાર જ બુક કરી શકશે. રેલવે પાસેથી ઁસ કેયર્સ ફંડમાં રેલવે રૂ. ૧૫૧ કરોડ આપે છે પરંતુ ગરીબો પાસેથી ટિકિટ ઉપરાંત રૂ. ૫૦ ઉઘરાવે છે. આ સંવેદનહીનતા છે.

બિહારીના પ્રભારી અને ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ હિન્દીમાં એક વીડિયો સાથે ટ્વિટ કરીને કહ્યું છે કે જરૂરિયાતમંદ શ્રમિકોને મદદ કરવાની સોનિયા ગાંધીએ વાત કરી કે ભ્તઁવાળા બોલવા લાગ્યા કે રેલવેને ૮૫ ટકા કેન્દ્ર અને ૧૫ ટકા રાજ્ય સરકાર ભોગવશે. આ જૂઠાણાનો પર્દાફાશ ગુજરાતના મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે વીડિયોમાં જણાવ્યું હતું. તેઓ સત્તાવાર રીતે કહી રહ્યા છે કે ટિકિટ તો શ્રમિકાઓએ લેવી પડશે. ભ્તઁ અત્યારે તો જુઠથી દૂર રહો.

ભાજપના સાંસદ અને વરિષ્ઠ નેતા સુબ્રમણ્ય સ્વામીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, પિયુષ ગોહિલની ઓફિસ સાથે વાત થઈ છે. પિયુષ ગોહિલની ઓફિસ સાથે વાત થઈ સરકાર ૮૫ ટકા અને સ્ટેટ ગર્વમેન્ટ ૧૫ ટકા પરપ્રાંતિય મજૂર મફતમાં જઈ શકે. સરકાર અધિકારીક સ્ટેટમેન્ટમાં સ્પષ્ટતા કરશે. જો કે, મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે રજી મેના રોજ જણાવ્યું હતું કે, અન્ય રાજ્યના શ્રમિકોએ ટ્રેનમાં મુસાફરી માટેની ટિકિટ જે-તે શ્રમિકે પોતે ખરીદવાની રહેશે. એટલું જ નહીં, માત્ર જિલ્લાતંત્રના કંટ્રોલરૂમમાં નોંધાયેલા શ્રમિકોને જ આ વ્યવસ્થા અંતર્ગત જવા દેવાશે.

કોરોના પોઝિટીવ દર્દીના સંપર્કમાં આવેલ વ્યક્તિનો ૭ દિવસ બાદ લક્ષણ દેખાય તો જ ટેસ્ટ

કોરોના એક્ટિવ કેસનો ગ્રોથ રેટ ઘટીને ૫% થયો, ઝીરો કરવાનો લક્ષાંકઃ AMC

સૌ સાથે મળી આપણે મેં મહિનાના અંત સુધીમાં કોરોનાને હરાવી શકીશું

અમદાવાદ

વિજય નહેરાએ અમદાવાદની સ્થિતિ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને માહિતી શેર કરી હતી. અમદાવાદમાં આખા રાજ્યમાં સૌથી વધુ કેસ છે અને એ સિવાય ભારતમાં પણ અમદાવાદ કેસની બાબતે ભારે ચર્ચામાં છે. એ સિવાય વિજય નહેરાએ સારા સમાચાર આપતા કહ્યું હતું કે, આજે દોઢ મહિનામાં પહેલી વાર એવું બન્યું કે કોરોનાની એક્ટિવ કેસોની ગ્રોથ રેટ એ ૫ ટકા કરતાં પણ વધારે ઓછી થઈ ગઈ છે. હાલમાં અમદાવાદમાં કુલ ૩૧૦૧ એક્ટિવ કેસ છે. તેમજ વિજય નેહરાએ કહ્યું હતું કે આ વધતા કેસ અને એક્ટિવ કેસ એ આપણા બધા માટે પડકારજનક છે. આપણા માટે એ એક વાત સારી છે કે, એક્ટિવ કેસનો ગ્રોથ રેટ જે પહેલા ૩૦ ટકાથી પણ વધારે હતું એ આજે ઘટીને ૫ ટકા થઈ ગયું છે. પહેલા ૨૫ ટકા, ૨૦ ટકા એમ કરીને ૮ ટકા થયું અને આજે તો રેકોર્ડ તોડીને ૫ ટકાએ પહોંચી ગયું. તેમજ વિજય નહેરાએ એમ પણ કહ્યું હતું કે આ મે મહિનાના અંત સુધીમા આપણે આ રેટને ઝીરો કરી દઈશું. જો સાથે મળીને કામ કરશું તો મને વિશ્વાસ છે કે આપણે આ મહિનાના અંત સુધીમાં આ કામ કરી શકીશું અને કોરોનાને હરાવી શકીશું.

બીજી એક સારી બાબત એ છે કે, અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાંથી કુલ ૬૯૧ લોકોને રજા આપી ઘરે મોકલી દીધા છે. અત્યારે ૩૧૦૧ કેસ જે એક્ટિવ છે એ જુદી જુદી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. એ બધા જ કેસો પર નિયંત્રણ રાખવું ખુબ જરૂરી છે. હાલમાં ૧૦ લાખની વસ્તીએ આપણે ૫૩૪૪ ટેસ્ટ કરી રહ્યા છીએ. તેમજ હજુ પણ આ આંકડો આગળ વધી રહ્યો છે.

એ સિવાય વિજય નહેરાએ બીજી એક ચોખવટ કરી હતી કે, ઘણા લોકો ફોન કરીને પૂછે છે કે મને વહેમ છે કે કોરાના હશે તો, એટલા માટે તે ચેક કરવા માંગે છે. તો નહેરાએ ચોખ્ખું કહ્યું હતું કે આવા કેસમાં ટેસ્ટિંગગ ન થઈ શકે. ગાઈડલાઈનમાં આવી કોઈ જ બાબત નથી. એ સિવાય વિજય નહેરાએ વાત કરી હતી કે, જો તમારી સોસાયટી કે ઓફિસમાં પણ કોઈ એક માણસ પોઝિટીવ આવે તો એના કોન્ટેક્સમાં જે આવ્યું હોય એને પહેલાં સાત દિવસ ક્વોરન્ટાઈનમાં રાખશે ત્યારબાદ તેમાં લક્ષણ હશે તો જ ટેસ્ટ કરવામાં આવશે.

બાળકો અને બધો સામાન લઈ ગોધરા રેલવે સ્ટેશનથી પરપ્રાંતિયોઓ વતન જવા નીકળ્યા

પંચમહાલ

હાલ સમગ્ર રાજયમાં વતન જવાની માંગ સાથે પરપ્રાંતિયોએ હોબાળો મચાવ્યો છે અને કેટલીક જગ્યાએ તો હિંસાના બનાવો પણ બન્યા છે. ત્યારે પંચમહાલમાં વસવાસ કરતા શ્રમિકો માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન સાથે ૧૨૦૦થી વધુ પરપ્રાંતિય શ્રમિકોને ખાસ શ્રમિક ટ્રેન મારફતે વતન પહોંચાડવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લામાં ખૂબ મોટી સંખ્યામાં જીઆઈડીસી અને ઈંટ ઉત્પાદન જેવા ઉદ્યોગો અને પાણીપુરી સહિત છૂટક ધંધા કરી રોજગારી મેળવવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો હંગામી ધોરણે વસવાટ કરી રહ્યા હતા. પરંતુ કોરોના મહામારીને કારણે તમામ ધંધા રોજગાર ઠપ્પ થઈ જતા આ પરપ્રાંતિય શ્રમિકો અને રોજમદારોની હાલત કફોડી બની હતી.

છેલ્લા ઘણા સમયથી આ શ્રમિકો પોતાના વતન જવા તંત્રને રજુઆત કરી ચૂક્યા હતા. જોકે વતન જવા માટે જરૂરી ઓનલાઈન અને તંત્ર દ્વારા જાહેર કરાયેલા ૧૦૭૭ નંબર પર રજિસ્ટ્રેશન કરાવેલ હોવા છતાં વિવિધ રાજ્યોમાં સંકલનના અભાવે આ શ્રમિકો રઝળી પડ્યા હતા. આ શ્રમિકો જે જગ્યાએ રોકાયા હતા ત્યાં સ્થાનિકો અને પોલીસ દ્વારા જમવા સહિતની મદદ નિયમિત પહોંચાડવામાં આવતી હતી. પરંતુ તેમ છતાં કોરોના મહામારીથી ગભરાયેલા શ્રમિકો પોતાના વતન જવાની માંગ પર અડીખમ રહેતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં અલગ અલગ જગ્યાએ વસવાટ કરતા શ્રમિકોને એસટી બસ મારફતે રાત્રે ગોધરા રેલવે સ્ટેશન ખાતે લાવી ખાસ શ્રમિક ટ્રેન મારફતે માદરે વતન રવાના કરાયા હતા.

પંમચહાલમાં કામ અર્થે આવેલા શ્રમિક રાજવીરે ઝી ૨૪ કલાકને જણાવ્યું કે, પંચમહાલ જિલ્લામાં અલગ અલગ સ્થાનો પર અટવાયેલા પરપ્રાંતિય શ્રમિકો માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરના જણાવ્યા અનુસાર જિલ્લામાંથી વિવિધ સ્થાનો પર વસવાટ કરતા શ્રમિકોને જે-તે સ્થળેથી ગોધરા રેલવે સુધી લાવવા માટે ખાસ એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. બસમાં બેસતા પહેલા તમામ લોકોનું હેલ્થ ચેકઅપ કરીને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના પ્રોટોકોલને અનુસરીને સમગ્ર જિલ્લામાંથી ૧૨૨૦ જેટલા શ્રમિકો, જેઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, એ તમામ લોકોને ગોધરા રેલવે સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા.

સુરત શહેરમાં વધુ ૧૭ લોકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

સુરત

આજે બપોર બાર વાગ્યા સુધીમાં સુરત શહેરમાં કોરોના વાયરસના વધુ ૧૭ દર્દીઓ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ આજે એક કોરોના પોઝિટિવ દર્દીનું મૃત્યુ નોંધાયું હોવાનું જાણવા મળ્યું છે. આમ સુરત શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓ પૈકી કુલ મૃત્યુ સંખ્યા ૩૨ થઈ હોવાનું જાણવા મળ્યું છે. સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ આ તમામ નવા કોરોના પોઝિટિવ દર્દીઓને સરકારી કોરોન્ટાઈનમાં સારવાર આપવામાં આવી રહી છે. તેમજ આ નવા દર્દીઓના સંપર્કમાં આવેલા તમામને હોમ કોરોન્ટાઈનમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સુરત શહેરમાં કોરોના વાયરસના દર્દીઓ સતત વધતા રહ્યા છે. ગઈ કાલે નવા ૨૩ દર્દીઓની સાથે કુલ ૬૮૦ દર્દીઓ નોંધાયા હતા. ત્યારબાદ આજે નવા ૧૭ પોઝિટિવ દર્દીઓ નોંધાતા સુરત શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૬૯૭ ઉપર પહોંચી હતી. આજે સાંજ સુધીમાં કોરોના વાયરસથી મુક્ત થયેલા દર્દીઓને સરકારી કોરોન્ટાઈન માંથી ફાઈનલ રિપોર્ટ આવ્યા બાદ રજા આપવામાં આવશે.

સુરેન્દ્રનગરમાં આઈસીઆઈસીઆઈનાં કેશિયરને કોરોના થતા બેંક ૧૪ દિવસ માટે કરાઈ બંધ

માસ્ક પહેરવાનું કહેતા શખ્સે પોલીસ પર કર્યો બ્લેડથી હુમલો

સુરેન્દ્રનગર

લોકડાઉનના ત્રીજા તબક્કાનાં આજે બીજા દિવસે બે સાવધાન કરી દેનારી ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગરનાં ધાંગધ્રાનાં પીએસઆઈ અને કોન્સ્ટેબલે બાઈક પર જતા એક વ્યક્તિને લોકડાઉનમાં ચહેરા પર માસ્ક પહેરવાનું કહેતા તેણે પોલીસ પર બ્લેડ વડે હુમલો કર્યો છે. આ ઘટનામાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત પાટડી માલવણ હાઈવે પર આવેલી આઈસીઆઈસીઆઈ બેંકનાં કેશિયરને કોરોના પોઝિટિવનો કેસ આવ્યો છે. જેથી આ બેંકને ૧૪ દિવસ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. પોલીસ પર હુમલામાં મળતી માહિતી પ્રમાણે, ધાંગધ્રામાં લોકડાઉનનાં પગલે પોલીસ લોકોની સુરક્ષા કરવાની પોતાની ફરજ નિભાવી રહી છે. આ દરમિયાન બાઈક પર જતો એક વ્યક્તિ મોં પર માસ્ક પહેર્યા વગર જઈ રહ્યો હતો. તેને અટકાવીને પીએસઆઈ નરપત ડોડીયા અને કોન્સ્ટેબલે માસ્ક પહેરવાનું કહ્યું. જેનાથી તે વ્યક્તિ ઉશ્કેરાયઈ ગયો અને ફોન કરીને અન્ય બે વ્યક્તિને ત્યાં બોલાવ્યાં હતા. જે બાદ પોલીસે આ લોકોને સમજાનતા પોલીસ પર બ્લેડથી હુમલો કરી દીધો હતો. જેથી પીએસઆઈ ઘવાયા હતા. ઈજાગ્રસ્ત પીએસઆઈને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. હુમલો કરનાર ત્રણેવ વ્યક્તિ સામે ફરજમાં રૂકાવટ હુમલા અને ધમકીની ફરિયાદ દાખલ કરી ધરપકડ કરી લેવામાં આવી છે. સુરેન્દ્રનગરનાં પાટડી માલવણ હાઈવે ઉપર આવેલી આઈસીઆઈસીઆઈ બેંકનં કેશિયર મોહિત શ્રીવાસ્તવને કોરોના પોઝિટિવ આવ્યો છે. જેના કારણે આ બેંકને ૧૪ દિવસ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યોછે. આ કેશિયર અમદાવાદથી અપડાઉન કરતા હતા. થોડા દિવસમાં કેશિયર સાથે અનેક લોકોએ રોકડનો વ્યવહાર કર્યો હતો. તેમની સાથેના અન્ય બે કર્મીઓને હોમ ક્વૉરન્ટાઈ કરી દેવામાં આવ્યાંછે. આખઈ બેંકને સેનિટાઈઝ કરી દેવામાં આવી છે. હવે આ કેશિયરનાં સંપર્કમાં આવેલા લોકોને શોધીને તેમનો પણ કોરોનાનો ટેસ્ટ કરવામાં આવશે.

શ્રમિકોને છોડવા ગયેલા ૭૦ ડ્રાઈવરો ઓરિસ્સામાં ફસાતા સુરત પોલીસે મુક્ત કરાવ્યા

સુરત

જીવના જોખમે ઓરિસ્સાના શ્રમિકોને વતન પહોંચાડવા ગયેલા ગુજરાતના ડ્રાઈવર ભાઈઓ ઓરિસ્સામાં ફસાઈ ગયા હતા. તમામને તેમની બસો સાથે ડિટેઈન કરીને એક મેદાનમાં બેસાડી દેવામાં આવતા ભૂખ, તાપ, થાકથી બેહાલ બનેલા ડ્રાઈવરોએ છેવટે એક વીડિયો દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આ સ્થિતિમાંથી સૌને છોડાવવા અપીલ કરી હતી જેના પગલે ઓલ ગુજરાત ટુરિસ્ટ વ્હીકલ ફેડરેશને નવસારીના સાંસદ સી. આર. પાટીલ તેમજ સુરત પોલીસની દરમ્યાનગીરી કરાવતા આખરે આજે સવારે ગુજરાતની આ તમામ બસોને મુકત કરવામાં આવી હતી. ગુજરાતના વડોદરા, સુરત, ભરૂચના આ ડ્રાઈવરોએ વીડિયોમાં બે હાથ જોડી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પાસે મદદ માંગી હતી કે મહેરબાની કરીને અમને અહીંથી છોડાવો. પરિવારજનોની ના છતાં અમે તો સેવા કરવા માટે આવ્યા હતા તેના બદલે અમને અહીં ગ્રાઉન્ડમાં છોડી દેવામાં આવ્યા છે.

જીવ જોખમમાં નાંખી ૨૦૦૦ કિલોમીટર સુધી ગાડી ખેંચી-ખેંચીને અહીં આવ્યા. હાઈવે પર હોટેલો-ધાબા બધું બંધ છે. ખાધા પીધા વિના પરેશાન થઈ ગયા છીએ. અહીં અમને સરકારી ભોજન અપાયું પણ તેના પણ અમારી પાસેથી ૨૨૦-૨૦૦ રૂપિયા લેવામાં આવ્યા. બધાને પોતાના ઘરે પહોંચાડવા કંઈક કરો. અમારી એક ગાડી બ્રેકરોલ થઈ જતાં બે ડ્રાઈવરને પણ અંદર બેસાડી દીધા છે તો મદદ કરો. અમારે ગાડી નથી જોઈતી પણ અમારાં ડ્રાઈવરભાઈઓને છોડાવી દો. લોકડાઉન ૩ સમયે વતનવાપસીની થોડી છૂટછાટ મળતાં જ પરપ્રાંતિય શ્રમિકોએ પોતપોતાના વતન જવા દોટ મૂકી હતી. જેમાં સુરતમાં રહેતા ઓરિસ્સાવાસીઓને મુકવા ઉપડેલી બસોના ડ્રાઈવરો ૩ દિવસ સુધી સુક્કા નાસ્તા પર જ ગાડીઓ ખેંચીને મુસાફરોને સહીસલામત ઓરિસ્સાના આંતરિયાળ ગામોની સ્કૂલો સુધી પહોંચાડ્યા.

હવે પરિસ્થિતિ એ છે કે આ ડ્રાઈવરોની સાથેના અન્ય બે ડ્રાઈવરોને ઓરિસ્સામાં પોલીસના જામામાં લઈ લીધા હતા.

નવસારીમાં પાંચ દર્દી સારવાર હેઠળ છે

નવસારી

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.દિલીપ ભાવસારે નવસારી જિલ્લામાં કોરોના વિષયક પરિસ્થિતિની જાણકારી આપતાં જણાવ્યું કે અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ ૦૭ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે જે પૈકી બે દર્દીઓ સાજા થઈ ગયા છે અને પાંચ દર્દીઓ સારવાર હેઠળ છે.

હાલમાં જિલ્લામાં જ્યાં પોઝિટિવ કેસો નોંધાયા છે એવા કન્ટેનમેંટ ઝોન અને સંલગ્ન બફર ઝોનના વિસ્તારોમાં આરોગ્ય સર્વેક્ષણ સહિતની તકેદારીઓ મેડિકલ ટીમો દ્વારા લેવામાં આવી રહી છે.પોઝિટિવ કેસો સાથે નિકટ સંપર્ક હોય એવા વ્યક્તિઓને હોમ કોરોન્ટાઈનમાં તકેદારી હેઠળ રાખવામાં આવ્યા છે.

કોરોના સામે રક્ષણ મેળવવા આયર્વેદ પધ્ધતિ શ્રેષ્ઠ ઈલાજ

લોકોએ દિવસભર નવશેકુ ગરમ પાણી પીવું

નવસારી

આયુષ મંત્રાલયે કોરોના વાઇરસ સામે રક્ષણ મેળવવા માટે લોકોને રોગપ્રતિકારક શકિત વધારવા અને સ્વસ્થ્ય રહેવા માટે કેટલાક ઉપાયો જણાવ્યા છે. આયુષ મંત્રાલયે આયુર્વેદ સંબંધિત કેટલીક સલાહો આપી છે. જો કોઈ વ્યક્તિને શરદી, ઉધરસના લક્ષણ દેખાય તો તરત ડોકટરનો સંપર્ક કરવો જોઈએ. લોકોએ દિવસભર નવશેકુ ગરમ પાણી પીવું, ઘરે રહેવું, બહાર ન નિકળવું તેમજ ઘરે યોગાસન કરવા, પ્રાણાયામ અને ધ્યાન લગાવવાથી ઘણા ફાયદા થાય છે. રોજ સવારે ૧૦ ગ્રામ ચ્યવનપ્રાશનુ સેવન કરવા તેમજ ડાયાબિટીસવાળા લોકો સુગર ફ્રી ચ્યવનપ્રાશ લે, તેમજ હર્બલ ચા, તુલસી, સવિંગ, સુકુ આદુ નાખીને દિવસના બે વાર પીવા તેમજ તેમાં ખાંડ અને લીબું પણ નાખીને સેવન કરી શકાય છે. ભોજનમાં હળદર, જીરા, ધાણા પાવડર અને લસણનો ઉપયોગ જરૂર કરવા કહયું છે. ગરમ દુધમાં હળદર નાખીને દિવસમાં બે વાર સેવન કરવું ખુબ લાભદાયી છે.

નાકમાં સવાર સાંજ તલનું તેલ, નારીયેળ તેલ અથવા ઘી લગાવવુ જોઈએ.મોઢામાં એક ચમચી તલનું તેલ કે નારિયેળનું તેલ ભરવુ અને તેને બે થી ત્રણ મિનીટ સુધી અંદર રાખવુ જોઈએ. આ પછી થૂંકી દઈને ગરમ પાણીના કોગળા કરવા જોઈએ. આવુ દિવસમાં ઓછામાં ઓછુ બે વાર કરવા અને ગરમ પાણીમાં ફુદીનો કે અજમો નાખીને સ્ટીમ થેરેપી લેવી- આવુ દિવસમાં એક વખત કરવુ. તેમજ મધમાં લવિંગનો પાઉડર નાખીને દિવસમાં ૨ થી ૩ વખત સેવન કરવુ તેનાથી ઉધરસમાં આરામ મળે છે તેમ આયુષ વિભાગ જણાવે છે.

સુરત ડાયમંડ એસો.ના નામે ફેક ન્યુઝ વાયરલ કરાયા

સુરત

સુરત ડાયમંડ એસો.ના પ્રમુખ બાબુભાઈ કથીરિયા દ્વારા જણાવાયું છે કે કોવિડ-૧૯ની મહામારી વચ્ચે બાર મહિના સુધી હીરાનો વેપાર શરૂ તઈ શકશે નહીં તેવા ફેક ન્યુઝ માર્કેટમાં વહેતા થયા છે. આવું કોઈ પએ જાતનું નિવેદન ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા આપવામાં આવ્યું નથી. આથી રત્નકલાકારો, વેપારીઓ અને ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોમાં ડર અને ભયનો માહોલ પેદા થશે. અને બેરોજગારીનો પ્રશન પણ ઉપસ્થિત થશે. તેથી આ બાબતને સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા સંપૂર્ણ રદિયો આપવામાં આવે છે. અને સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા પોલીસ કમિશનર અને વરાછા પોલીસ સ્ટેશનમાં પણ અરજી કરવામાં આવી છે. તો તે આવા લેભાગી તત્વ સામે કડક કાર્યવાહી કરે.

સુરતમાં કોરોના વાયરસ કેસમાં ૩૭ ટકા જેટલો રિકવરી રેટ નોંધાયો

ઉધરસ, શરદી, ડાયેરિયા જેવા લક્ષણો હોય તો નવી સિવિલનો સંપર્ક કરવા અપીલ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૦૪ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજે ૫૪ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૨૫૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૩૧ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ૩૭ ટકા રિકવરી રેટ થયો છે જ્યારે ૪.૬ ટકા મૃત્યુ દર રહ્યો છે.પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાં ૨૬૦ કેસો આવ્યા છે. આજે વરાછા-એ ઝોનમાં સૌથી વધુ ૦૬ કેસો આવ્યા છે. ૧૦ ડોક્ટરોને રાજયસ્તરેથી સ્લમ વિસ્તારમાં મુકવામાં આવ્યા છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૮૨૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૦૬ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૩૮ લોકો છે. કોરોના યોદ્ધા સમિતી દ્વારા મોટી સંખ્યામાં લોકોને કોરોના વિશે સમજણ આપવાનું કાર્ય થઈ રહ્યું છે. આ સમિતી દ્વારા સ્લમ વિસ્તારમાં ઉકાળા અને હોમિયોપેથી દવાનુ વિતરણ કરવામાં આવ્યું છે. હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં સૌથી વધુ ધ્યાન આપવાના હેતુથી ૨૫ ફિવર ક્લિનિક તથા ૧૬૮ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી પાનીએ કહ્યું કે, જો તમને શ્વાસ લેવામાં તકલીફ હોય, ઉધરસ, શરદી અથવા ડાયેરિયા જેવા લક્ષણો હોય તો તરત જ નવી સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરવો. આ પ્રકારના લક્ષણો વાઈરસનું શરૂઆતનું સ્ટેજ હોઈ શકે છે, તુરંત સારવાર મેળવવાથી કોરોનાને ફેલાતો અટકાવી શકાય છે. કરિયાણાની દુકાનદાર, શાકભાજીવાળા લોકો અને મેડિકલ સ્ટોરના માલિકોને કોરોના નેગેટીવ હોવાનુ કાર્ડ આપવામાં આવશે. જેથી લોકો સાવચેત રહી શકે. સર્વેલન્સ ટીમો જ્યારે લોકો પાસે આવે ત્યારે તેમને સમ્માનપુર્વક સાથસહકાર આપવામાં આવે તેવી વિનંતી તેમણે કરી હતી.

લોકો રેડ ઝોન અને કન્ટેનમેન્ટ ઝોન એક જ છે એમ માને છે, પરંતુ તે બંને અલગ અલગ હોય છે. કન્ટેનમેન્ટ વિસ્તાર એટલે કે અંદરના વિસ્તારો છે કે જ્યાં વધુ પ્રમાણમાં ચેપ લાગેલા હોય છે, જ્યાં કોઈ પણ પ્રકારની સેવા કે દુકાનોને શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી નથી. જ્યારે રેડ ઝોનમાં જરૂરી વસ્તુઓ અને સેવાને ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવી છે. લોકોએ લોકડાઉન-૩ ને ખુબ જ ગંભીરતાથી લઈ સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે માસ્ક પહેરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના દિશાનિર્દેશનું પાલન કરે તેવો અનુરોધ કર્યો હતો. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૩૯ અને શહેરમાં ૬૭૪ મળીને શહેર અને જિલ્લામાં કુલ ૭૧૩ કેસો નોંધાયા છે.

નવસારીમાં લોકડાઉનનો ભંગ બદલ કુલ ૮૩૭૩ લોકોની અટક

એક દિવસમાં વધુ ૯૮ વાહનો જપ્ત કરાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૩ જી મે ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૬૫ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૬૭ ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૧૦ વ્યકિતઓની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૯૮ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૦૩ મે સુધીમાં કુલ ૭૬૦૩ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૮૩૭૩ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

કોરોનાની મહામારીમાં પણ ડુમસ ગ્રીન ઝોનમાં, એક પણ કેસ નોંધાયો નથી



સુરતમાં ડુમસના ૧૨૨ વર્ષ જૂના કુવાના પાણીથી અનેક બીમાર લોકો સાજા થયા

સુરત

ખારા પાણીના સમુદ્ર નજીક આવેલા ૧૨૨ વર્ષ જૂના અને ૩૦ ફૂટ ઉડા કૂવામાં આજે પણ મીઠા પાણીના ફુવારા ૧૫૦૦૦ લોકોની ખ્યાસ બુજાવે છે. આ કૂવામાં ચોમાસા માં ૧૨ ફૂટ અને બાકીની ઋતુઓ માં ૭ ફૂટ પાણી રહેતું હોવાથી વર્ષોથી પીવાના પાણી જરૂરિયાત આપતો એકમાત્ર કૂવો આજે પણ સુરત-મુંબઈના ઉદ્યોગપતિઓમાં પોતાની એક અનોખી ઓળખ ઉભી કરવામાં સફળ રહ્યો છે. બીમાર પડ્યા બાદ આ કુવાનું પાણી પી લોકો સાજા થયા હોવાના અનેક ઉદાહરણ છે. બન્ને ગામની મહિલાઓ આજે પણ રોજિંદા સમયે માથે બેડા મૂકી પાણી ભરી આવતી હોવાના દ્રશ્યો ભારતીય સંસ્કૃતિની યાદ અપાવે છે. ૧૫ હજારની વસ્તીમાં એક માત્ર મીઠા પાણીના આ કુવાનું રહસ્ય આજે પણ અકબંધ હોવાનું ગામવાસીઓ કહી રહ્યા છે. કોરોનાની મહામારીમાં પણ ડુમસ ગ્રીન ઝોનમાં છે અહીં અત્યાર સુધીમાં એક પણ કેસ નોંધાયો નથી.

રમેશભાઈ લશ્કરી કહે છે કે, ૧૮૯૮થી એટલે કે નવાબો ના શાસનથી ગામના ૯૦ ટકા લોકો આ કુવાનું પાણી પીને તંદુરસ્ત રહેતા આવ્યા છે. નવાબોના ગામથી ઓળખાતા ડુમસ ગામમાં ૧૯૯૮માં ૨૫૦૦ની ગરીબ વસ્તી માટે પીવાના પાણીની સમસ્યા સાંભળી અમદાવાદની એક મહિલાએ આ કુવો ખોદાવતા મીઠા પાણીનું ઝરણું નીકળ્યું હતું. ત્યારબાદ આજે ૧૨૨ વર્ષથી આ કુવાના પાણીનું સ્તર ક્યારેય નીચે ઉતર્યું નથી. આ કુવાનું પાણી લોકો ફિલ્ટર કે ગરમ કર્યા વગર જ વપરાશમાં લે છે. જેનું પાછળનું મુખ્ય કારણ એ પણ છે કે આ કુવાના ભૂગર્ભમાં ૫ આયુર્વેદિક ઝાડ એટલે કે લીમડો, વડ, આમલી, નાળિયેરી સહિત ઝાડના મૂળિયા આવેલા છે. વર્ષમાં એકવાર આ કૂવામાં મજૂરને ઉતારી પાંચેય ઝાડના મૂળિયા કાપવા પડે છે. ત્યારબાદ ફરી આ કુવાનું પાણી ગામવાસીઓ વપરાશમાં લેતા હોય છે.

રમેશભાઈએ વધુમાં ઉમેર્યું હતું કે, સગર્ભા મહિલાઓ માથે બેડા મૂકી પાણી ભરવા આવતી હોવાથી નોર્મલ પ્રસુતિ થતી હોવાનું આ ગામની પ્રસૂતાગ્રસ્ત મહિલાઓનું કહેવું છે. મુંબઈ સુધીના ઉદ્યોગપતિઓ પણ બીમાર પડ્યા બાદ આ કુવાનું પાણી પી સાજા થયા હોવાના અનેક ઉદાહરણ છે. આ કુવાનું પાણી પીધા બાદ ભૂખ ખૂબ જ લાગતી હોવાનું આજે પણ ગામવાસીઓ કહે છે. કોરોનાની મહામારી બાદ ગ્રીન ઝોન જાહેર થયેલા ડુમસ ગામની આજુબાજુ ૪ લાખ ૩૫ હજાર ઝાડ છે. જેને લઈ હજી સુધી આ ગામમાં કોઈ મોટી મહામારી પ્રવેશી શકી ન હોવાનું પણ કહી શકાય છે.

સુરત ડાયમંડ એસો. દ્વારા ઓનલાઈન સર્વે શરૂ

સુરત

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા ડાયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા દરેક લોકોને ડેટા એકત્રિત કરવા માટે ફોર્મ બહાર પાડવામાં આવેલ છે. આ ફોર્મ ઓનલાઈન જ ભરવાનું રહેશે. આ ફોર્મ દરેક રત્ન કલાકારો, ઓફિસ સ્ટાફ, કારખાનેદાર (ફેકટરી), વેપારીઓ તથા દલાલ મિત્રોએ ભરવાનું રહેશે.

httpL://survey.sdasurat.orv આ લિંગ પર જઈને તમે ઓનલાઈન ફોર્મ ભરી શકશો. આ ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી અથવા માહિતી જોઈતી હોય તો મહેરબાની કરી ફોન કરવો નહીં. વધુ માહિતી માટે ઓનલાઈન ફોર્મમાં ઈમેલ આઈડી આપેલ છે તેની ઉપર રજુઆત કરવાની રહેશે.

આ સર્વે કરવાનો મુખ્ય ઉદ્દેશ ડેટા એકત્રિત કરવાનો છે એ આપણે સરકાર શ્રીને કઈ પઈ રજુઆ કરવી હોય તો આ ડેટાને આધારે કરી શકાશે. આ ડેટાના આધેર કંઈ પણ લાભ અપાવવા માટે અમે પ્રયત્ન કરાશે.

પોલીસે વાહનો જપ્ત કરી દંડવાનું શરૂ કરતા કડક લોક ડાઉન અમલી

સુરત શહેરના માર્ગો પર અવર જવર નહીંવત

સુરત

ત્રીજા તબક્કાના લોકડાઉનનો આજે બીજો દિવસ છે. તા. ૧૭મી સુધી સુરત સહિત ભારત ભરમા ત્રીજા તબક્કાનું લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. ગત તા. ૩જી મે એ બીજા તબક્કાના અંતિમ દિવસ હોવાથી સુરતના લોકોને આશા હતી કે બીજા તબક્કાના લોકડાઉનની મુદત થતા છુટ છાટ આપવામાં આવશે જેને કારણે ગઈ કાલે તા. ૪મીએ સવારથી શહેર ભરમાં લોકો વાહનો સાથે રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. ઠેર ઠેર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. ત્યારબાદ તંત્ર અને પોલીસ હરકતમાં આવી ગયું હતું. અને સુરત શહેરમાં સંપર્ણ લોકડાઉનનો અમલ હોવાનું વારંવાર જાહેર કરવું પડયું હતું. ત્રીજા તબક્કાની લોક ડાઉનમાં માત્ર અતિ આવશ્યક સેવાઓજ ચાલુ રાખવામાં આવી હોવાનું અને આજે પણ પ્રથમ તબક્કામાં જે રીતે લોકડાઉનનો અમલ કરવાનો હતો, એજ પ્રમાણે ત્રીજા તબક્કામાં પણ લોકડાઉનનો અમલ કરવાનો રહેશે. ગઇ કાલે સુરત પોલીસે અનેક લોકોની ગાડીઓ પણ જપ્ત કરી ભારે દંડ વસુલ્યો હતો. જેને કારણે આજે લોકોએ લોકડાઉનના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવાની ફરજ પડી હતી. જેથી આજે શહેરમાં માર્ગો ઉપર વાહનોની અવર જવર ખુબજ નજીવી હતી.

સુરતમાં લોક ડાઉનમાં ફસાયેલા

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના લોકોને વતન જવાની મંજુરી આપોઃ કોંગ્રેસ

લોકોને વતન જવા માટે ભાડુ ચૂકવવાની સુરત કોંગ્રેસે તૈયારી દર્શાવી

સુરત

સુરત શહેર માં ફસાયેલા ગુજરાત ના સૌરાષ્ટ્ર,ઉત્તર ગુજરાત તથા ગુજરાત ના જિલ્લાઓ ના રત્નકલાકાર , શ્રમિકો ને વિનામૂલ્ય પોતાના માદરે વતન મોકલવાની વ્યવસ્થા કરવા અને તેમાં જરૂર પડતાં સુરત શહેર કોંગ્રેસ સમિતિ ની આર્થિક મદદ બાબતે સુરત શહેર કોંગ્રેસ દ્વારા સુરત જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી સુરત શહેર કોંગ્રેસના પ્રમુખ બાબુભાઈ રાયકાએ જણાવ્યું હતું કે હાલ માં દેશ અને ગુજરાત નોવેલ કોરોના વાઇરસ ના લીધે છેલ્લા ૪૦ દિવસ થી વધુ દિવસ થી લોકડાઉન ની પરિસ્થિતિ માં થી પસાર થઈ રહ્યું છે ત્યારે રાજ્ય માં રોજી રોટી રળતા શ્રમિકો ની સ્થિતિ ખુબજ ખરાબ થઈ ગઈ છે. આપ જાણો છો કે સુરત શહેર રાજ્ય ની આર્થિક રાજધાની તરીકે ઓળખાય છે અને અહી દેશ અને આખા ગુજરાત ના દરેક જિલ્લા માંથી લોકો પોતાના જીવનગુજર માટે આવીને વસેલા છે , સૌરાષ્ટ્ર થી અહી ખુબજ મોટી સંખ્યા રત્નકલાકરો વસેલા છે જે આટલા લાંબા સમય ચાલેલા લોકડાઉન ના લીધે રોજગાર બંધ હોવાથી તેઓની આર્થિક સ્થિતિ ખૂબ ખરાબ છે અને તેઓ પોતાના વતન જવા માંગે છે. ગુજરાત ના ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓ મા માંથી પણ લોકો અહી આવીને વસેલા છે જે પણ પોતાના વતન જવા માંગે છે. સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા અગાઉ પણ આ તમામ ને વિનામૂલ્ય પોતાના માદરે વતન જવા દેવાની વ્યવસ્થા કરવાની માંગણી તંત્ર ને કરી હતી પણ આજ સુધી તે બાબતે કોઈ નિર્ણય લેવા માં આવ્યો નથી તે દુર્ભાગ્યપૂર્ણ છે. ત્યારે આપશ્રી ને અમારી વિનંતી છે કે સુરત માં મોટી સંખ્યા માં વસતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને ગુજરાત ના અન્ય જિલ્લા ના રત્નકલાકારો શ્રમિકો અને ખેતમજૂરો ને તુરંત પોતાના માદરે વતન જવા માટે વિનામૂલ્ય વ્યવસ્થા કરવામાં આવે અને તે માટે ગુજરાત પરિવહન વિભાગ ની બસો ઉપયોગ માં લેવાય. આટલા લાંબા ચાલેલા લોકડાઉન ના લીધે આ તમામ ખૂબ ખરાબ આર્થિક પરિસ્થિતી માં હોવા થી આમની પાસે ભાડા ની અપેક્ષા સંવેદનહિંતા ગણાશે તે છતાં જો કોઈક કારણસર સરકાર તેઓની પાસે ભાડું લેવા માંગતી હોય તો આ કપરી પરિસ્થિતિ માં એમના પર ભાર ના નાખી જે રત્નકલાકારો અને શ્રમિકો પોતાનું ભાડું ના ઉઠાવી શકતા હોય તેઓ માટે આપશ્રી ને સુરત શહેર કોંગ્રેસ સમિતિ નો સંપર્ક કરવા વિનંતી છે તેવી પરિસ્થિતિ માં બનતી આર્થિક મદદ સુરત શહેર કોંગ્રેસ સમિતિ કરવા તૈયાર છે.

સુરતમાં ગર્ભવતી મહિલા વતન જવા ઓનલાઈન પરમીશ માંગી ન મળતા કલેક્ટર પાસે પહોંચી

સુરત

વરાછા વિસ્તારમાં રહેતી એક ગર્ભવતી મહિલા સૌરાષ્ટ્ર વતન જવા માટે પરમીશન લેવા માટે કલેક્ટર કચેરી પહોંચી હતી. સુરતમાં હાલ સાત માસ ગર્ભવતી પત્ની સાથે માત્ર પતિ હોવાથી બાળકની સારી રીતે કાળજી લેવા માટે વતન જવાની માંગ કરી રહી છે. સગર્ભાએ જણાવ્યું હતું કે, સાહેબ, મને ૭મો મહિનો છે.. વતન જવું છે પણ ૫ દિવસથી ઓનલાઈન પરમિશન ના મળતાં અંતે અહીં આવવું પડ્યું છે.

મૂળ રાજકોટના જેતપુર તાલુકાના થાણા ગાલોળ ગામની રહેવાસી અને વરાછા વિસ્તારમાં યોગીચોક ખાતે આમરકુંજ સોસાયટીમાં



વનીતાબેન કિરીટભાઈ વિથલભાઈ બુટાણી (ઉ.વ.૨૮) પતિ સાથે ભાડાના મકાનમાં રહે છે. વણીતાને સાત માસનો ગર્ભ છે અને દોઢ વર્ષના લગ્ન અને પહેલું જ બાળક છે. એમ્બ્રોઈડરીના કામકાજ સાથે સંકળાયેલા પતિ લોકડાઉનમાં બેકાર થયા બાદ પત્નીની કાળજી રાખતો હતો. ૭ મહિનાનો ગર્ભ અને ડોક્ટરે કહ્યું છે આરામ કરો અને ગર્ભમાં ઉછેર લઈ રહેલા બાળકની સાર સંભાળ રાખો.

માત્ર પતિ હોવાથી ઘરમાં રસોઈ બનાવવાથી લઈ અનેક સમસ્યાઓ થઈ રહી છે. છેલ્લા એક મહિના સુધી પાડોશીઓ સગર્ભાની દેખરેખ રાખતા હતા. સગર્ભા વનીતાબેને જણાવ્યું હતું કે, ૫ દિવસથી ઓનલાઈન પ્રક્રિયા કરતા હતા કોઈ ઉકેલ નહીં આવતા કલેક્ટર કચેરી આવી છું. ગામ જવાની પરવાનગી મળે તો પરિવારની અન્ય મહિલાઓ સગર્ભા પત્નીની કાળજી લઈ શકે છે.

લોક ડાઉનની સ્થિતિમાં વિના મુલ્યે સેનેટરી પેડ વિતરિત કરવા માંગ

સુરત

સુરત સહેરના તમામ સ્લમ વિસ્તાર, ઈડબ્લ્યુએસ આવાસ ટેનામેન્ટ અને શ્રમિક વર્ગની ખાનગી સોસાયટીઓની ગરીબ-મધ્યમવર્ગની મહિલાઓને સેનેટરી પેડનું વિનામુલ્યે વિતરણ કરવા કોર્પોરેટર અસલમ સાઈકલ વાલાએ કરેલી માંગણીમાં જણાવ્યું છે કે હાલ કોવિડ-૧૯ની ૨૨ માર્ચથી લોકડાઉનની પરિસ્થિતિમાં સુરત શહેરના છૂટક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ-મધ્યમવર્ગના શ્રમજીવીઓની આર્થિક પરિસ્થિતિ ખુબજ દયનીય થઈ ગઈ છે. આ વિકટ પરિસ્થિતિમાં સૌથી વધુ દુઃખ અને વેદના કોઈને વેઠવી પડી રહી છે તો,તે પરિવારની મહિલા છે. આર્થિક પરિસ્થિતિ નબળી થવાથી આ પરિવારની મહિલાઓ તેમના કુદરતી ચક્ર 'માસિક ધર્મ' સમયે ઉપયોગમાં લેતી 'સેનેટરી પેડ' ખરીદી કરી શકતી નથી એ કડવી વાસ્તવિકતા છે. ઉપરાંત આ ઘણી મહિલાઓના રહેઠાણથી આરોગ્ય કેન્દ્ર દૂર હોય હાલમાં તમામ પ્રકારના જાહેર વાહન વ્યવહાર બંધ હોવાથી તેમજ હાલ લોકડાઉનની પરિસ્થિતિમાં ઘણાં મેડિકલ સ્ટોર્સ પણ બંધ છે.

જેથી મહિલાઓને ઘણી જ મુશ્કેલી ઉભી થઈ રહી હોય આપશ્રી, આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક સુરત શહેરના તમામ સ્લમ વિસ્તાર, EWS આવાસ-ટેનામેન્ટ અને શ્રમિકવર્ગના ખાનગી સોસાયટીઓના ગરીબ-મધ્યમવર્ગ વિસ્તારની મહિલાઓને આંગણવાડીની બહેનો-આશાવર્કરો દ્વારા વિનામૂલ્ય 'સેનેટરી પેડ' નું વિતરણ વ્યવસ્થા કરવામાં આવે એવી મારી રજુઆત છે.

સુરત કલેક્ટર કચેરીના ત્રીજા માળે રેકોર્ડ રૂમમાં આગ લગતા અગત્યના દસ્તાવેજો થયા ખાખ



સુરત

સુરત જિલ્લા કલેક્ટર કચેરીના ત્રીજા માળે આવેલા રેકોર્ડ રૂમમાં અચાનક આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો છે અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યો હતો. દરમિયાન ભારે જહેમતે આગ પર કાબૂ મેળવાયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, જે વિંગમાં આગ લાગી તેની સામેની વિંગમાં મંત્રી-કલેક્ટર સહિતનાની બેઠક ચાલુ હતી.

કલેકટર કચેરીના ત્રીજા માળે અશાંતધારાના રેકોર્ડ રૂમ આવેલો છે. જેમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જેથી કચેરીનું આલાર્મ વાગ્યું હતું. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘસી ગયો હતો. ફાયર વિભાગ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. દરમિયાન રેકોર્ડ રૂમમાં રહેતા દસ્તાવેજોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કલેક્ટર કચેરીના ત્રીજા માળે રેકોર્ડ રૂમમાં આગ લાગી હતી. જ્યારે તેની સામે જ આવેલી વિંગમાં વતન વાપસીને લઈને એક બેઠક ચાલી રહી હતી. જેમાં કલેક્ટર, આરોગ્ય મંત્રી, આદિજાતિ અને મહિલા બાળ વિકાસ તેમજ વન અને પર્યાવરણ મંત્રી સહિતના બેઠકમાં હાજર હતા.

શાકભાજીનું વેચાણ કરતા બે ફેરિયાઓ કોરોના પોઝિટિવ

જીવન જરૂરી ચીજ વસ્તુ ખરીદતી વખતે સાવચેતી દાખવવી

સુરત

નોવેલ કોરોના વાયરસ (covID૧૯) ની મહામારીમાં ઈસ્ટઝોન – એ ના ફુલપાડા. અશ્વિનીકુમાર વિસ્તારમાં આવેલ અટલજી નગર સૂર્યનગર , વિશાલ નગર મોદી મોહલ્લો રામનાથ ઓવારો , ભકિતનગર , રૂપાલી સોસાયટી , ધરતીનગર , આનંદનગર આવાસ , સત્યમ શિવમ સુંદરમ એપાર્ટમેન્ટમાં છેલ્લા અઠવાડિયામાં કોરોનાના ૨૬ (છવ્વીસ) કેસ મળી આવેલ હતા જેઓની સંપૂર્ણ માહિતી મેળવતા મોટેભાગે શાકભાજી નુ વેચાણ કરતા ફેરીયાઓ તેમજ કરીયાણા નુ વેચાણ કરતી સંસ્થાઓના સંપર્કમાં આવેલ હોવાનું જણાવેલ હતું જેથી આ વિસ્તારમાં શાકભાજી નુ વેચાણ કરતા ફેરીયાઓ, કરીયાણાની સંસ્થાઓ તેમજ ડેરીઓમાં દુધનું વેચાણ કરતી વ્યકિતઓ મળી કુલ ૧૦૭ સેમ્પલ લેવામાં આવેલ હતા. જેમાંથી ૨ (બે) શાકભાજી નુ વેચાણ કરતા ફેરીયાઓને કારોના વાયરસ નુ સંક્રમણ હોવાનું જણાય આવેલ હતુ તેમજ આ બન્ને ફેરીયાઓમાં કોઈપણ લક્ષણો જણાયેલ ન હતા જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે શાકભાજી, કરીયાણા,ડેરી કે મેડીકલ સ્ટોરમાંથી સામાન ની ખરીદી કરતી વખતે સાવચેતી ના ભાગરૂપે સોશીયલ ડીસ્ટન્સ જાળવવુ, મોઢા ઉપર માસ્ક બાંધવુ તેમજ હેન્ડ ગ્લોઝ પહેરવુ હિતાવહ છે. સાબુથી હાથ ધોવા અને હેન્ડ સેનીટાઈઝર નો ઉપયોગ કરવો હિતાવહ છે.

સુરતમાં પુત્રની સારવાર અર્થે નીકળેલા પરિવાર અને પોલીસ વચ્ચે ઘર્ષણ

એક વ્યક્તિની અટકાયત કરી પોલીસે પરિવારને જવા દીધો



સુરત

લોકડાઉનના ત્રીજા તબક્કામાં લોકોની ધીરજ ખૂટતી હોય તેમ પોલીસ સાથેના ઘર્ષણના બનાવો વધી રહ્યાં છે. મજૂરાગેટ વિસ્તારમાં બાઈક પર પુત્રની સારવાર કરવા જઈ રહેલા પરિવારને પોલીસે અટકાવતાં જ ઘર્ષણ સર્જાયું હતું. પોલીસ સાથે પરિવાર ગાળા ગાળી પર ઉતરી આવ્યું હતું. જેથી પોલીસે એકની અટકાયત કરી હતી અને પરિવારના અન્ય સભ્યોને જવા દીધા હતાં.

બાળકને સારવાર માટે લઈ જઈ રહેલા વ્યક્તિએ જણાવ્યું હતું કે, બાળકની આંગળી દરવાજામાં આવી ગઈ હતી. જેથી અમે તાત્કાલિક તેને લઈને નીકળ્યા પરંતુ પોલીસે અમારી સાથે ગેરવર્તન કર્યું હતું. અમને જતા અટકાવીને બાઈકની ચાવી ખેંચી લીધી હતું. જેથી અમારે તેમની સાથે ઘર્ષણમાં ઉતરવું પડ્યું હતું.

પોલીસ જવાને જણાવ્યું હતું કે, અમે માત્ર તેમની પુછપરછ કરવા બાઈક ઉભી રખાવી તેમાં તેઓ ઉગ્ર બની ગયાં હતાં. જેથી અમારે બાઈકની ચાવી લેવી પડી અને અમારી સાથે ગાળા ગાળી થતાં એકની અટકાયત કરી છે. જ્યારે સમજાવટથી કામ લઈને સારવાર માટે નીકળેલા પરિવારને જવા દીધો હતો.

લોકડાઉનમાં બહાના બનાવી નિકળી પડેલા ૧૯૭ લોકોની અટક

લોક ડાઉન દરમિયાન પોલીસે કુલ ૧૧૭૩૮ લોકોની ધરપકડ કરી

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગત રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૯૭ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૮૪૦ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. સી.સી.ટીવી કેમેરાની મદદથી ૦૧ ગુનો નોંધવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૭૩૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૩,૮૬૬ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નોવેલ કોરોના વાયરસ અંગે હેલ્પ લાઈનનો સંપર્ક કરવો

હેલ્પ લાઈન પર યોગ્ય માર્ગદર્શન મળશે

નવસારી

પ્રવર્તમાન નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીનાં કારણે રાજ્યમાં કોરોના વાયરસનાં ચેપગ્રસ્ત દરદીઓ અને તેના કુટુંબીજનો તેમજ તેમના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હોઈ તેવા સંજોગોમાં આવા વ્યક્તિઓને શારિરીક તેમજ માનસિક સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓનાં નિવારણ માટે રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન સેવા જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ કઠવાડા-અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવી છે.

આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલ લાભાર્થી દરદીઓને ૨૪બ૭ સતત ૨૪ કલાક માટે એમ. બી. બી.એસ, એમ. ડી. ફિઝિશિયન, ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડીસીન, ટેલી કાઉન્સેલિંગ (પરામર્શ) અને ટેલી એડવાઈઝ (સલાહ) આપવામાં આવે છે. તેમ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

અફવા ફેલાવનાર વ્યક્તિ સામે કાદેસરના પગલા ભરાશે

અફવાથી દુર રહેવા જાહેર અપીલ

સુરત

કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની અવર જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકવવા માટે સૂરત શહેર પોલીસ કમિશનરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટે એક જાહેરનામા દ્વારા સમગ્ર પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધ ફરમાવ્યા છે.

જાહેરનામા અનુસાર કોઈ પણ વ્યકિતએ (૧) કોઈ પણ વ્યક્તિ / સંસ્થા કોરોના વાયરસ અંગે ભય ફેલાઈ તેવી કોઈ પણ પ્રકારની અફવા, પ્રિન્ટ કે સોશિયલ મિડિયા મારફતે ફેલાવવી નહીં. ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેના વિરુધ્ધ કાર્યવાહી કરાશે. (૨) જો કોઈ નાગરિક જાહેર થયેલ કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી આવ્યો હશે તો તેમણે નજીકની સરકારી હોસ્પિટલ અથવા જિલ્લાના કંટ્રોલ રૂમ અથવા હેલ્પ લાઈન નં. ૧૦૪ પર આ અંગે ફરજીયાત જાણ કરવાની તથા જરૂરી તમામ માહિતી આપવાની રહેશે. વહીવટી તંત્રની સુચના અનુસાર Home Quarantine / Isolation પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમ કરવામાં નહીં આવે તો તેઓને ફરજીયાત પણ quarantine વોર્ડમાં ખસેડી Epidemic Diseases Act . ૧૮૯૭ ની જોગવાઈ મુજબ દંડનીય અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.(૩) જાહેર રસ્તાઓ પર કોઈ વ્યક્તિ થકીને કે અન્ય રીતે ગંદકી કરશે અથવા ગંદકી ફેલાવશે તો તેમની નિયમાનુસાર દંડ વસુલ કરવામાં આવશે. આ જાહેરનામું તા.૪/૫/૨૦૨૦ થી તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

તાપી જિલ્લાના સૌપ્રથમ કોરોના દર્દીને હોસ્પિટલમાંથી રજા મળી

સારવાર કરનાર તબીબોનો આભાર વ્યક્ત કરતા કંસાબેન ગામિત

વ્યારા

તાપી જિલ્લાના વ્યારા તાલુકાનાં માયપુર ગામના ૩૫ વર્ષીય મહિલા નામે કંસાબેન ગામીતનો "કોરોના"નો રિપોર્ટ પોઝેટિવ આવ્યા બાદ, તેમને ગત તા. ૨૦ ૪ ૨૦૨૦ ના રોજ, વ્યારાની સિવિલ હોસ્પીટલ ખાતે કાર્યરત કોવિદ-૧૯ ડેડીકેટેડ હોસ્પીટલમાં આઈસોલેટ કરાયા હતા. જ્યાં "કોરોના" પેશન્ટ માટેના નિયત પ્રોટોકોલ સાથે સારવાર અપાયા બાદ, આ દર્દીના અન્ય ૨ જેટલા રિપોર્ટ્સ નેગેટિવ આવતા, આજે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

તાપી જિલ્લાના સી. ડી. એમ. ઓ.શ્રી ડો. નૈતિક ચૌધરીના જણાવ્યા અનુસાર, તાપી જિલ્લાના આ પ્રથમ "કોરોના" પોઝેટિવ દર્દીને કોવિદ-૧૯ ડેડીકેટેડ હોસ્પિટલમાં ફિજીશિયન તરીકે ડો.નિમેશ ચૌધરી, ડો.કુંજન ચૌધરી, ડો. હેમાંગીની ચૌધરી,ડો.નિલેશ ચૌધરી,અને ડો. જૈનિસ ગામિતે સારવાર આપી હતી. જેમને જનરલ હોસ્પિટલ તબીબી અધિકારીઓ ડો.ભદ્રેશ પટેલ, ડો.જિગ્નેશ ચૌધરી, ડો.હિનાબેન પટેલ, ડો.હિતેશ ગામિત, ડો.રાજન ચૌધરી, ડો મનીષ રાણા, ડો. કુણાલ સોની, ડો.જયશ્રી ચૌધરી, ડો.અંકુર પટેલ વિગેરેનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ ઉપરાંત સ્ટાફ નર્સ તરીકે સ્વાતિ ગામિત, યુનિતા ગામિત, હર્શિદા ગામિત, કાજલ ગામિત, સહિત વોર્ડકર્મી તુષાર ગામિત, કિશોર ગામિત,કામિની સોલંકી દ્વારા ૨૪/૭ સેવા, સુશ્રુષા આપીને, આજે તેને સ્વગૃહે જવા માટે રજા આપવામાં આવી છે. તાપી જિલ્લાના પ્રથમ "કોરોના" દર્દી તરીકે દાખલ કરાયેલા આ દર્દીનો સારવાર દરમિયાન પ્રથમ રિપોર્ટ તા. ૨ ૫ ૨૦૨૦ ના રોજ, તથા બીજો રિપોર્ટ તા.૩ ૫ ૨૦૨૦ના રોજ નેગેટિવ આવતા, તા.૪ ૫ ૨૦૨૦ના રોજ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, તેમ પણ ડો. ચૌધરીએ વધુમાં જણાવ્યુ હતું.

તાપી જિલ્લાના પ્રથમ દર્દીને હોસ્પિટલમાંથી રજા અપાતા હવે આજની તારીખે, તાપી જિલ્લામાં એક પણ "કોરોના" દર્દી સારવાર હેઠળ નથી, તેમ જણાવતા તાપી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલે વાલોડ તાલુકાનાં કલમકુઈ ગામના આરોગ્ય કર્મચારી કે જેઓ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ફરજ બજાવતા હતા તે સુરત ખાતે, અને કુકરમુંડા તાલુકાનાં કેન્સરગ્રસ્ત યુવાન કે જેનો "કોરોના" રિપોર્ટ પણ અમદાવાદ ખાતે પોઝેટિવ આવ્યો હતો, તે દર્દી અમદાવાદ ખાતે સારવાર લઈ રહ્યા છે તેમ જણાવ્યુ હતું.

જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લાની આરોગ્ય ટિમ દ્વારા રાઉન્ડ ધ ક્લોક કામગીરી હાથ ધરવા સાથે, તાપી જિલ્લાને "કોરોના મુક્ત" બનાવવા માટે સૌના સહયોગની પણ ડો.હર્ષદ પટેલે અપીલ કરી છે.

તાપી જિલ્લાના પ્રથમ "કોરોના" દર્દીને રજા આપી સ્વગૃહે મોકલવા બદલ સમગ્ર આરોગ્યકર્મીઓને અભિનંદન પાઠવતા જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ આજથી શરૂ થતાં "લોકડાઉન"ના ત્રીજા તબક્કામાં જિલ્લાના પ્રજાજનોને મળેલી છૂટછાટનો ખૂબ જ સંયમપૂર્વક ઉપયોગ કરવા, અને બિનજરૂરી રીતે બહાર નહીં નીકળવા, ફેસ માસ્ક, હેન્ડ ગ્લોઝ, અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ફરજિયાતપણે પાલન કરવા પણ આહ્વાન કર્યું છે.

પલસાણાના વરેલી ગામમાં તોફાન કરનાર ૨૦૪ લોકોની ધરપકડ

રવિ રાજપૂત, લાલજી માંકડીયાની પણ પોલીસે ધરપકડ કરી

કડોદરા

ગઈકાલે પલસાણા તાલુકાના વરેલીમાં બનેલ તોફાનની ઘટનામાં સરકારી તથા ખાનગી વાહનો તેમજ જાહેર મિલકતને નુકસાન કરવાના ગુનામાં પોલીસે રવિ ઉર્ફે રવિકાંત સોનાસિંગ રાજપુત, લાલજીભાઈ લાખાભાઈ માંકડીયા સહિત ૨૦૪ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ઈપીકો કલમ ૩૦૭, ૩૩૨, ૩૪૨, ૧૮૬, ૩૫૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૬, ૪૩૫, ૨૮૫, ૧૮૮, ૨૬૯, ૧૨૦ (બી) મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના વરેલીમાં ગઈકાલે તોફાની ઘટના બની હતી. જેમાં આ કામના આરોપી રવિ ઉર્ફે રવિકાંત સોનાસિંગ રાજપુત, પત્ની જયાબેન, શૈલેષ રાજપુત, કિરણ, અંકુશ ગુમ્માનાઓએ વતન જવા માંગતા પરપ્રાંતીયોને ઉશ્કેરી ગેરકાયદે મંડળી રચી પ્રાણઘાતક ડંડાઓ લઈ ટોળા સાથે વિસ્તારમાં નીકળી પથ્થરમારો તથા જાહેર મિલકતોનું નુકસાન, વાહનોની તોડફોડ, આગચંપી કરી હાલમાં કોરોના વાઈરસનું સંક્રમણ જેના કલેક્ટર સુરતનાઓના જાહેરનામાનો ભંગ કર્યો હતો. આથી પોલીસે ઉપરોક્ત આરોપી સહિત ૨૦૪ જણાંની ધરપકડ કરી છે. વિવિધ કલમ મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પરમીટ પાસ તા. ૧૭મી સુધી માન્ય ગણાશે

સુરત

નોવેલ કારોના વાયરસ (કોવીડ-૧૯)ના સંક્રમણને નિયંત્રણમાં રાખવા ભારત સરકારના ગૃહ મંત્રાલયના સમયાંતરે કરાયેલા આદેશ અનુસાર લોકડાઉનની મુદતમાં તા.૩/૫/૨૦૨૦થી તા.૧૭/૫/૨૦૨૦ સુધી વધારો થયેલ હોવાથી ચોર્યાસી મામલતદાર દ્વારા આપવામાં આવેલ પરમીશન તા.૧૭/૫/૨૦૨૦ સુધી માન્ય ગણવામાં આવશે. તથા પાસ રીન્યુ કરવા માટે નવી અરજી કરવાની રહેતી નથી. જેથી કચેરીનો સંપર્ક કરવો નહી. તેમ ચોર્યાસી તાલુકા મામલતદારશ્રી દ્વારા જણાવાયું છે.

પરપ્રાંતિય શ્રમિકોના વિસ્તારોમાં સુરત પોલીસનું સઘન પેટ્રોલિંગ

તોફાનની દહેશતને પગલે પરપ્રાંતીય વિસ્તારોમાં ચાંપતો બંદોબસ્ત

સુરત

ગઈકાલે પલસાણા તાલુકાના વરેલી ગામ અન સુરત શહેરના પાલનપુર પાટીયા વિસ્તારમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય શ્રમજીવીઓએ તોફાન મચાવતા સુરત પોલીસ એલર્ટ થઈ ગઈ છે. કોરોના વાયરસની મહામારીને કારણે સમગ્ર સુરત શહેર લોકડાઉન છે. ત્યારે આ કામદાર વર્ગ વતન જવાની માંગણી સાથે વારંવાર રોડ ઉપર ઉતરી આવે છે. જેને કાબુમાં કરવા સુરત પોલીસને નવનેજે પાણી ઉતરે છે. ગુજરાત સરકાર દ્વારા આ પરપ્રાંતીય શ્રમજીવીઓને વતન પહોંચાડવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઓરિસ્સા, યુપી સહિતના રાજય માટે શ્રમજીવી એક્સપ્રેસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાનમાં રાખીને ટ્રેન-બસોમાં નિર્ધારીત સંખ્યામાં મુસાફરો (શ્રમજીવી)ને મોકલવામાં આવી રહ્યા છે. પરંતુ સુરત શહેર અને જિલ્લામાં લાખોની સંખ્યામાં પરપ્રાંતીય શ્રમજીવીઓ હોય, કેટલાક શ્રમજીવી વિસ્તારોમાં લોકો રસ્તા ઉપર આવી જાય છે. ગઈકાલની બે ઘટનાને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ તંત્ર શહેરના ઔદ્યોગિક વસાહત વિસ્તારમાં ગઈકાલ રાત્રિ જ જડબેસલાક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધો છે. તેમજ રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આ વસાહત વિસ્તારના સ્થાનિક આગેવાનોના સતત સંપર્કમાં રહીને સરકારની માર્ગદર્શિકા મુજબ શ્રમજીવીઓને વતન મોકલવામાં આવી રહ્યા હોવાથી શ્રમજીવીઓને ધૈર્ય રાખવા માટે સમજાવવામાં આવી રહ્યા છે.

સમગ્ર લિંબાયત વિસ્તાર કવોરોન્ટાઈન જાહેર કરાયો

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ લિંબાયત ઝોનમાંથી મળી આવતા સમગ્ર લિંબાયત વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરી દેવામાં આવતા લિંબાયતને જોડતા તમામ માર્ગો પતરા લગાવીને બંધ કરી દેવામાં આવ્યા છે અને કન્ટેઈનમેન્ટ જાહેર થયેલા સમગ્ર લિંબાયત વિસ્તામરાં કડક લોકડાઉનના અમલ શરૂ કરી દેવાયા છે.

ઉત્રે ઉલ્લેખનીય છે આજે મંગળવાર તા. પમી મેના રોજ સવારે સુરત શહેરમાં વધુ ૧૭ કોરોના વાયરસ પોઝિટિવ કેસ નોંધાયા છે. અને કુલ કેસ ૬૯૭ જેટલા થયા છે. અને કુલ કેસમાં સૌથી વધુ કેસ લિંબાયત વિસ્તારમાંથી મળી આવ્યા હોવાને પગલે સુરત મહાનગર પાલિકા દ્વારા લાખોની વસ્તુ ધરાવતા સમગ્ર વિસ્તારને કોરોન્ટાઈન ઝોન જાહેર કરી દેવામાં આવ્યો હોવાથી સમગ્ર લિંબાયત વિસ્તારના માર્ગો બંધ કરી દેવામાં આવ્યાં છે.

ડેડીયાપાડાના સાકવા ગામના જંગલમાં ઝાડ કાપવા જનારને અટકાવનાર ઈન્ચા. ફોરેસ્ટર, મહિલા બીટગાર્ડને જાનથી મારી નાખવાની ધમકી




લાકડા કાપી જંગલ ચોખ્ખું કરી ખેતી કરવાના ઈરાદે જતા વ્યક્તિઓને અટકાવનાર વન કર્મીઓ સાથે ગાળાગાળી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લાકડા ચોરો નો આતંક દિવસે દિવસે વધી રહ્યો હોઈ હાલ વન વિભાગ સતત નજર રાખી જંગલ નો સફાયો કરવા ટેવાયેલા કેટલાક વીરપંનો પર બાઝ નજર રાખી તેમને અટકાવતા વન કર્મીઓ ઉપર હુમલા ની ઘટના વધી રહી છે ત્યારે આવા વિરપ્પનો સામે કાયદેસર કાર્યવાહી જરૂરી છે.

ગતરોજ ડેડીયાપાડા ના સાકવા ગામના જંગલમાં રાઉન્ડમાં નીકળેલા ઈન્ચા. ફોરેસ્ટર,મહિલા બીટગાર્ડ અને અન્ય રોજમદારો રાઉન્ડમાં હતા ત્યારે કેટલાક વ્યક્તિઓ હાથમાં કુહાડી લઈ જતા હોઈ તેઓ ઝાડ કાપવા જતા હોવાનું જણાઈ આવતા ઈન્ચાર્જ ફોરેસ્ટર અમરસિંગ ભાઈ નાનુભાઈ વાસવા એ તેમને અટકાવી જંગલ માંથી ઝાડ ન કાપવા નું જણાવતા ઝાડ કાપવા જતા ત્રણ પૈકી સુરજી રાયસીગભાઈ વસાવા, રાજેશ મોહનભાઈ વસાવા તથા નરેશ ગંભીરભાઈ વસાવા તમામ રહે સાકવા, તા. દેડીયાપાડા એ વન વિભાગ ના ઈન્ચાર્જ ફોરેસર, મહિલા બીટગાર્ડ અને અન્ય બે રોજમદારોસાથે ગાળાગાળી કરી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ઈન્ચાર્જ ફોરેસ્ટર અમરસિંગ ભાઈ વસાવા એ આ ત્રણેય વિરુદ્ધ ડેડીયાપાડા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

અહો આશ્ચર્યમ !! એ.સી ધારકોનુ વિજબિલ ઓછું અને પંખા ધારકોનુ બિલ વધુ આવતાં ગ્રહકો વિમાસણમાં



વિજ-મીટરમા ચેડાં કે DGVCLની કૃપાદ્રષ્ટિ! તપાસ નો વિષય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર મા DGVCL ના કેટલાંક ગ્રાહકો વિશેષ કૃપા દ્રષ્ટિ મેળવતા હોય તેવુ જણાય છે. ઘર મા એસી. ફ્રીજ, વોશીંગ મશીન સહીત ના ભારે વિજ ખાધ ધરાવતાં ઉપકરણો હોવા છતાં તેમના વિજબિલો નહીવત આવતા જણાયા છે જયારે એનાથી વિપરીત સામાન્ય રીતે બે પંખા, બે ત્રણ ટ્યુબ લાઈટ ધરાવતા ગ્રાહકો નુ વીજબીલ વધુ આવતુ હોવાની બુમો કેટલાંક ગ્રાહકો દ્વારા ઉઠવા પામી રહી છે.

આ વિરોધાભાસી બાબતો કંઈક અજુગતું બની રહ્યુ હોવાની ચાડી ખાઈ રહી છે, અને સામાન્ય સમઝ ધરાવતા લોકો ના ગળે ઉતરે તેમ નથી, DGVCL ના સત્તાધીશો આ બાબતે તપાસ કરી પગલાં લે તેવી માંગ ઉઠી છે. કારણ કે લોકો મા ચર્ચા મુજબ બિલ ફાડવા આવતા કર્મચારીઓ એક્ચુલ રીડીગ કરતા ઓછુ બિલ ફાડી ને ખાસ ગ્રાહકો ને રાહત પહોંચાડી રહ્યા છે...? અથવા વિજ મીટર મા કંઈક કારીગરી કરવામા આવી રહી હોવાની શંકા ઉઠી રહી છે.

DGVCL ની વિજીલંસ ટીમ દ્વારા સ્થાનિક વિભાગ ને જાણ કર્યા વગર ઓચીંતી રેડ કરવામા આવે તો ઘણા બધાં મોટાં માથાં ઝડપાઈ જવાની ભારોભાર શક્યતા રહેલી છે, આ બાબતે સુરત ડીવીઝન ખાસ ધ્યાને લઈ ને સત્વરે કામગીરી આદરે તે સાચા ગ્રાહકો અને કંપનીના હિતમા છે.

નર્મદા જિલ્લાની કોવિડ હોસ્પિટલ માંથી

અંતિમ મહિલા દર્દી સ્વસ્થ થતા રજા અપાઈ : નર્મદા જિલ્લામાં હવે એક પણ કોરોના દર્દી નથી



આગામી ૧૪ મી મે સુધી જો નર્મદા જિલ્લામાં નવો કોરોના કેસ નહીં આવે તો ઓરેન્જમાંથી ગ્રીનઝોન સમાવેશ થશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લોકડાઉન ના બીજા તબક્કામાં કોરોના એ દસ્તક દીધી હતી ત્યારબાદ ક્રમશઃ ૧૨ કોરોના દર્દીઓ નોંધાયા હતા ગત ૨૯ મી એપ્રિલના રોજ રાજપીપલા કોવિડ હોસ્પિટલ ખાતેથી કોરોના સામે જંગ જીતી સાજા થયેલા ૯ દર્દીઓ ને સન્માન સાથે રજા આપ્યા બાદ કોઈ નવો પોઝિટિવ કેસ નર્મદા જિલ્લામાં નોંધાયો નથી. નર્મદા જિલ્લામાં બાકી રહેલા બે દર્દીઓ પૈકી એક ડુમખલ ગામની મહિલા દર્દી ને શ્વાસ લેવામાં તકલીફ જણાતા ગત ૨૨મી એપ્રિલ ના રોજ વડોદરા ની ગોત્રી હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા ત્યારબાદ ગતરોજ ૧૨ દિવસ બાદ ડુમખલ ના મહિલા સવિતાબેન નટવરભાઈ સાજા થતા ગોત્રી ખાતેથી તેમને રજા આપવામાં આવી હતી. હવે આજે નર્મદા જિલલ્લા માં રાજપીપળા ખાતેની કોવિડ હોસ્પિટલમાં દાખલ ભદામ ગામના મહિલા દર્દી જે સાજા થતા તેમને પણ રજા આપવામાં આવી છે ત્યારે હાલ નર્મદા જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ નથી. લોકડાઉન ના ત્રીજા ચરણ માં ઓરેન્જ ઝોન માં રહેલા નર્મદા જિલ્લા માં જો આગામી ૧૪ મી મેં સુધી કોઈ પણ કોરોના પોઝિટિવ કેસ ન આવે તો આગામી સમય માં ગ્રીન ઝોન માં સમાવેશ થશે તેવી આશા સેવાઈ રહી છે

નિયમ મુજબ છેલ્લો પેશન્ટ આવે ત્યારબાદ ૨૧ દિવસ સુધી નવો પોઝિટિવ કેસ ન આવે તો જીલ્લા નો ગ્રીન ઝોન માં સમાવેશ થાય માટે આજે છેલ્લા દર્દીને રજા અપાયા બાદ નર્મદા જીલ્લો પણ હવે ગ્રીન ઝોન માં આવે તેવી આશા સેવાઈ રહી છે.

લોકડાઉન દરમિયાન રાજપીપળા શેલ્ટર હોમ માં રહેતા

૭૦ શ્રમિકો ને ગત રાત્રે પોતાના વતન મોકલવા તંત્ર દ્વારા ૩ બસો મોકલાઈ



સોમવારે રાત્રે ૭૦ શ્રમિકો ને ત્રણ એસટી બસ મારફતે રાજપીપળા થી વડોદરા મોકલાયા ત્યાંથી એ ટ્રેન મારફતે યુ.પી.રવાના થયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના ની વૈશ્વિક મહામારી ના સમયે પર પ્રાંતમાંથી ગુજરાતમાં આવેલા શ્રમજીવી ઓને ગુજરાત સરકાર દ્વારા તેમના વતન મોકલવાની ટ્રેન અને બસો દ્વારા ગોઠવણ કરવામાં આવી રહી છે. જેમાં લોકડાઉન દરમિયાન રાજપીપળા સેલટર હોમ ખાતે રોકાયેલા ૧૪૦ જેટલા મજૂરો ને પોતાના વતન મોકલવા તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ ના મજૂર ને વતન મોકલવામાં આવ્યા હતા અને બાકી રહેલા ઉત્તરપ્રદેશ ના ૭૦ જેટલા પરપ્રાંતીય શ્રમિકોને ગતરાત્રે તેમના વતન ઉત્તરપ્રદેશ મોકલવાની નર્મદા વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. સરકાર ના આ નિર્ણય થી શ્રમિકો માં આનંદ ની લાગણી જોવા મળી હતી જે સંદર્ભે ગત રાત્રે ત્રણ એસટી બસ દ્વારા તેમને વડોદરા મોકલવામાં આવ્યા હતા બાદ ત્યાંથી તેઓ રેલવે મારફતે ઉત્તરપ્રદેશ રવાના થશે તેમ નર્મદા જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક રાજેશ પરમારે જણાવ્યું હતું.

જુગારના રોકડા રૂ ૨૧૯૩૦/-નો ગણના પાત્ર કેશ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવ અટકાવવા સારૂ જીલ્લા કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાનો ભંગ કરતા ઈસમોને શોધી કાઢવા સતત પેટ્રોલીંગ તથા જીલ્લામાં બનતા પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃત્તિ ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના કરેલ છે અનુરાંધા નાયબ પોલીસ અધિક્ષક સી.આઈ.દેસાઈ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ. પી સિસોદિયા દ્વારા નીચે મુજબના જુગાર ધારાનો કેશ શોધી કાઢવામાં આવેલ છે. જેમાં અંકલેશ્વર શહેર પોસ્ટ વિસ્તાર હદમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમીદાર થી બાતમી મળેલ કે અંદાડા વાલીવાડ રોડ ઉપર આવેલ હેપી રેસીડેન્જરી ની પાછળ બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં પત્તાપાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી આધારે રેઈડ કરતા સ્થળ ઉપર હાજર ૬ આરોપી પૈકી (૧) હર્ષલભાઈ મોહનભાઈ ચૌધરી ઉવ.૨૩ રહે- મ, નં-૧૩૩ ઠેપી રેસીડેન્સી અંદાડા તા-અંકલેશ્વર જી.ભરૂચ (૨) મયુરભાઈ ઘનશ્યામભાઈ ભાવસાર ઉવ. ૩૦ રહે- મ.નં-૧૮ હેપ્પી રેસીડરશી અંદાડા તા-અંકલેશ્વર જી.ભરૂચ (૩)પૃથ્વીરાજ ગાઈ પાટીલ ઉવ. ૨૬રહે- મ,oi-૧૫ હેપ્પી રેસીડન્સી અંદાડા તા-અંકલેશ્વર જી.ભરૂચ (૪)સુરેશભાઈ ઉત્તમભાઈ પાટીલ ઉવ ૩૭ રહે- મ,નં-૧૫ હેપી રૈશી ૨૧ી અંદાડા તા-અંકલેશ્વર જી.ભરૂચ(૫) કમલેશભાઈ કરશનભાઈ સોલંકી ઉવ. ૩૪ રહે- મ, નં-૮૨ હેપ્પી રેસીડેન્સી અંદાડા તા-અંકલેશ્વર છે.ભરૂચ (૬) રાકેશભાઈ ઠાકોરમાઈ રોહિત ઉવ.૩૫ રહે- મ.નં-૨૦૭ હેપ્પી રેસીડન્સી અંદાડા તા-અંકલેશ્વર છે, ભરૂચ તેનોની અંગ ઝડતી માંથી તથા દાવ ઉપરથી મળી આવેલ રોકડા રૂ. ૨૧૯૩૦/- તથા પત્તા પાના ૨પવાના મુદામાલ સાથે પકડાઈ ગયેલ જે છ આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વડોદરા થી ભરૂચ ની હદમાં આવી નોવેલ કોરોનો વાયરસના

જાહેરનામાનો ભંગ કરનાર ૦૨ ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરતી ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ આજ રોજ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.પી.ઉનડકટ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો સાથે ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ માં હતા તે દરમ્યાન ભરૂચ જીલ્લા કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળેલ કે "બે ઈસમો વડોદરાથી ભરૂચ આવી સ્ટવન રેસીડન્સી વીડીયોકોન કંપનીની સામે ચાવજ ખાતે પોતાના ઘરમાં રહે છે.જે આધારે સદર જગ્યાએ જઈ ચેક કરતા બે ઈસમો મળી આવેલ જેની પૂછપરછ કરતા તેમણે પોતાનું નામ (૧) યક્ષેશકુમાર જગદીશભાઈ પટેલ ઉવઆ ૩૦ (૨) વૈશાલીબેન યક્ષેશકુમાર જગદીશભાઈ પટેલ ઉવઆ ૨૭ બંન્ને હાલ રહેવાસી મકાન નં ૧૮ સ્ટવન રેસીડન્સી વીડીયોકોન કંપનીની સામે ચાવજ તા.જી.ભરૂચ.મૂળ રહેવાસી ડી-૫૯૧ યોગી નગર ગોત્રી રોડ વડોદરા એ કોઈપણ સક્ષમ અધિકારીની પરવાનગી કે મંજૂરી વગર વડોદરાથી ભરૂચ ખાતે આવી પોતાના ઘરમાં રહેવા લાગેલ જેથી જાહેરનામાની અમલવારીનો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

લોકડાઉનમાં સુરતમાં ફસાયેલા હજારો રત્નકલાકારો માટે રાહતના સમાચાર

સુરતથી સૌરાષ્ટ્ર તરફ જવા કલેક્ટર મંજૂરી આપશે

વહીવટી અધિકારી મહેન્દ્ર પટેલ, કલેક્ટર ડૉ.ધવલ પટેલ અને રાજ્ય આરોગ્યમંત્રી કાનાણીની બેઠકમાં લેવાયેલો નિર્ણય

લક્ઝરી બસના સંચાલકોએ બુકિંગ મેળવી મંજૂરી લેવી પડશે : ઓલપાડ અને દેલાડમાં સ્કીનિંગ માટે ચેકપોસ્ટ ઉભી કરાશે

સુરત

સૌરાષ્ટ્ર જવા માંગતા સૌરાષ્ટ્રવાસીઓ માટે આજે રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી કિશોર કાનાણીની સાથે કલેક્ટર સહિતના પદાધિકારીઓની બેઠક મળી હતી. જે પૂર્ણ થયા બાદ ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સૌરાષ્ટ્રવાસીઓને વતન જવુ હોય તો કલેક્ટરની મંજૂરી લઈને જવાનું રહેશે. લક્ઝરી બસ મારફતે સોશ્યલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને લક્ઝરી બસો સૌરાષ્ટ્ર સુધી દોડતી કરવા માટે લક્ઝરી બસ એસોસિએશન સાથે પણ ચર્ચા કરવામાં આવી છે.

આવતીકાલથી સૌરાષ્ટ્ર જવા માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે. ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સૌરાષ્ટ્ર જનારા લોકોએ ફરજીયાત ૧૪ દિવસનો કોરોન્ટાઈનનો અમલ કરવો પડશે.

કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ધવલ પટેલ, વહીવટી અધિકારી મહેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી કિશોર કાનાણી (કુમાર) સહિતના પદાધિકારી-અધિકારીઓની બેઠકમાં સૌરાષ્ટ્રવાસીઓને વતન રવાના કરવા માટેની રૂપરેખા તૈયાર કરી નાંખવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ જે તે લક્ઝરી બસ ટ્રાવેલ્સ વાળાએ બુકિંગ મેળવીને કલેક્ટર કચેરી દ્વારા અપાયેલ પોર્ટલ ઉપર અરજી કરીને મંજૂરી લેવાની રહેશે. કલેક્ટર કચેરી દ્વારા જે તે જિલ્લાનાં કલેક્ટર કચેરી સાથે સંકલન કરીને જે તે જિલ્લાના કલેક્ટર કચેરીની સૂચના મુજબ લક્ઝરી બસોને સુરત કલેક્ટર કચેરી મંજૂરી આપશે. આ લક્ઝરી બસોના મુસાફરોનું સ્કીનિંગ કરવા માટે ઓલપાડ અને દેલાડ ખાતે બે ચેક પોસ્ટ ઉભી કરવામાં આવશે. જયારે મુસાફરોનું સ્કીનિંગ કરવામાં આવશે.

સુરતથી ઓડિશા, ઝારખંડ ઉપરાંત બિહાર માટે પાંચ શ્રમિક ટ્રેનો રવાના

સુરત

કેન્દ્ર સરકારના દ્વારા લોકડાઉનની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શ્રમિકોને તેમના વતન સુધી પહોંચાડવા દેશભરમાં 'શ્રમિક સ્પેશિયલ ટ્રેન' શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યારે આજરોજ દિવસ દરમિયાન ઓડીશાની ત્રણ અને બિહાર અને ઝારખંડની બે મળી કુલ પાંચ 'શ્રમિક સ્પેશિયલ ટ્રેનો'એ સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશન પરથી પ્રસ્થાન કર્યું હતું. સવારે ૧૦.૦૦ વાગ્યે, બપોરે ૦૧.૦૦, સાંજે ૦૪.૦૦, સાંજે ૦૭.૦૦ અને રાત્રે ૧૦.૦૦ વાગ્યે આ પાંચ ટ્રેનો શ્રમિકોને લઈને માદરે વતન રવાના થઈ હતી. જેમાં સુરત શહેર અને જિલ્લાના ૬,૦૦૦ જેટલા શ્રમિકો પરિવારજનો સાથે માદરે વતન જવાના રવાના થયા હતા. સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે શિસ્તબદ્ધ રીતે માસ્ક પહેરીને કેન્દ્ર સરકારના દિશાનિર્દેશ મુજબ શ્રમિકોએ ટ્રેનમાં સવાર થઈને વતનની વાટ પકડી હતી. બપોરે ૦૧.૦૦ કલાકની ટ્રેન માટે સુરત રેલ્વે સ્ટેશન પર શ્રમિકો સાથે પહોંચેલા ઓલપાડના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી બ્રિજેશભાઈ પટેલના સહયોગથી અમે ઓલપાડ અને સાયણ વિસ્તારમાં લોકડાઉનના કારણે ફસાયેલાં ફસાયેલાં શ્રમિકોને તેમના વતન પહોચાડવા કરેલી અસરકારક રજૂઆતના કારણે શ્રમિક ટ્રેનની તાત્કાલિક મંજૂરી મળી હતી. જેથી આજે ૧૫૫ ઓલપાડ વિધાનસભાના સાયણ વિસ્તારના ઓડીશા રાજ્યના ગંજામ જિલ્લાના ૧૨૦૦ શ્રમિક પરિવારોને ઓડીશા તેમના વતનમાં મોકલવાની વ્યવસ્થા કરવામાંઆવીછે.ટ્રેનમાંશ્રમિકો બેસે તે પહેલાં સંપૂર્ણ ટ્રેનને સેનિટાઈઝ કરી તેમજ તેમને નાસ્તો અને ફળો આપવામાં આવ્યા હતા. શ્રમિકો માસ્ક પહેરે તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને યાત્રા કરે તે માટે પ્રેરિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ધારાસભ્યશ્રી દ્વારા ઓડીશાના પ્રવાસી શ્રમિકોની કાળજી લેતાં તેમના માટે સુકો નાસ્તો, મિનરલ વોટરની બોટલ, વેફર, બિસ્કીટની કીટ તૈયાર કરી આપવામાં આવી હતી. લોકડાઉનના અમલ બાદ વતન જવા ઈચ્છતાં સુરતના શ્રમિકો ખુશખુશાલ જોવા મળ્યાં હતા. પ્રવાસ દરમિયાન પ્રવાસી શ્રમિકોને કોઈ પણ મુશ્કેલી ન પડે અનેરેલ્વેઅધિકારીઓનોસંપર્કકરી શકે તે માટે બે હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવ્યા છે.

ભરૂચના દહેજમાં આવેલી ટેગરોસ કંપનીમાં બ્લાસ્ટ થતા ૩ કામદારો દાઝ્યા

ભરૂચ

ભરૂચ જિલ્લાના દહેજમાં આવેલી ટેગરોસ કંપનીમાં સોમવારના રોજ રાત્રીના સમયે ચાલી રહેલી રાસાયણિક પ્રક્રિયા દરમિયાન બ્લાસ્ટ થતાં દોડધામ મચી ગઈ હતી. બ્લાસ્ટમાં કંપનીમાં કામ કરી રહેલા ત્રણ કામદારો શરીરે ગંભીર રીતે દાજી ગયા હતાં. ગંભીર રીતે દાઝેલા ત્રણેયને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલ ખાતે લવાયા છે. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડ લાશ્કરો સહિતના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચી બ્લાસ્ટ થવાનું કારણની તપાસ કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડાં દિવસો અગાઉ પણ આજ ટેગરોસ કંપનીમાં કંમ્પ્લેઈન વોલના કારણે ભીષણ આગ લાગવાથી મોટું નુકશાન થયું હતું.